# એ શી તરેહનું માણસ છે?



લેખક
શાંતિલાલ ખુ. ખ્રિસ્તી
આચાર્ય (નિવૃત્ત)

18BGAZ

# એ શી તરેહનું માણસ છે?

લેખક
શાંતિલાલ ખુ. ખ્રિસ્તી
આચાર્ય (નિવૃત્ત)
ન.પ્રા.શિ.સ. નડીઆદ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELT[illegible] 19012-[illegible]

પુસ્તકનું નામ : એ શી તરેહનું માણસ છે?

પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.

ફોન : ૬૪૪૫૨૮૧

લેખક : શાંતિલાલ ખુ. ખ્રિસ્તી

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ - ૨૦૦૧

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂા. ૩૦/-

મુદ્રક : સ્કીનડોટ પ્રિન્ટર્સ

૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે, મિરઝાપુર, અમદાવાદ - ૧.

ફોન : ૫૬૨ ૩૭ ૬૧.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHE

# અર્પણ

પરમ પૂજ્ય બાપુજી

સ્વ. ખુશાલભાઈ કુબેરભાઈ ખ્રિસ્તીને

પુનરુત્થાનની પ્રભાતે મળવા

અર્પણ

લેખક
શાંતિલાલ ખુ. ખ્રિસ્તી
આચાર્ય (નિવૃત્ત)
ન.પ્રા.શિ.સમિતિ.નડીઆદ

૨૫-૧૨-૨૦૦૦
૧૮/૨૨૬ ગુજ.હા.બોર્ડ
મીલ રોડ, નડીઆદ

# સ્વ. સુશીલાબહેન બીજલભાઈની સ્નેહસ્મૃતિમાં



## સ્વ. સુશીલાબહેન બીજલભાઈ

સુશીલાબહેનનો જન્મ તા. ૧૮-૬-૨૨ના રોજ ભરૂચ સી.એન.આઈ. ચર્ચના વડીલ સ્વ. બીજલભાઈ તથા સ્વ. લક્ષ્મીબહેનના ધાર્મિક કુટુંબમાં થયો હતો. તેઓ ચાર બહેનો અને એક ભાઈ હતાં. બાળપણથી જ ધાર્મિક શિક્ષણ મળવાથી જીવનના અંત સુધી એ વારસો ટકાવી રાખ્યો. તેઓ ખૂબ જ નમ્ર, પ્રેમાળ અને શાંત પ્રકૃતિનાં હતાં.

પ્રાથમિક શિક્ષણ ભરૂચમાં શરૂ કરી બોરસદ એમ.બી.એમ. ટ્રેનિંગ કોલેજમાં ૧૯૪૩માં પી.ટી.સી. પાસ થયાં. તેઓ ભણવામાં ખૂબ જ હોશિયાર હતાં. તેથી પી.ટી.સી. થયા પછી તેમને ત્યાં જ પ્રેકટીસીંગ સ્કૂલમાં શિક્ષિકા તરીકેની નિમણૂક આપવામાં આવી. બાળકોમાં ખૂબ જ ખંત અને પ્રેમથી સોંપવામાં આવેલ જવાબદારી નિભાવતાં.

સને ૧૯૪૫માં બેન્જામીન અમથાજી રાઠોડ સાથે અમદાવાદમાં તેઓના લગ્ન થયાં અને એમ તેઓ અમદાવાદમાં સ્થાયી થયાં. સને ૧૯૪૭માં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં શિક્ષક તરીકે જોડાયાં. તેમનો મિલનસાર સ્વભાવ, પ્રેમભર્યું વર્તન, કાર્ય કરવાની આગવી સુઝ-આવડત, પરોણાગત કરનાર, ધાર્મિક, પ્રાર્થનાવાદી, પ્રભુના મંદિરમાં નિયમિત હાજરી, આ બધા તેમના જીવનનાં સારાં ગુણો હતાં.

લગ્નજીવન દરમ્યાન ઈશ્વરપિતાએ તેમને બે દીકરા અને બે દીકરીઓ આપ્યાં બધા જ આજે સુખીછે. પોતાના કુટુંબો વસાવીને સ્થાયી થયાં. બાળકોનો પણ ધાર્મિક શિક્ષણમાં ઉછેર કર્યો. બાળકોને સારાં સંસ્કારી વારસો આપતા ગયાં અને તેઓને દાદીમા બનવાનું માન મળ્યું. બાળકોના બાળકોને પણ પ્રભુનું શિક્ષણ આપ્યું. ૧૯૮૦માં મ્યુ. સ્કૂલમાં આચાર્યા તરીકેની સેવા પૂરી કરતાં નિવૃત્ત થયાં.

તા. ૩૧-૫-૯૪ના રોજ હૃદય હુમલાના નાજુક હુમલામાં સદાને માટે પ્રભુમાં ઊંઘી ગયાં.

બેન્જામીન એ. રાઠોડ

રાઠોડ કોટેજ, ક્રિશ્ચિયન સોસાયટી,

બહેરામપુરા - અમદાવાદ.

# પ્રસ્તાવના

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા પ્રકાશિત થતા વૈવિધ્યસભર પ્રકાશનોમાં નવી જ ભાત પાડતું પુસ્તક એટલે શ્રી શાંતિલાલ ખુ. ખ્રિસ્તી રચિત "એ શી તરેહનું માણસ છે?"

નવા કરારમાં પ્રભુ ઈસુ સમુદ્રના ભયંકર તોફાનને શાંત કરે છે ત્યારે તેમના શિષ્યો આશ્ચર્યસહ પૂછે છે "એ શી તરેહનું માણસ છે કે પવન તથા સમુદ્ર પણ તેનું માને છે?" આજ કલમને આધારે લેખકે બાઈબલના જુદા જુદા પ્રસંગોને અને પ્રભુ ઈસુના ચમત્કારોને એવી સુંદર રીતે આલેખ્યા છે કે આપણે પોતે તે વિવિધ સ્વરૂપોના અનુભવો દશ્ય અને અદશ્ય રીતે માણી શકીએ છીએ.

"પ્રભુ ઈસુનો જન્મ", "ગભાણ", "શેતાની પરીક્ષણ", "કોઢ ગયો," "મહા શાંતિ", "એ તો પ્રભુ છે." અને "એ શી તરેહનું માણસ છે?" જેવા પ્રસંગોને વાર્તા સ્વરૂપે રજૂ કરી લેખકે પ્રભુ ઈસુના પૃથ્વી પરના સમગ્ર જીવનને પ્રદર્શિત કર્યું છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ પૃથ્વી ઉપર માનવ સ્વરૂપે આવ્યા તે આપણા સૌના માટે નક્કર હકીકત છે અને માનવી હોવા છતાં વિવિધ રીતે સૌને ઉપયોગી થયા છે. અને આજે પણ થઈ રહ્યા છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત અતિ નમ્ર હતાં. પરંતુ તેઓના જીવનનો ધ્યેય લોકોને ઈશ્વર કેન્દ્રિત બનાવવાનો અને તે હેતુસર પોતાના તરફ ખેંચવાનો હતો તેથી તેઓના વક્તવ્ય, શિક્ષણ, ચમત્કારો, આશ્ચર્યકર્મો તથા સમગ્ર જીવનમાં સ્વકેન્દ્રિપણું બીજા શબ્દોમાં ખ્રિસ્તી કેન્દ્રિતપણું જોવા મળે છે. જેના વગર તેઓના જીવનનો હેતુ સફળ થઈ શક્યો ન

હોત. આમ પણ આપણા જીવનનો સૌથી અગત્યનો અને કેન્દ્રનો પ્રશ્ન ઈસુ ખ્રિસ્ત કોણ છે? એના માટે મારી કઈ ધારણા છે એ પ્રશ્ન છે. જ્યારે શિષ્યોએ કાઈસારીઆ ફિલિપી આગળ આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં અનેકવિધ વિકલ્પો દર્શાવ્યા ત્યારે તેમણે પોતે કહ્યું 'તમે મારે માટે શું ધારો છો?' આ પ્રશ્નનો ઉત્તર સુજ્ઞ વાચકે આપવો રહ્યો.

આપણે સૌ મહાન તારનારને આપણા જીવનોનું અર્પણ કરીએ અને તેમના મહાન આશીર્વાદોમાં સહભાગી બનીએ.

આ પુસ્તકના પ્રકાશન માટે આ પુસ્તકના લેખક શ્રી શાંતિલાલ ખુ. ખ્રિસ્તી તરફથી તેમના પિતા શ્રી સ્વ. ખુશાલભાઈના સ્મરણાર્થે રૂા. ૨૫,૦૦૦/- નું ઉદાર દાન મળ્યું છે, જે બદલ સમગ્ર પરિવારનો આભાર માનીએ છીએ. તેમ જ આપણા મુરબ્બી શ્રી બેન્જામીનભાઈ રાઠોડ તરફથી તેમના પત્ની સ્વ. સુશીલાબહેન બીજલભાઈના સ્મરણાર્થે રૂા. ૫,૦૦૦/- મળ્યાં છે તે બદલ શ્રી બેન્જામીનભાઈ રાઠોડ તથા સ્નેહીજનોનો આભાર માનીએ છીએ.

દરેક ખ્રિસ્તી કુટુંબ આ પુસ્તક જરૂર ખરીદશે તેવી આશા છે.

રેવ. પ્રકાશ સીંગાડા

સેક્રેટરી

એપ્રિલ - ૨૦૦૧ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

## લેખકના બે બોલ



લેખક - શાંતિલાલભાઈ
ખુ. ખ્રિસ્તી

દશ્ય અને તાદશ્ય અનુભવો થયા છે. અને હજુ પણ થશે જ. કારણ કે એ દેવ પુત્ર હતો અને આજે છે જ. જે વાચક મિત્રોનો પણ એ જ અનુભવ પ્રભુ ઈસુ દ્વારા પ્રાપ્ત થાય અને જીવનમાં સત્યતાની ખાત્રી પામે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવા પ્રેરણા આપનાર ટ્રાક્ટ અને બૂક સોસાયટી તથા સ્વ. ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબનો હું આ તકે હૃદયપૂર્વક આભાર માનું છું કે તેઓએ આ કાર્યમાં મને વેગ આપ્યો.

એથી વિશેષ ખ્રિસ્તીબંધુના માન. તંત્રી શ્રીમતી જયવંતીબહેન ચૌહાને માસિક લેખ માળા પ્રસિદ્ધ કરી. મારી આ કલમને અને વિચારોને ઉત્તેજન આપ્યું છે. તથા પુષ્કળ પ્રોત્સાહન દ્વારા અનુમોદન આપ્યુંછે. જેથી હું વધુ ને વધુ લખતો થયો. અને આ એક પુસ્તક સ્વરૂપે બહાર પાડવા પ્રભુએ પ્રેરણા આપી. તેથી હું તેઓનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. તથા તેઓ અને ખ્રિસ્તીબંધુ તંત્રીમંડળ તથા વ્યવસ્થા મંડળનો ઋણી છું.

વળી આ બધામાં યોગ્ય સૂચનો, માર્ગદર્શનો તથા અભિનંદનો આપનાર મારા નિકટના સગાભાઈ સમા રેવ. સ્ટીવન એસ. દાસ તથા અન્ય અંગત મિત્રો વાચક મિત્રો, પાળક સાહેબો, અમલદારો,

તથા પીઢ અનુભવી આગેવાનોનો આ તકે આભાર માનું છું.

આ પુસ્તકની પ્રસિદ્ધિ માટે શ્રી છોટુભાઈ જી. પરમારે (ટ્રાક્ટ સોસાયટી) અથાગ પ્રયત્નો કરી, રેવ. નિકોલસ જી. પરમાર સાહેબે તેને અનુમોદન આપી મને બળ પૂરું પાડ્યું છે તે બદલ પણ ખૂબ ખૂબ આભાર.

આ ઉપરાંત આ પુસ્તક મારા પિતાશ્રીને અર્પણ કર્યું હોવા છતાં શ્રી છોટુભાઈ જી. પરમાર, નડિયાદ દ્વારા માન. શ્રી બેન્જામીનભાઈ એ. રાઠોડ સાહેબના સાહિત્ય પ્રેમી ઉદારદાન રૂા. ૫૦૦૦/- આપી મને આર્થિક મદદ પૂરી પાડી. સ્વ. શ્રી સુશીલાબહેનની યાદ દાસ્ત માટે મને એક તક આપી છે તે બદલ તેઓશ્રીનો હું આ તબક્કે ખૂબખૂબ આભાર માનું છું.

પ્રભુએ તાલંત આપ્યું અને તેની ફલશ્રૃતિ માટે મને પ્રભુએ જ સામર્થ્ય પૂરું પાડ્યું છે **"એ શી તરેહ નું માણસ છે"** નો સ્વાનુભવ માણવા ચાલો સૌ દેવપુત્ર પ્રભુ ઈસુ પાસે જઈએ અને હૃદયમાં પ્રભુનો આનંદ માણીએ.

લેખક
*શાંતિલાલ ખુ ખ્રિસ્તી*
આચાર્ય (નિવૃત્ત)
*ન.પ્રા.શિ.સ. નડીઆદ*

*ગુજરાત. હા. બોર્ડ, નડીઆદ*
*૧૮/૨૨૫, સુભાષનગર મીલ રોડ.*

# પ્રત્યુત્તરની પૂર્વે

**"એ શી તરેહનું માણસ છે?"** પ્રશ્ન પૂછતાં જરા વિચારવું જ પડે. અને સામી વ્યક્તિ પ્રત્યે શંકાભર્યા આશયમાંથી જ્યારે બહાર ડોકિયું થાય કંઈક નવો જ અનુભવ થાય.... કે તે વ્યક્તિનો પરિચય કોઇ અદ્‌ભુતતાથી થાય, ત્યારે આશ્ચર્યસહ સ્વાભાવિક પ્રશ્ન ઉદ્‌ભવે છે.

નવા કરારમાં પ્રભુ ઈસુના સંદર્ભમાં જ્યારે સમુદ્ર ઉપરના ભયંકર તોફાનને શાંત કરે છે, ત્યારે તેના શિષ્યો આશ્ચર્યચકિત થઇ **"એ શી તરેહનું માણસ છે?"** કહી પ્રભુ ઈસુ કોઈક અલૌકિક માણસ છે! એમ ત્યાં જ પુરવાર કરે છે.

એજ અનુબંધના ચક્કરમાં હું પડ્યો. પ્રભુના જીવનના પ્રસંગે પ્રસંગે સમયાનુસાર વિવિધ સ્વરૂપોના અનુભવો દૃશ્ય અને અદૃશ્ય રીતે પ્રદર્શિત કર્યા છે. તે જાણી, માણી, વાંચી મારા મુખથી પણ એ જ પ્રશ્ન થયો.....કે....

**"એ શી તરેહનું માણસ છે?"**

પેલા નાઝરેથ, યરુશાલેમ, બેથાનિયા, બેથલેહેમ અને ગાલીલવાસીઓના ઉદ્‌ગારો સાથે મારા એ ઉદ્‌ગારો ભળી ગયા. તેને કલમથી કંડારવાનું મન થયું. હૃદયપટ ઉપરથી સ્ફૂરેલા એ જીવન પ્રસંગોને આલેખવાનું મન લલચાયું ને વાર્તાલાપ સ્વરૂપે રજૂ કરવા પ્રેરણા થઈ. આ મારા અલ્પ પ્રયાસથી **"એ શી તરેહનું માણસ છે?"** (માથ્થી ૮-૨૭) ના પ્રત્યુત્તર રૂપે શ્રેણીબધ્ધ પ્રસંગો આલેખ્યા છે જ. પ્રભુ ઈસુ માણસ હોવા છતાં વિવિધ રીતે અન્ય સૌ કોઇને ઉપયોગી થયા છે અને આજે પણ છે, તે પવિત્ર શાસ્ત્રના મહાસત્યના આધારે પ્રદર્શિત કરેલા છે.

પ્રભુ ઈસુની મહાન કૃપા અને દયા થકી જીવનસંગ્રામ સાથે સાથે આ લેખ માળા પુસ્તક સ્વરૂપે પ્રગટ કરતાં હું મહા આનંદ સાથે ગૌરવ અનુભવું છું. એથી મારા અંગત જીવનમાં પણ **"એ શી તરેહનું માણસ છે?"** નો સ્વાનુભવ માણ્યો છે ને આ પુસ્તકના છેલ્લા લેખાંકમાં આપેલ આહ્વાન પ્રમાણે ઘણાં બધાં પાન ઉમેરી શકાય તેટલા બધા દૃશ્ય અને તાદૃશ્ય અનુભવો થયા છે. અને હજુ પણ થશે જ.

વાચકમિત્રો પણ એ જ અનુભવ પ્રભુ ઈસુ દ્વારા પ્રાપ્ત કરે અને જીવનમાં સત્યતાની ખાત્રી પામે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવા પ્રેરણા આપનાર ગુજરાત ટ્રાક્ટ અને બુક સોસાયટી, અમદાવાદનો હું આ તકે હૃદયપૂર્વક આભાર માનું છું.

એથી વિશેષ "ખ્રિસ્તીબંધુ" માં તંત્રી શ્રીમતી જયવંતીબહેન ચૌહાને માસિક લેખ માળા પ્રસિદ્ધ કરી મારી કલમને અને વિચારોને ઉત્તેજન આપ્યું તથા પુષ્કળ અનુમોદન આપ્યું જેથી ખૂબ જ પ્રોત્સાહન મળતાં લેખનકળા વિકસી છે. તેથી હું તેઓનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. તથા તેઓનો અને ખ્રિસ્તીબંધુ વ્યવસ્થા મંડળનો ઋણી છું.

આ બધામાં યોગ્ય સૂચનો, માર્ગદર્શનો તથા અભિનંદનો આપનાર મારા નિકટના સગાભાઇ સમા શ્રી રેવ. સ્ટીવન એસ. દાસ તથા અન્ય અંગત મિત્રો, વાચક મિત્રો, પાળકસાહેબો, તથા પીઢ અનુભવી આગેવાનોનો આ તકે આભાર માનું છું.

શરૂઆતથી અંત સુધી સર્વ પ્રસંગે પ્રભુ ઈસુનો મળેલો સથવારો વિચારોનો પ્રવાહ વહેતો રાખવા બદલ અંતઃકરણપૂર્વક દેવબાપ અને પ્રભુ ઈસુનો આભાર માનું છું.

હાસ્તો, તેણે જ આ તાલંત આપેલ છે. અને તેના મહિમા અને કાર્ય માટે વપરાય એ જ મારા મૂક મુદ્રાલેખમાં આપેલ સામર્થ્ય, ધીરજ માટે નતમસ્તકે સ્તુતિ કરી હૃદયથી ઓવારણાં સમર્પિત કરું છું.

ને હવે! આપણે સૌ **"એ શી તરેહનું માણસ છે?"** નો સ્વાનુભવ માણવા ચાલો સૌ ટોળા વચ્ચે ચાલ્યા જઈએ...! અને દેવપુત્ર પ્રભુ ઈસુના વિવિધ મનુષ્યત્વપણાના સ્વાનુભવો ચાખીએ.

**૨૫-૧૨-૨૦૦૦**
***નડીઆદ.***

**લેખક**
***શાંતિલાલ ખુ ખ્રિસ્તી***
**આચાર્ય**
***ન.પ્રા.શિ.સ. નડીઆદ***

# અનુક્રમણિકા


| અ.નં. | તરેહ | પા.નંબર |
|---|---|---|
| ૧. | અદ્‌ભુત જન્મ | ૧ |
| ૨. | ગભાણ | ૧૩ |
| ૩. | બાળક | ૨૦ |
| ૪. | શેતાની પરીક્ષણ | ૨૭ |
| ૫. | હાથ | ૩૨ |
| ૬. | "મારો મારો...!" | ૪૦ |
| ૭. | ઝભ્ભાની કોર | ૫૦ |
| ૮. | કોઢ ગયો | ૫૪ |
| ૯. | મહા શાંતિ | ૫૭ |
| ૧૦. | થૂંક | ૬૦ |
| ૧૧. | સેના | ૬૬ |
| ૧૨. | લાશ | ૭૯ |
| ૧૩. | "જૂઠા...! જૂઠા...!!" | ૯૪ |
| ૧૪. | "ભૂત...! ભૂત...!!" | ૧૦૨ |
| ૧૫. | અનોખું મૃત્યુ | ૧૦૭ |
| ૧૬. | પુનરુત્થાન | ૧૨૫ |
| ૧૭. | "એ તો પ્રભુ છે...!" | ૧૩૭ |
| ૧૮. | એ શી તરેહનું માણસ છે? | ૧૪૬ |

# ૧

# અદ્‌ભુત જન્મ

નાઝરેથ ગામનો ચોપાટ. ગામના જુવાનિયાઓ ટોળે વળ્યા! ઠઠ્ઠા, મશ્કરીઓ અને ટીખળની જબરી રમઝટ...!

બબ્બે વર્ષનાં વહાણાં વાયાં....!

આમેય વાત તો ભૂલાઈ જવી જ જોઈએ. પણ માનવ સ્વભાવ હમેશાં ટીખળી અને નિંદાયુક્ત બાબતો જરૂર યાદ રાખે જ...!

મઝા આવે ને....?...!

પછી દેડકાનો જીવ ભલે ને જાય....!

ટોળા ટપ્પામાં એક જુવાને ધીરે રહી : "લ્યા, પેલો યૂસફ તો તેની વહુને લઈને ગયો તે ગયો જ. પછી તેનું શું થયું? તેનું કંઈ જાણ્યું ખરું?" કહી દબાઈ ગયેલી વાત ઉખેળવા પ્રયત્ન કર્યો.

"હાલ્યા...! તેનું કંઈક તો થયું જ હશે!"

"એવો તો મમરો મૂક્યો તો કે....!"

"પણ..., ખબર નહીં, વળી પાછું શું સૂઝયું કે તેને તેડીને જ નામ નોંધાવા ચાલ્યો ગયો."

"અલ્યા, આપણેય બધા ગયા હતા. અને આખું ગામ ગયું હતું. પણ આખી દુનિયા પાછી આવી. પણ તે તો...?"

"અલ્યા....ભ....ઈ...સાંભળ્યું  છે કે...!"

"લે...! હવે સાંભળ્યું જવા દે...! કંઇ નક્કર હકીકત હોય તો કહે...!"

"તો જો સાચું જાણવું હોય તો...ચાલો, ખાત્રી કરીએ."

"પણ...ક્યાં જઈશું? હજુ તો તે આવ્યો જ નથી."

"કેમ ક્યાં....? યરુશાલેમમાં મેં તેઓને ખુદ નજરોનજર જોયાં હતાં!"

"ત્યાં જઈશું....?"

"હે...તેં ત્યાં તેઓને જોયાં હતાં?"

"તેઓ ત્યાં કેમ આવ્યાં હતાં?"

"અરે! આઠેક દિવસના બાળકને મરિયમે લીધો. સાથે યૂસફ પણ...! તેઓ પેલા બાળકનું નામ પડાવવા અને સુનત કરાવવા આવ્યા હતાં. તેવું મેં જાણ્યું હતું. માટે...."

"તો ત્યાં યાજક પાસે જઈ ખાત્રી તો કરીએ."

"હાસ્તો...!"

"પણ, એમ એવા ધાર્મિક યાજકને મળી આપણે શું પૂછીએ?"

"થોડી ત્યાં મશ્કરી મજાક થાય!"

"પણ, ચાલો તો ખરા...!"

"હા...હા...ચાલો....જઇએ....!

નક્કી કર્યા પ્રમાણે આખું ટોળું નાઝરેથથી ૭૪ માઇલ દૂર યરુશાલેમ તરફ મજાક, મશ્કરી, ટોળાં ટપ્પાં કરતું કરતું....સૌ પ્રથમ મંદિરમાં આવ્યું.

"અલ્યા, ભાઈઓ જુઓ આ મંદિર છે. હવે અહીં ખૂબ જ સિફતથી અને શાંતિથી એવી વાતો કરો કે કોઈને ખબરે..ય..ન પડે."

"હા...આપણે તેના ટીખળીઓ છીએ તેવું કોઈ ન જાણે હોં...?

નહીં તો યાજક અને ધાર્મિક માણસો ઉશ્કેરાશે. અને ધાંધલ ધમાલ થશે. માટે સાવ અજાણ્યા થઈને એવું તો પૂછો કે યાજક તો શું પણ કોઈને ખબરેય ન પડે." એક આધેડ ઉમરનાએ સલાહ આપી.

"હાસ્તો...એવી રીતે વાત કરો કે ગમે તેવી ધાર્મિક વ્યક્તિ બંધાઇ જાય. અને આપણી વાતનો જવાબ આપી ન શકે. તેથી તેઓ પોતે છોભીલા પડે! કેમ ખરું ને?..!"

"હાસ્તો આપણા પ્રશ્નો દ્વારા યૂસફ તેનો પુત્ર અને મરિયમની ઠેકડી અને પૂરી મજાક...!"

"ને ધાર્મિક પુરુષો બંધાય...!"

"જુઓ, પેલા સામે મોટાં થોથાં શાસ્ત્રો જેવાં જ સ્તો, લઈને બેઠા છે. તેઓની પાસે જ જઈએ."

"ને ધીમે રહી તેમની પાસે જ ગોઠવાઇએ."

"હા...હા...પેલા સામે વચ્ચે લાંબી સફેદ દાઢીવાળા બેઠા છે. તે તથા બાજુમાં પેલાં ઘરડાં બહેન બેઠા છે. તેમને જ મળીએ. તેઓએ જ એ છોકરાંને વારાફરતી ખોળામાં લીધો હતો." જાણકારે ખાત્રીની વાત કરી.

"તો તો...તું પ્રથમ પ્રશ્ન પૂછ...!"

"હા...હું જ પ્રશ્ન પૂછું છું. બાકીના બીજા પ્રશ્નો તમો સૌ તૈયાર રાખજો..."

"હા...હા...અમો તૈયાર જ છીએ."

તેઓ સૌ પેલા યાજકની પાસે ચૂપચાપ બેસી ગયા. સૌ શાંત એકબીજાની સામે જૂએ. પછી સૌ કેમ આવ્યા છે એના પ્રતીકરૂપે પેલા

જુવાને સફેદ દાઢીવાળા યાજકને ધીમેથી પણ ખૂબ જ અદબથી પૂછ્યું : "વડીલ...મને એક વાત યાદ આવે છે કે આજથી બે વર્ષ પહેલાં આ સ્થળે નાઝરેથનાં બે જણ આવ્યાં હતાં. તેઓની પાસે આઠેક દિવસનું બાળક હતું. તેને તમોએ લઇને રમાડ્યું હતું. અને કંઈક કહેતા હતાં. જો કે હું તો ખૂબ દૂર હતો તેથી કંઈ સાંભળ્યું ન હતું. પરંતુ હું તેઓને ઓળખી શક્યો હતો. તેઓ તો નાઝરેથનાં યૂસફ અને મરિયમ હતાં. તો તેઓ બંને ત્યાર પછી...?" જાણકાર જુવાને ઇંતેજારીપૂર્વક પૂછ્યું.

"ક્યાં ગયાં એમને...?" વૃદ્ધ યાજકે પ્રશ્નને પૂરો કર્યો.

"હા..!"

"તેઓ તો પછી પાછાં ગયાં હતાં. પણ આજે બે વર્ષે તેનું શું છે?"

"વડીલ તેઓ અમારા ગામનાં હતાં. અને બબ્બે વર્ષ થયાં તોપણ પાછાં આવ્યાં જ નથી."

"તેઓ તો બન્ને લગ્ન વગર...!"

"માટે તો....હજુ સુધી દેખાયાં નથી."

"માટે અમો તેઓને શોધવા તથા તેઓનું શું થયું તે જાણવા આવ્યા છીએ."

"અરે! એ બાળક થયો છે તે પણ મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે....!..."

"અરે! જુવાન...શું તેં મૂસાની વાત કરી. કેવળ ધાર્મિકતાનો ડોળ દેખાડી પવિત્ર યૂસફ અને મરિયમ વિષે આમ...!" એલી યાજક સમજી જાય છે.

"બોલતો નહિ...ચૂપ રહે! તે બાળક તો આદમના વખતથી

આપણ સૌને માટે નિર્માણ કરેલો હતો જ..." હાન્ના પ્રબોધિકાએ વાત પૂરી કરી.

"હે...? આદમથી? એ શી રીતે?"

"ચૂપ રહે...! જો આ નિયમશાસ્ત્ર. જ્યારે આદમ અને હવાને એદનવાડીમાંથી કાઢી મૂક્યાં ત્યારે પવિત્ર ઈશ્વરે દયા લાવી એક ઉદ્ધારનાર અવતરશે અને શેતાન-પાપનો નાશ કરશે. એવું સ્પષ્ટ જાહેર કર્યું હતું. લો, હાન્નાબહેન આ વાંચો." વૃદ્ધે સ્પષ્ટતા કરવા નિયમશાસ્ત્ર હાન્ના પ્રબોધિકાને આપ્યું.

"તારી ને સ્ત્રીની વચ્ચે તથા તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ. તે તારું માથું છૂંદશે ને તું તેની એડી છૂંદશે." શાસ્ત્રભાગ હાન્ના પ્રબોધિકાએ વાંચ્યો.

"જોયું ને! શેતાન ગમે તેટલી યુક્તિ પ્રયુક્તિઓ કરશે છતાં આખરે તેનું માથું છૂંદાશે. તેનો પરાજય થશે એ નક્કર હકીકત છે." હાન્નાએ વધુ સ્પષ્ટતા કરી.

"હવે આ તો ખૂબ જૂની વાત કરી. પણ ત્યાર બાદ તેનું તો કંઈ જ થયું નથી."

"અરે! આદમથી ૨૦મી પેઢીએ ઇબ્રાહિમને પણ ૧૦૦ વર્ષની વૃદ્ધાવસ્થાએ પુત્ર આપ્યો. અને તે જ ફળમાં તારણ - આશીર્વાદની વૃષ્ટિ થશે તેવી ખાત્રી ઉચ્ચારી." વૃદ્ધ યાજકે ગુઢાર્થ કહ્યો.

"તો એ ઇબ્રાહીમ પછી આજ સુધી કંઈ જ બન્યું હોય એમ જણાયું નથી. તો આ બાબત પૂરી થઈ છે એમ તમો શાથી કહો છો?" જુવાને શંકાસ્પદ પ્રશ્ન પૂછ્યો.

"કેટલી બધી પેઢીઓ અને સમય થયો."

"એમ કેમ માની લેવાય?

"ત્યાર પછી તો કેટલાં બધાં કુળ, જાતિ, વંશ, તથા લોકો થઈ ગયાં. તો તે આજ યૂસફ મરિયમ છે. એમ કેમ માની લેવાય?"

"અરે! જુવાનો શાંત રહો...! સાંભળો...! ઈશ્વરે કુળ અને વંશ પણ ચોક્કસ કરેલ છે."

"આ બાળક ગમે તેમ દુન્યવી રીતે જન્મ્યો નથી. તમારે તેને વિષે વધારે વાત જાણવી છે?"

"હા, કહો તો ખરાં....એ કયા કુળમાં જન્મવાનો છે, ને તે શું અત્યારે ખરેખર સાચું છે?"

"જુઓ, આ ખુલ્લું પુસ્તક છે. તેમાં તેના કુળ વિષે લખ્યું છે. એ આ રહ્યું. વાંચો હાન્નાબહેન."

"સિલોહ નહિ આવે ત્યાં સુધી યહૂદામાંથી રાજદંડ ખસશે નહિ." હાન્ના પ્રબોધિકાએ વાંચ્યું.

"જોયું ને? ઈશ્વર યહૂદાહ કુળમાં સિલોહ આવવાની આગાહી કરે છે અને એમ ઈશ્વરનો પુત્ર ચોક્કસ યહૂદાહના કુળમાં આવશે. તે ચોક્કસ છે."

"હા...હવે એથી બીજું કંઈ છે કે પછી ગુઢાર્થનો મેળ બેસાડી અમને કેવળ જુવાનો જાણી મૂર્ખ સમજો છો."

"ના...ના... જુઓ અહીં બીજા એક યશાયા પ્રબોધકે પણ ખૂબ જ સ્પષ્ટ જણાવ્યું છે."

"કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે. આપણને પુત્ર આપવામાં

આવ્યો છે. તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે. અને તેને અદ્‌ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા અને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે."

........"શાંતિનો પાર રહેશે નહિ." હાન્નાબહેને નિયમશાસ્ત્રનો ભાગ શાંત ચિત્તે વાંચ્યો.

"જુવાનો, પુત્ર અવતરશે એ હજારો વર્ષ પહેલાં કહેલી વાત હાલ પૂર્ણ થયેલી છે જ. એના અમો પણ સાક્ષી છીએ." હાન્નાબહેને સચોટતા દર્શાવી.

"હા...જોયું ને? આપણે ઉધ્ધારનાર, ઇબ્રાહિમના કુળમાં યહૂદાહમાં છોકરો અવતરશે. અને તેના સ્વભાવ પ્રમાણે તે ન્યાય તથા શાંતિ સ્થાપશે. તો આપણે એ પુત્ર કે મા-બાપ પ્રત્યે શંકા કેમ લાવીએ?" વૃદ્ધ શીમઓને ટૂંકમાં સમજાવ્યું.

"પણ...એ તો ઇબ્રાહીમની વાત થઇ. પરંતુ મારા સાંભળવામાં આંવ્યું છે કે તે તો દાઉદપુત્ર હશે તો એ ખોટું છે?" એક જુવાને શાસ્ત્રના આધારે શંકા જણાવી.

"હા...એ તમારી વાત સાચી છે. અને આ શાસ્ત્રમાં એની પણ પૂર્તિ છે જ કે તે દાઉદપુત્ર હશે જુઓ આ રહ્યું : ઇબ્રાહીમથી ૧૪મી પેઢી દાઉદ રાજા, દાઉદ રાજાથી બાબિલોન બંદીવાસ સુધી ૧૪ પેઢી અને ત્યારથી આજ સુધી ૧૪મી પેઢીએ કુલ ૬૨મી પેઢીએ આ યૂસફ છે. જે આદમથી આજ સુધી. આમ આ ભવિષ્યવચન પ્રમાણે અને પ્રબોધકોએ જે કહ્યું છે તે પ્રમાણે નાઝરેથના રાજવી કુટુંબમાં આ પુત્ર થયો છે તે બરાબર છે, જે દાઉદપુત્ર જ કહેવાય." શિમઓને શાસ્ત્રના આધારે સ્પષ્ટતા કરી.

"એ વાત તો માની પણ એના જન્મસ્થળ વિષે એવું કંઈ ખરું...?"

"હવે એવું બધું ના...હોય!"

"હોય...! જુવાનો એમ શંકા ન લાવો. તે અંગે પણ ભવિષ્યવાણી સ્પષ્ટ છે જ."

"જુઓ....આ રહી. હે બેથલેહેમ એફ્રાથાહ, જો કે તું એટલું નાનું છે કે યહૂદાહનાં ગામમાં તારી કંઈ ગણતરી નથી. તોપણ તારામાંથી મારે માટે એક એવો પુરુષ ઉત્પન્ન થશે, કે જે ઇસ્ત્રાએલમાં અધિકારી થવાનો છે. જેનો આરંભ પુરાતનકાળથી, હા અનાદિકાળથી છે..." હાન્નાએ અક્ષરેક્ષર વાંચી ખુલાસો કર્યો.

"સાંભળ્યું ને? બેથલેહેમમાં એ દેવી પુત્રનો જન્મ થશે. તે આજે આપણે સૌ જાણીએ છીએ. ને તે વાતને પણ બે વર્ષ થયાં છે. જે પુરાતનકાળની ભવિષ્યવાણી પૂર્ણ થયેલ છે." શિમઓને હાન્નાની વાત સ્પષ્ટ કરી.

"અલ્યા, ભાઈઓ... આ વૃદ્ધ કાકાએ તો ખરું કહ્યું. મને તો આ વાતમાં કંઈક તથ્ય લાગે છે. હું તો આ બેઠો!" કહી જુવાન વધુ ઇંતેજારીપૂર્વક બેઠો.

"હા...લ્યા...! કંઈક જાણવા જેવું તો ખરું હો...!"

"લ્યા...જરા બેસો તો ખરા...!"

"હા...કાકા...તો હું એક પ્રશ્ન પૂછું..?"

"હા..હા... પૂછો...! છે કોઈ શંકા...?" હકારાત્મક માથું ધુણાવી પૂછવા ઈશારો કર્યો.

"તો એ નામ કેવી રીતે પાડ્યું? આપણે યહૂદી પ્રજામાં આવું કોઈ નામ....?

"હા...એ વાત સાચી છે. પણ એ અંગે પણ ઈશ્વર-દેવ તરફથી મળેલ વાણી-ઈશારો કે સંકેત જ છે. કંઇ એમ મનસ્વી રીતે નામ પાડેલ નથી હોં...!" એક ત્રીજી વ્યક્તિએ થોડી જાણકારી વ્યક્ત કરી.

"અરે! જુવાનો આ ભાઇની વાત તદ્દન સાચી છે."

"પણ...મરિયમ તો કુંવારી હતી. યૂસફની તો કેવળ સગાઇ જ થઇ હતી. તો પછી આ તો બધું શંકાસ્પદ અને અઘટિત છે. છતાં તમો એને સાચું કહો છો? એ કેવું?" એક જુવાને ખરી હૈયાવરાળ કાઢી.

"અરે! જુવાનો હજુ પણ શંકા છે. પરંતુ તમો તો નાદાન બુદ્ધિના......શાસ્ત્રની વાતો ક્યાં જાણવા-સમજવા ઇચ્છો છો? જુઓ આ શાસ્ત્ર ભાગ : જુઓ કુમારી ગર્ભવતી થશે ને તે પુત્ર જણશે. અને તેનું નાંમ તે ઈમાનુએલ પાડશે. : આ ભવિષ્યવાણી મરિયમના હકમાં પૂરી થઇ છે. જેના સંદર્ભમાં ઘણી કુમારિકાઓ આશામાં જીવતી હતી. માટે આ મરિયમ પવિત્ર અને ઈશ્વરથી કૃપા પામેલ બની. જે યૂસફ કે અન્ય પુરુષના સંસર્ગથી નહીં પણ ઈશ્વર દ્વારા પવિત્ર આત્માથી આચ્છાદિત થઇ ગર્ભ ધરી આ પુત્રનો જન્મ આપેલ છે. તે સત્ય છે." શિમઓને સર્વ શંકા દૂર કરવા પ્રયત્ન કર્યો.

"અરે! કાકા...અહીં તો ઈમાનુએલ નામ જણાવ્યું છે. પણ મેં તે દિવસે તો તેનું નામ ઈસુ...તમે...મસીહ એવું કંઇક પાડ્યું છે. તો તે.....?"

"જુવાન....તું સાચો છે. તેનું સુનત કરતી વખતે મેં યૂસફ અને મરિયમના કહ્યા પ્રમાણે ઈસુ પાડ્યું હતું. પણ તમો સાંભળો. આ ઈમાનુએલનો અર્થ દેવ આપણી સાથે છે. એટલે તેના સંદર્ભમાં એને ઈસુ તરીકે બન્નેને દેવદૂત દ્વારા સ્પષ્ટ જાણ કરેલ માટે એ નામકરણ મારે કરવું પડ્યું."

આજના વાચક મિત્રને પણ જરૂર શંકા થાય જ...! પણ "હે મરિયમ...બી..મા..! કેમ કે તું દેવથી કૃપા પામેલી છે. જો તને ગર્ભ રહેશે. અને તને દીકરો થશે ને તું તેનું નામ ઈસુ પાડશે." ગ્રાબ્રિએલ દૂતે મરિયમને દર્શન દઈ તથા યૂસફની શંકા દૂર કરવા એ જ દૂતે દર્શન દઈ સ્પષ્ટતા કરી જ છે. : "ઓ દાઉદના દીકરા તારી પત્ની મરિયમને પવિત્ર આત્માથી દીકરો થશે ને તું તેનું નામ ઈસુ પાડશે." કહી વાસ્તવિકતા પ્રગટ કરેલ છે જ. અને એમ ઈશ્વરનું આયોજન, યોજના પોતે કરેલ સ્ત્રી દ્વારા પુત્રજન્મની પ્રણાલિકા કે વર્ષોથી ભાખેલ ભવિષ્યની પૂર્ણતા ને યૂસફની શંકાનો અંત અહીં આવે છે. તે શિમઓન જુવાનોને મૌખિક પણ સત્ય બાબત સમજાવે છે.

"હા...ભઇલાઓ...શેતાનને હણવા, પાપીઓને તારવા શાંતિનું રાજ્ય સ્થાપવા આ તારણનું શીંગ અમે નજરોનજર જોયું છે. અને પવિત્રઆત્મા દ્વારા અમોને એ અંગે સંતોષ થયો છે. તે હકીકત છે." હાન્નાએ પણ વાસ્તવિકતાની ફલશ્રુતિ પ્રદર્શિત કરી.

"હા...મારા જુવાનો તમો જે શંકાકુશંકા લાવી મરિયમ, યૂસફ અને એ પુત્ર વિષે મજાકમશ્કરીઓ કરો છો કે પછી અવિશ્વાસુ છો. તો તે હવે દૂર કરો. અને આ અદ્‌ભુત જન્મેલ બાળ ઈસુ પર અને તેના મા-બાપ પરની શંકા દૂર કરો. તમો જે ટીખળ કે મશ્કરીઓ કરવા માગો છો તો તે વ્યર્થ અને ખોટાં છે. તો આ બધી બાબતોથી હવે સમજો. અને એ પુત્ર ઉપર વિશ્વાસ કરો કે તે દેવનો પુત્ર છે." સીધી સલાહ આપી અને જુવાનોને ચેતવ્યા.

ત્રીજા આગતુંકે : "અરે! મેં તો ભરવાડો અને માગીઓને પણ ઈશ્વરના સંકેતથી કે દૂતના દર્શન દ્વારા આ પુત્રના જન્મની વધામણી

આપી જ હતી. તેઓ ભજન કરવા પણ દૂર દૂરથી અને અરણ્યમાંથી આવ્યા હતાં." જાણેલી સત્ય ઘટના બે વર્ષ પહેલાંની યાદ કરી આ વાતચીતમાં સૂર પૂર્યો.

"સાંભળ્યું ને...? તો હવે ટોળ ટપ્પાં બંધ કરો. સમય ન બગાડો અને તે દેવના પુત્ર ઉપર વિશ્વાસ કરો." હાન્નાએ આખી વાતની હવે પૂર્ણતા આણી.

"હા....લ્યા, મિત્રો, આપણે આટલી બધી સત્ય અને ઈશ્વરપ્રેરિત ઘટના જાણી. સત્યતાની પૂર્તિ જાણી પછી હવે એ મજાક મશ્કરી બંધ..! ને હું તો એ દેવના પુત્રને.....યૂસફ મરિયમને શોધીશ..." એક જુવાને ગંભીર થઈ નિર્ણય જાહેર કર્યો.

"મને પણ આ બાબત હવે ગળે ઊતરે છે કે આ બધી ભવિષ્યવાણીઓની પૂર્ણતા એ જ યૂસફનો પુત્ર નહિ પણ દેવનો પુત્ર છે. માટે હું મારી મૂર્ખાઈ બદલ પસ્તાઉં છું. અને એ દેવપુત્ર પર જરૂર વિશ્વાસ કરું છું." બીજાએ પણ પસ્તાવો જાહેર કર્યો.

"અરે! તમોએ તો તમારો નિર્ણય જાહેર કર્યો. પરંતુ હું તો આ બધી બાબતો સાંભળી અવાક જ થઈ ગયો છું. અને ઘેરથી નીકળી જે દ્વેષ અને શંકા હું લઇને આવ્યો હતો. તે તો ક્યારનાં ઓસરી જ ગયાં છે. અને ચૂપચાપ સાંભળી વિસ્મય જ બન્યો છું. કે આ તે કેવો પુત્ર કહેવાય કે આટઆટલી ભવિષ્યવાણીઓ, ખાત્રીઓ, વચનો, નિર્ણય અને ગામ, શહેર, પ્રાંત, રાજ્ય, કુળ, વંશ કે ઘર કે કુંવારિકા વગેરે શબ્દેશબ્દની પૂર્ણતા થયેલ છે. તથા તે કાર્ય અંગે પણ સ્પષ્ટતા થઈ છે. તે કેવી અદ્ભુત બાબત કહેવાય...! કેવો અદ્ભુત જન્મ કહેવાય...! એ શી તરેહનું બાળ-પુત્ર-માણસ છે? કે આ બધી બાબતો તેના હક્કમાં પૂર્ણ થઈ છે.

અરે! તેના દર્શનાર્થીને જાણકારી સંકેત કે દૂત દ્વારા...! આ બન્ને વૃદ્ધ કે તેની વાટ જોનાર અને વાસ્તવિકતા પ્રદર્શિત કરનાર સાક્ષાત હોઇ એ ઈસુ કઇ તરેહનું બાળક માણસ કહેવાય...?

આ અદ્દભુત જન્મેલ દેવપુત્ર ઈસુ, તે ભલે સામાન્ય વ્યક્તિને શી તરેહનો ન સમજાય પણ તે સાચે જ દેવપુત્ર તારણ કરનાર છે. તો તેને હું આજથી મારું જીવન સોંપું છું" લાંબી પ્રસ્તાવના અને વાસ્તવિકતાનો સ્વીકાર કરી એક જુવાને પોતાનું સ્વાર્પણ કર્યું. અને સૌએ પણ સોંપ્યું.

હા...વાચકમિત્રો, એ અદ્દભુત જન્મેલ દેવ પુત્ર પ્રભુ ઈસુ તરેહ તરેહનો હોઈ આપણ સૌનું તારણ કરનાર છે. આજે જ તેને સોંપાઈ જાઓ.

૧. ઉત્પત્તિ : ૩ : ૧૫ : પુત્ર - શેતાન હણનાર - જન્મશે.

૨. માથ્થી ૧ : ૧ થી ૭ : વંશાવળી.

૩. રાજદંડ - શિલોઆહ : ઉત્પત્તિ ૪૯ : ૧૦

૪. આપણે સારુ છોકરો....યશાયા : ૯ : ૬ અને ૭

૫. જન્મસ્થળ પ્રાંત : મિખાહ : ૫ : ૨

૬. કુમારીને પેટે તથા નામ.....યશાયા ૭ : ૧૪

૭. ઈસુ નામ તથા જન્મની વધામણી માથ્થી ૧:૨૩, લૂક ૧:૩૦ થી ૩૧

૮. ભરવાડો....ગરીબો....લૂક ૨ : ૧૦ થી ૧૨

૯. માગીઓ.....જ્ઞાનીઓ માથ્થી ૨ : ૯ થી ૧૧, ગી.શા. ૭૨ : ૯ થી ૧૧ યશા. : ૬૦ : ૬

# ગભાણ

## ૨

આખા બેથલેહેમમાં માનવ મહેરામણ ઊભરાયો છે. જ્યાં ને ત્યાં પોતંપોતાનાં નામ લખાવવા લોકો દૂર દૂરથી આવેલા....તેનો થાક ઉતારવા ઉતારાની વ્યવસ્થામાં પડ્યા છે. આખા શહેરમાં ચોરે ચૌટે શાળા મહાશાળામાં, સગાંસ્નેહીના ઘેર, ચબૂતરે, વાડી કે ધર્મશાળાંમાં પોતપોતાનું સ્થાન જમાવવામાં જ મશગૂલ છે. અને બીજે દિવસે વારાફરતી વસ્તી ગણતરીમાં પોતપોતાનું નામ નોંધાવવા સ્તો..!

ત્યાં યૂસફ અને મરિયમ પણ આવેલા છે. માંડ માંડ એક ધર્મશાળાના ખૂણામાં નાની સરખી ગભાણ સ્વચ્છ કરી, પૂળા અને પરાળવાળી સાફ કરી, છાણ-મૂત્રની ગંદકી સ્વચ્છ કરી નિરાંતનો દમ ખેંચે છે.

"પ્રભુની કેટલી બધી અજબ કરુણા...! આપણે અહીં સુધી આવી પહોંચ્યાં...! અને થોડો ઘણો આશરો લેવા આ જગ્યા પણ મળી...," મરિયમે સ્વસ્થતાના ભાવે હાશ અનુભવી.

"હાસ્તો, પ્રભુએ તો આપણને તેના દૂત દ્વારા સર્વ હકીકત જણાવી...વધુ આશાવાદી ને શ્રધ્ધાળુ બનાવ્યાં છે...તો પછી આપણને શી મુશ્કેલી પડી...? યૂસફે સાંત્વન આપ્યું.

"જુઓ, હવે મને પૂરા દિવસો જાય છે. મારે આરામની જરૂર પણ હતી તો ખરી જ...!" મરિયમે ચિંતાયુક્ત વિચાર રજૂ કર્યો.

"અને પછી આપણને આથી પણ બીજી સારી જગ્યા મળશે. માટે ચિંતા કરવા જેવું નથી." યૂસફે વિશ્વાસ વ્યક્ત કર્યો.

સમય સમયનું કામ કરે છે, સમય પસાર થવા માંડ્યો. અને એ જ રાત્રે મરિયમે પુત્રનો જન્મ આપ્યો. મરિયમ, યૂસફ તથા ધર્મશાળાનો રક્ષક આનંદ વિભોર બન્યાં. પવિત્ર આત્મા પવિત્રાઇનો પ્રકાશ, ન્યારા બાળ ઈસુનું મુખારવિંદ એક સામાન્ય નાની ગભાણમાં દૃશ્યમાન થાય છે. સામાન્ય ઉજળા લૂગડામાં લપેટેલ રૂ સમા પરાળના ગાલીચામાં પોઢેલ બાળ ઈસુના 'જયાનંદ...! હોસાના...! હોસાના...!' જેવા ગગનભેદી તથા અદ્ભુતતાનાં વિજય ગીતો ગાતાં આનંદ વિભોર દૂતો આખા વાતાવરણને માંગલ્ય ભર્યું બનાવી મૂકે છે! ના..ના..! લાગે છે...!..!.

"હાલેલૂયાહ...! હાલેલૂયાહ...! હોસાના...! હોસાના..!.." દૂતોની ફોજ પોકારી ઊઠે છે. ત્યાં તો બારણામાં ડોકિયું કરી ગભાણ જેવી જગ્યાએ લૂગડામાં લપેટેલો બાળક શોધતા - શોધતા.....!

"અલ્યા, આ જ ગભાણ, આજ લૂગડામાં લપેટેલો બાળક ન હોય...?" એક ભરવાડે એમ ખુશી રજૂ કરી.

"હાલ્યા, આજ છે..! આવો, જે પ્રમાણે દૂતે કહ્યું હતું તે પ્રમાણે સાચું છે...!..!.." બીજા ભરવાડે ખાતરીપૂર્વક સત્યતા રજૂ કરી.

"બરાબર...એ જ છે. આજ દાઉદ નગર, આજ મોટું શહેર, આજ ગભાણ ને લૂગડામાં લપેટેલો સૂતેલો બાળક છે." વાતને સાર્થકતા આપતાં ત્રીજા ભરવાડે વાતનું પૂર્ણવિરામ મૂક્યું.

"આવો, તેની પાસે આવો. તેનું ભજન કરીએ." પ્રથમ ભરવાડ ખુશી સાથે ઘૂંટણો ટેકવતાં બેસી જાય છે.

યૂસફ મરિયમ આ આવેલા નવા ગામડીઆ ભરવાડો સામે અનિમેષ નજરે જોઇ રહે છે.

"તમે તમે, અમને જુઓ છો...?..હા, અમે ખેતરમાં અરણ્યમાં તાપતા હતાં. રાત્રિ ખૂબ જામેલી હતી. ત્યાં અચાનક પ્રકાશ ઝબક્યો અને એક દૂત દેખાયો અને અમને આ બધું જ કહ્યું હતું." હર્ષાવેશ સાથે એક ભરવાડ બોલી ઊઠ્યો.

"હા...હા...અમને દૂતે કહ્યું હતું. "જાઓ દાઉદ નગરમાં એક બાળક દૈવીપુત્ર માનવ અવતાર લઈને જન્મ્યો છે. ત્યાં જઈને જુઓ. અને અમે શોધતા શોધતા અહીં આવ્યા છીએ. જે આજે અમે અમારાં ચક્ષુ સમક્ષ સાચે જ જોઈએ છીએ.." બીજા ભરવાડે હૃદયનો ઊભરો ઠાલવ્યો.

"કપડાંમાં લપેટેલો, ગભાણમાં સૂતેલો...." આ બધું જ અમને જણાવ્યું છે તે બધું જ સાચું છે હોં...!!" ત્રીજાએ ફરીથી આ વાતમાં સૂર પૂર્યો.

"હા...ભાઈઓ, એ જ આજે માનવ-માણસ થઈને અવતર્યો છે. અને એ વધામણીની તમામ વાત મેં જ તમને કહી હતી. તે દૈવીપુત્ર એકાકીજનિત હોવા છતાં આ જગતમાં માનવ બનીને આજે આવ્યો છે. ને એમ ઈશ્વરપિતાએ તેનું વચન પૂર્ણ કર્યું છે." ગભાણમાં ઉપર ઊંચે દૂતોની મોટી ફોજમાંથી ગ્રાબિએલ દૂતે સ્પષ્ટતા કરી.

"હાશ..! આજે અમને પ્રભુ મળ્યાં." ભરવાડો નાચવા અને કૂદવા લાગ્યા અને કહેવા લાગ્યા. અને અરણ્ય તરફ પાછા વળ્યા.

❖❖❖❖❖❖

"અલ્યા, પેલાં ઊંટો ઉપર બેઠેલા વેપારીઓ કે રાજામહારાજા જેવાં આ બાજુ ક્યાં ચાલ્યા આવે છે?!" ધર્મશાળાનો માણસ આગંતુક તરફ જોઈને બધાને શાંત કરતો કહે છે.

ધર્મશાળાના ચોગાનમાં આવતાં આકાશમાંનો નવીન તારો થંભ્યો. પણ પેલા ત્રણ જ્ઞાનીઓ જે વેપારી લેબાશમાં હતાં તે થોડા આગળ વધતાં અટકી ઉપરનો તારો જોવા લાગ્યાં.

"ભાઈઓ...! આ તારો તો અહીં જ અટક્યો...! હવે આગળ ખસતો નથી. માટે જરૂર પેલો રાજકુંવર અહીં જ હોવો જોઈએ." પ્રથમ માગીએ ઊંટને થોભાવી શંકા વ્યક્ત કરી.

"પણ....અહીં તો આ ધર્મશાળા છે. અને મુસાફરો છે.. લોકોની માનવમેદની પુષ્કળ  છે. અહીં એ રાજકુંવર હોય...?" બીજા માગીએ શંકાને દોહરાવી.

"ગમે તેમ હોય પણ આપણે અંદર જઈ તપાસ કરવી જ જોઇએ. અને પછી જ આગળ વધીએ. અહીં જ આ ઊંટોને થોભાવો અને ચાલો અંદર...." પ્રથમ માગીએ વિશ્વાસની ખાત્રી કરવા આગ્રહ કર્યો.

"હા...એ બરાબર છે. તમે કહો છો તેમાં મને પણ કંઇક તથ્ય લાગે છે. માટે તપાસ તો કરવી જ જોઇએ. માટે ભાઈઓ ચાલો અંદર જઇને જોઇએ તો ખરા...!" ત્રીજાએ પ્રથમ માગીની વાતને સાર્થકતા આપી.

"હા...ચાલો..." કહી ત્રણે અંદર ગયા.

"ખરેખર..! આજ રાજકુંવર છે...! કેટલો બધો રળિયામણો...! પવિત્રતાથી ભરપૂર..! અહા..હા..કેટલો બધો આનંદ...! કેટલો બધો

હર્ષોલ્લાસ...! કેટલી બધી પવિત્રતા...! કેટલી બધી સુંદરતા...! વિજ્યાનંદથી ભરપૂર...!..!"

"આવો, તેને ભજો..! અને નમન કરો...!" આનંદમાં તરબોળ બની પ્રથમ માગી પગે પડીને ઘટિત માન આપવા લાગ્યો.

"હા...ભાઈ ચાલો ભજન કરો. ખરેખર આજ રાજકુંવર છે...! દેવપુત્ર છે..હા, જેને આપણે શોધીએ છીએ. અરે...! છેક પૂર્વમાંથી શોધતા શોધતા આવ્યા છીએ તે જ રાજકુંવર છે. માટે ભજન કરો. અને આનંદ ઉલ્લાસ માણો...!" બીજાએ પણ હર્ષાવેશમાં મગ્ન બની પોતાના પ્રયત્નથી મળેલી સફળતા રજૂ કરી.

"ભાઈઓ....આપો....આપણાં અર્પણો....સોનું, બોળ અને લોબાન અર્પો અને કરો ભજન. ખચીત આ જ રાજકુંવર છે. દેવપુત્ર છે." નિશ્ચિતતા રજૂ કરતાં બીજાએ અર્પણ કરતાં આદેશ આપ્યો.

"આ બાળક રાજકુંવર છે કે દેવપુત્ર છે? માનવ છે કે દેવ...? ખરેખર કળવું મુશ્કેલ છે. નવીન તારો આપણને છેક અહીં સુધી દોરી લાવ્યો છે. તેના દર્શન કરવા આપણે અહીં સુધી આવ્યા. અને પવિત્રતાનો લ્હાવો માણ્યો. દર્શન કરી તૃપ્ત થયા. અને મહિમા પણ અનુભવ્યો. ખરેખર અદ્‌ભુત...! આશ્ચર્ય...! નવાઈ...?...?.. ખૂબ જ અકથ્ય બાબતનો અનુભવ મને તો થયો છે." એક જ શ્વાસે અંતઃકરણનો બધો ઊભરો પ્રથમ માગીએ ભરવાડો, યૂસફ અને મરિયમ સમક્ષ ઠાલવ્યો.

"અમે તો જ્ઞાનીઓ, શાસ્ત્રોમાં જોઈ રાજમહેલમાં જઇ ચડ્યા. પણ ત્યાં રાજકુંવરનો ભેટો ન થયો. અને આ ગંદી અસ્વચ્છ જગ્યા, કચરો અને પરાળવાળી ગભાણ. જ્યાં ગધેડાં અને જાનવરો બાંધવામાં

આવે તેવી જગ્યાએ અમે અમારા પ્રભુને - રાજકુંવરને જોયો. આ તો માનવ છે કે દેવપુત્ર...? શું કહેવું...? શું કળવું...? એ જ મને તો સમજાતું નથી..." બીજાએ પણ ખૂબ જ ઉમળકાભેર પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

"હા, ભાઈ હા...તેં જે કહ્યું તે ખરેખર સાચું છે. તે ખરેખર અદ્‌ભુત છે! આ અનોખો બાળક છે! જે માનવ અવતારે આપણી સમક્ષ છે. જે આજે ગભાણમાં છે. અરે! અસ્વચ્છ ગભાણમાં છે. અપૂરતાં સાધનો વાળી જગ્યાએ છે. નથી ઢોલિયો કે ગાદલાંવાળી જગ્યા કે ગાલીચા ઉપર નહીં પણ પરાળના પાથરણા ઉપર લૂગડામાં લપેટેલો નમ્ર અને મહિમાવંત બાળક છે...!" બીજા માગીએ પણ અંતઃકરણથી વાસ્તવિકતા રજૂ કરી.

રાજમહેલમાં નથી પણ ગભાણમાં છે. રાજાને ત્યાં નથી પણ મરિયમના ખોળામાં છે. પવિત્ર અને કુંવારા મરિયમને ખોળે જન્મ લીધેલ છે. ખરેખર આ કઈ તરેહનો બાળક કહેવાય...? આ પ્રશ્ન આપણ સૌને સ્વાભાવિક જ થાય છે...." ધર્મશાળાના રક્ષકે પ્રશ્નને વાગોળતાં મૂંઝવણ રજૂ કરી.

"ભાઈઓ, એ ગમે તે હોય, ગભાણમાં જન્મ્યો, સુથારને ત્યાં અવતર્યો એ સાચે જ દેવબાપનું વચનપૂર્ણ કરવા અવતર્યો છે. ભરવાડો અને માગીઓને જન્મની વધામણી કહી પોતાનો મહિમા પ્રગટ કર્યો. તે જોવા-જાણવા લાવનાર પ્રભુ અવતર્યો. પાલક માતાપિતાને અગાઉથી જાહેર કરી શંકાઓ દૂર કરી પવિત્ર આત્માથી અગાઉથી જાહેર કરી ગર્ભ રહીને અવતર્યો.

હા, એ દેવ હોવા છતાં માણસના રૂપમાં અવતર્યો. રાજમહેલમાં કે મોટા બંગલામાં નહી પણ નાની ગભાણમાં અવતર્યો. નિર્દોષ અને મૂંગા પ્રાણીઓની ગભાણમાં તે અવતર્યો. મરિયમ - યૂસફની ધીરજથી કરેલી સ્વચ્છ ગભાણમાં અવતર્યો.

પછી ભલે ગમે તે હોય...? એ તરેહ તરેહનો માણસ બાળક છે. માટે એ શી તરેહનું માણસ છે?" એ પ્રશ્ન ન પૂછો.

આવો, આપણે સૌ એ તરેહ તરેહની આનંદિત સુવાર્તા આપી તેનો મહિમા કરવા ભરવાડો અને માગીઓને ખેંચી લાવનાર યૂસફ, મરિયમ અને આપણ સૌને આનંદ આપનારનો તરેહ તરેહનો અનુભવ પમાડવા તે તૈયાર છે. શું તે માટે આપણાં હૃદય-ગભાણ તૈયાર છે?

પછી શ્રીમંત હૃદય હોય કે ગરીબનું, મહાન વ્યક્તિનું કે નાની વ્યક્તિનું, સ્ત્રીનું કે પુરુષનું, બાળક કે વૃદ્ધ, ભારતીય કે પરદેશી. ગમે તે હોય, નાતજાતના ભેદભાવ વગર નમ્ર હૃદય, નિર્દોષ અને પાપરહિત સ્વચ્છ હૃદય ગભાણમાં એ તરેહ તરેહનો બાળ ઈસુ જરૂર આવે છે. ને તેની પવિત્રતા, મહિમા, આનંદ, પ્રકાશ, તથા વિજ્યોલ્લાસથી હૃદય ભરપૂર કરે છે. માટે આવો ને પ્રભુને માટે હૃદય તૈયાર કરો, ને અનુભવી જુઓ કે એ શી તરેહનું બાળક - માણસ છે?

(લૂક ૨ : ૧ થી ૨૦ માથ્થી ૨ : ૩ થી ૧૧).

# બાળક 3

નાનેરો ભૂલકો...લાડલો, રમ્ય મુખાવિંદવાળો પવિત્ર બાળક. ઓજસથી ભરપૂર બાળક. હા! એ ખૂબસુરત સુંદરતાનું કહેવું જ શું...? મનને ભાવતો..! અને હૃદયમાં ચિરકાળ રહેતો. એવો હાસ્યાનંદવાળો 'સ્તો...!

શી એની વાત..? આઠ દહાડાનો પણ કેટલો બધો હૃષ્ટપૃષ્ટ..! કેટલો બધો તંદુરસ્ત..! ન પૂછો વાત..!...

"હેં...? તમે આ બાળકની વાત કરો છો..? આ બાળકની રાહ તો હું ઘણાં વર્ષોથી જોતો હતો. અરે!...તેને જોયા વિના મારું મૃત્યુ શેનું..? હા..હું જેની રાહ જોતો હતો. તે જ બાળકને આજે જોઉં છું. બસ..! હવે દેવ બાપની સ્તુતિ કરીશ." શિમઓને ખૂબ જ હર્ષાવેશમાં આનંદ વ્યક્ત કર્યો.

"તમે.., રાહ જોતા હતા..? આ બાળકની...? આ બાળક વિષે તમે જાણો છો..? આ તો દેવબાપે આપેલો બાળક છે. આ તો તેમનો એકાકીજનિત પુત્ર છે. ભવિષ્યવચન પ્રમાણેનો પુત્ર છે. જે અમને દૂત દ્વારા જન્મ અને નામ સુદ્ધાં જણાવેલ છે.." યૂસફે ભૂતકાળની સાક્ષી પ્રગટ કરી.

"હા..મને પણ દૂતે જ કહ્યું હતું. પવિત્ર આત્માથી ગર્ભ રહી પુત્રનો જન્મ થશે. નામ ઈસુ પાડવાનું છે. જે મેં વિશ્વાસ કર્યો. અને એથી જ આજે આઠમા દિવસે મંદિરમાં આવ્યાં છીએ..." મરિયમે પણ યૂસફની વાતને સમર્થન આપ્યું.

"અરે! અમો બન્ને અલગ સ્થળે રહેતાં હોવા છતાં બન્નેને દૂત દ્વારા સત્ય બાબત જણાવી. જે આજ સુધી પૂરી થઈ છે. મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે આ બાળકની નામકરણ વિધિ કરવાની છે. નામ ઈસુ..!" યૂસફે મક્કમતાથી કહ્યું.

આમ મંદિરમાં યૂસફ, મરિયમ અને શિમઓન બાળક અંગે હર્ષોલ્લાસ કરે છે. તથા બીજા અન્ય યાત્રીઓ આ ઘટનાને અનિમેષ નજરે જોઇ કાનથી સાંભળી આશ્ચર્યમાં પડે છે. જ્યારે કેટલાક નિયમશાસ્ત્રના જાણકારો આ બાળકના આગમનની રાહ જોતા હતા. તે હાશ..! નો અનુભવ કરે છે. બધાં જ આ અદ્‌ભુત બાળકથી ખુશ થાય છે. રાજી થાય છે, અને આનંદવિભોર થાય છે.

અને ટોળાની સામે ખુશમિજાજ નયનોથી ફરી એક વાર જાહેર કરતાં શિમઓન કહે છે કે "તમે બધા આજે જે બાળકને જુઓ છો. તેની રાહ હું ઘણાં વર્ષોથી જોતો હતો. જે આજે મારા ખોળામાં છે. જે વર્ષોની દેવબાપની સેવા, પ્રાર્થના મજરે આવી છે."

"ખરેખર! હું પણ આજે ખૂબ જ ખુશ છું. પ્રભુએ તેમની તમામ ભવિષ્યવાણીઓ આ બાળક દ્વારા પૂરી કરી છે." યૂસફે આનંદનો રણકો કર્યો.

"અને મારી લાજ રાખી. મારી પવિત્રાઇની કિંમત કરી, બધી સ્ત્રીઓમાં મને ભાગ્યશાળી ગણી, અરે! આજ સુધી આ બાળકની અપેક્ષા રાખનાર ઘણી કુમારિકાઓ કરતાં પણ મને કૃપાવંતી કરી. અને દેવપુત્રનો જન્મ થવા ભાગ્યશાળી ગણી...... તો પછી મારા આનંદની તો સીમા જ શી હોય..?" મરિયમે આનંદનો ઊભરો ઠાલવ્યો.

"હા..આ જ બાળક, વર્ષોથી પ્રાર્થના કરતાં ઘણાં વર્ષ હું પણ કુંવારી રહી. આ બાળક માટે 'સ્તો..! અને મારાં મા-બાપે અંતે મને પરણાવી. પણ.....મારા જીવનમાં ગૃહજીવનનું સુખ ન હોઈ સાત જ વર્ષમાં વિધવા થઈ જેથી આજ સુધી ઉપવાસ, પ્રાર્થના, અને સેવા કરતી રહી. ઉદ્ધારનારની વાટ જોતી હતી. જે આજે આ બાળક છે! હા..મને પવિત્ર આત્માએ જ કહ્યું છે. હા..આજ બાળક છે! આન્નાએ મંદિરમાં પ્રવેશી ટોળામાં સામેલ થઇ સૌનું ધ્યાન ખેંચી પોતાની જીવનકથની કહી સંભળાવી.

"હેં..? તમે પણ કુંવારાપણામાં આજ બાળકની આશા રાખતાં હતાં...?"

"હાસ્તો, નિયમશાસ્ત્રમાં કુમારીને પેટે પુત્ર અવતરશે. જે આખા જગતનું તારણ કરશે. તેવું લખેલું મેં વાંચ્યું હતું."

"તો આ રીતે યરુશાલેમમાં આપણા જેવી બીજી ઘણી બધી સ્ત્રીઓ કુમારી હશે...? કેમ ખરું ને..?"

"હા...! વળી છે 'સ્તો! પણ દેવબાપે તારા ઉપર કૃપા કરી ને..? આજે અમો બધાં ખુશ છીએ."

મરિયમ અને આન્ના આમ વાતનો ઘટસ્ફોટ કરતાં હતાં. ત્યાં યૂસફે વાતનો અંત લાવવા, "હશે..! ગમે તેમ હોય, પણ દેવબાપે એક કુમારી સ્ત્રી દ્વારા તેના પુત્રને જન્મ આપવાના હતા. તેની નજરમાં જે પવિત્ર ને કૃપાવંતી લાગી તે ખરું..! જે ભાગ્યશાળી હોય તે ખરી..!"

"હું તો પરણ્યા પછી અને વિધવા થયા પછી છેક આજ સુધી ૮૪ વર્ષથી આ ઉદ્ધારની વાત જોતી આવી છું. જે આજે મારાં ચક્ષુ સમક્ષ છે." આન્નાએ ફરીથી પોતાની વાત દોહરાવી.

"આમ, તમો બધાં આ બાળક અંગે તમારા વિચારો કહે કહે કર્યા કરશો કે મારી પણ વાત સાંભળશો..?"

"હા...કહો તમે પણ..."

"હું હમેશાં ન્યાયીપણામાં જીવતો હતો અને પવિત્ર આત્માના જણાવ્યા પ્રમાણે આ બાળકને જોયા પહેલાં હું મરનાર નથી. જે નિશ્ચિત હતું. જે ઇસ્રાએલનો દિલાસો છે. જે તારણહાર છે. તે મારી આંખો સમક્ષ નજરોનજર જોઉં છું."

"ખરેખર! હું પણ તમારી માફક ઉદ્ધારની જ વાટ જોતી હતી. જે આજે તમારા ખોળામાં છે.." આન્નાએ શિમઓનની વાતને સાર્થકતા આપી.

"અને આ બધાં ટોળાના અન્ય લોકો.... તમે પણ જુઓ જ છો ને..? આજ બાળક દિલાસો આપનાર છે. આ જ ઉદ્ધાર કરનાર બાળક છે. હા..મેં તારણ દીઠું છે. હવે હું સુખેથી દેવબાપની ગોદમાં જઇશ. હું જેની રાહ જોતો હતો તે બાળક જોયો. માટે હું પણ સુખે મૃત્યુ પામીશ. પણ ..."

"પણ...શું...?"

"પણ...શું....?"

"તમે બધા જાણો છો...? મરિયમ અને યૂસફ તમે પણ જાણો છો...?"

"ના; હજુ શું જાણવાનું બાકી છે?"

"જુઓ, આ બાળક જેવો તેવો નથી. કેવળ ઉદ્ધારનાર એકલો જ નહીં. પણ વિદેશીઓને પ્રકાશ આપનાર છે. હા...આ જ બાળક ઘણાંને

પડવા તથા ઉઠાડવા સારુ ઠરાવેલો છે. અને માનવીની કલ્પનાઓ જાહેર કરે તેવો અદ્ભુત, નિષ્કલંક અને ગૌરવી બાળક છે. જેને જોઈને હું આજે ખૂબ જ તૃપ્ત થયો છું. બસ! હવે હું શાંતિથી દેવબાપ પાસે જઈશ. જેને જોવાની ઇચ્છા રાખતો હતો તે આજે પૂરી થઈ." શિમઓને ભવિષ્ય વચન જાહેર કરતાં બાળકનું મહત્ત્વ બતાવ્યું.

"હેં...? આ બધું તો તમે કહ્યું ત્યારે અમે જાણ્યું! આ તો અજાયબ કહેવાય..!...!" મરિયમે કહ્યું.

"હા...હું પણ આ બધું સાંભળી આશ્ચર્ય અનુભવું છું." યૂસફે પણ મરિયમની વાતને ટેકો આપ્યો.

"હા...એ સાચી અને સત્ય વાત છે. આ બાળક તારણહાર અને ઉદ્ધાર કરનાર છે. આ બાળક જેવું તેવું નથી...! હું હવે મારાં ચક્ષુથી જોઈ, કર્ણથી સૂણી, ખૂબ જ સંતુષ્ટ થઈ છું." આન્નાએ પણ શિમઓનની વાતને સાર્થકતા આપી.

યાજકો અત્યાર સુધી શાંત હતાં. શંકાકુશંકા, આનંદ હર્ષ, સત્ય અસત્યતાના મિશ્રિતભાવમાં માથાં ધૂણાવી એકચિત્તે સાંભળી અનિમેષ નજરે જોઇ રહ્યાં હતાં.

ત્યાં તો ધાણી ફૂટે તેમ ટોળામાંથી સત્યતાનો રણકો થયો.

"હાલ્યા, મેં પણ નિયમશાસ્ત્ર વાંચ્યું છે!"

"તેમાં એક પુત્ર જન્મશે એવું લખ્યું છે ખરું...!"

"કુંવારીને પેટે...!"

"ઈસુ નામ....પણ...!!"

"યહુદાહ પ્રાંતમાં...!"

"દાઉદ કુળ...?"

"હા, એવું જ લખેલું છે."

"એકાકીજનિત પુત્ર...?"

"આખા જગતનું તારણ કરશે. ઉદ્ધારશે...!"

"તે આ જ બાળક છે."

"હા..ભાઈ, હા..આ જ બાળક છે...! આજ કુમારી અને આ જ દાઉદનગર......બધું જ સત્ય છે."

"તો તેમાં શંકા કોણ લાવે છે? ભાઈ...!"

"તો હાલ જ માન્યકાળ છે. આ જ તારણ ઘડી છે. આ જ બાળક છે. જે સૌનો ઉદ્ધાર કરશે."

હા...ભાઇ હા..યરુશાલેમના મંદિરમાં મરિયમે, યૂસફે, શિમઓને, આન્નાએ અને બીજા યહૂદીઓએ તારણ દીઠું, બાળક દીઠું...અને બધાં ખુશ..! બધાંએ આ બાળક ઉપર વિશ્વાસ કર્યો. જે આઠ દિવસનો જ બાળક હતો. છતાં પણ તેનો પ્રભાવ, પવિત્રાઇ, તેનું ગૌરવ, ઓજસ, હાસ્યાનંદ, અને ચહેરાનો મલકાટ...! દૈવીપુત્રનો દિવ્ય ચળકાટ..! આકાશી રાજ્યનો રણકાર..! શો અકળ...? શો અકલ્પ્ય...? સૌ મુગ્ધ થઈ ગયાં. સૌ તેની પવિત્રાઇમાં અંજાઇ ગયાં. ને વળી મંદિરના ઘુમટમાંથી દૂતોના આકાશી ગુંજનમાં સૌ ગરકાવ થઈ ગયાં. તેના ગૌરવથી આનંદિત થયાં...શું એ મંદિરની રમણિયતા...?

ખેર..! આજે એ બાળક યરુશાલેમના મંદિરમાં નથી. પણ આપણા હૃદયમંદિરોમાં હશે કે કેમ..? પણ.."તમે દેવનું મંદિર છો." ના સાધનરૂપ

આપણા હૃદય મંદિરમાં એ બાળક સુંદરતા આપે છે? એનું ગૌરવ પ્રકાશ્યું છે? તેની પવિત્ર સંગત મળી છે..?

હા...એ બાળક હતો, માણસ સ્વરૂપે હતો કે કેમ..? તેવો પ્રશ્ન ન પૂછતાં...તે કેવાં બાળક માણસ છે...? તેવું ન વિચારતા કે તે શી તરેહનું બાળક - માણસ છે? કે તે આપણા મંદિરમાં હોય..? તેવી દ્વિધામાં ન પડતાં તે તરેહ તરેહની વ્યક્તિ - માણસ - બાળક છે તે ચોક્કસ છે.

શિમઓનનો દિલાસો, આન્નાનો ઉદ્ધાર, મરિયમની અભિલાષા, યૂસફની ઇજ્જત, તથા આપણ સૌનું તારણ. હા...એ જ બાળક છે. વિવિધ સ્વરૂપે તરેહ તરેહના બાળક-માણસ તરીકે છે. તેનો અનુભવ કરવા આપણા શરીરના મંદિરમાં એ પવિત્ર બાળકને દાખલ થવા દઇએ. અને પછી જુઓ તો ખરા કે, એ શી તરેહનો બાળક કે માણસ છે...?

(લૂક : ૨ : ૨૨ થી ૩૮ ના સંદર્ભમાં)

# ૪

# શેતાની પરીક્ષણ

એક દિવસ શેતાનોની એક મોટી સભા ભરાઈ. બધા ચૂપચાપ સ્વસ્થ અસ્વસ્થ, ચિંતાતુર કે ગભરાટમાં બેઠા છે. હજુ પ્રમુખ શેતાન આવ્યો નથી. તેની જ રાહ જોવાય છે. ટાંકણી પડે ને અવાજ સંભળાય એટલી નીરવ શાંતિ છે.

ખબ...! ખબ...!..ખબ....!!...

પગરખાંનો ભારે અવાજ, ભારે ઠસ્સો! ભારે દમદમાટ..! ખૂબ જ વૈભવશાળીભર્યો પ્રમુખ શેતાન આવ્યો. સૌ એકી સાથે ઊભા થઈ ગયા. ઝૂકી ઝૂકી નમન કર્યું.

મૂકપણે પ્રમુખ શેતાને સૌને બેસવા સંકેત કર્યો. સૌ સ્તબ્ધ! સૌ વિસ્મય...! પ્રમુખ શૈતાનના મુખ ઉપર ગ્લાનિ, ઉદાસીનતા અને નિરાશા..! તથા પરાજય પરિસ્થિતિમાં હોય તેવું સ્પષ્ટ જણાતું હતું જ. માટે...! આખી સભામાં નીરવ શાંતિ...!

કોણ બોલે...? કોણ પહેલ કરે...? ને પ્રમુખ શેતાન સામે કોણ પૃછા કરે! કોની હિંમત...? કોની મગદૂર...? હવે વાતનો દોર કોણ અને કેવી રીતે સાંધે...?

સ્મશાનવત્ શાંતિ પ્રસરેલી જોઈ પોતે જ ધૂંઆ પૂંઆ થઈ મનોમન ગુસ્સો ગળી જઈ પ્રમુખપણાના ઓથા હેઠળ અધિકારયુક્ત શબ્દોથી પગ પછાડી : "શું મારાથી પણ તે વશ ન થયો? તો પછી આ બીજાઓનું શું ગજું...?"

બધા જ ચૂપ...વાત પામી ગયા, પણ "કોણ?" એવો પ્રશ્ન કોણ પૂછે?

"તમે બધા શાંત અને ગભરાએલા કેમ છો? જો તે મારા જેવાથી વશ ન થાય તો પછી તેમાં તમારે ગભરાવાનું હોય જ નહી!"

"પણ...અમે...?" બધા એક સાથે બોલ્યાં.

"હા...તમે તો શું પણ કોઈના દબાણમાં એ પુરુષ આવે તેમ નથી. અને હવે તે તેનું કામ શરૂ કરશે."

"હવે આપણું રાજ્ય ઓછું થશે!"

"એટલી આપણી વસ્તી ઓછી થશે એમ જ ને...?"

"હાસ્તો..! એમ જ થશે...!"

"થાય કે ન થાય, પણ એ માણસ ગજબનો છે. મેં તો તેને શરૂઆતથી જ પહાડ ઉપર પકડ્યો. તેણે તો ચાળીસ દિવસ ઉપવાસ કરી તેના દેવની સેવા કરી ત્યારે એ દૈહિક ભૂખ્યો હોઈ તેને ખોરાક ખવડાવવા લલચાવ્યો...! રોટલી ખાવા કહ્યું...!"

"તો શું તમે તેને રોટલી ખાવા આપી...?"

"ના, ભાઈ ના. મેં તેને તેના જ દેવનાં વચનો યાદ કરાવ્યાં : જો તું દેવનો દીકરો છે તો આ પથ્થરોને કહે કે રોટલી થઈ જાય ને તે ખા...!"

"તો શું એણે પથ્થરોની રોટલી બનાવી ખાધી...?"

"ના, તેણે કહ્યું : માણસ એકલી રોટલીથી નહી પણ દેવના દરેક શબ્દ જે દેવનાં મોંમાંથી નીકળે છે તેથી જીવશે. કહી મારી વાતને શાસ્ત્રના આધારે જ અવગણી."

"અરે! આ તો ખરું કહેવાય...?"

"અરે! ત્યાર પછી હું તે જ પુરુષને લલચાવવા એક મોટાનગરમાં લઈ જઈ મંદિરના એક મોટા બુરજ ઉપર બેસાડ્યો."

"ત્યારે તો તમારાથી તે ખુશ ખુશ થઈ ગયો હશે!"

"ના...ના...એમ નહીં, મેં કહ્યું, ત્યાંથી નીચે પડતું કર કે જેથી દેવના દીકરા-તને દૂતો પોતાના હાથો પર ધરી લેશે. તે શાસ્ત્રાલેખ યાદ દેવડાવ્યો. અને બુરજ ઉપરથી નીચે પડવા આહ્‌વાન દીધું."

"અને તે નીચે પડ્યો ને દૂતોએ તેને ઝીલી લીધો?"

"અરે! ભાઈ ના, તે તો નીચે પડ્યો નહીં, પરંતુ : પ્રભુ તારા દેવનું પરીક્ષણ ન કર, કહી તેણે જ શાસ્ત્રાલેખ યાદ દેવડાવી મારી વાતનો પ્રતિકાર કર્યો ને ઊભો થઈ ગયો."

'અરે રે..! ગજબ કહેવાય...? કેટલો બધો ઘમંડી..?"

"હા...હજૂ પણ એથી એક વધારાનો કિમિયો અખત્યાર કરી લલચાવવા અને એકાદ કાર્ય આપણા જેવું કરવા મેં પ્રયત્ન કરી જોયો."

"હાસ્તો...જો એકાદ કાર્ય આપણા જેવું થાય તોપણ તે આપણા રાજ્યનો નાગરિક બન્યો જ કહેવાય..!"

"પછી ભલે જે થાય તે...!"

"હા...તો શું તે આપની યુક્તિ પ્રમાણે લલચાયો કે નહી?"

"ના, ભાઈ, તેને તો હું એક ઊંચા પહાડ ઉપર લઈ ગયો, ને ત્યાંથી મેં આપણા જગતના પૂરા રાજ્યનો વિસ્તાર, રાજ્યો, નગરો, તથા વૈભવ દેખાડ્યાં. પણ જરાયે પલળ્યો નહીં. આ બધાં જ વાનાં તેને આપી

દેવા મેં પોતે તૈયારી બતાવી. પણ તે ન જ લોભાયો. ને ઉપરથી તેણે જ શાસ્ત્રાલેખ યાદ દેવડાવ્યો ને મને ગુસ્સામાં : અરે શેતાન! મારી પાસેથી દૂર હઠ..! કહી ઉપરથી મને હડધૂત કર્યો."

"કેટલો બધો કઠણ કહેવાય..!"

"કઠણ તો ખરો જ ને..?"

"બિનસ્વાર્થી પણ ખરો ને...!"

"દેવનું પરીક્ષણ ન કરનાર સાચો તો ખરો..!"

"ન તો લોભ, ન લાલચ, ન સ્વાર્થ, ન અહંમ...!"

"બસ કરો...!" ગુસ્સાના આવેશમાં પ્રમુખ શેતાન તડૂક્યો. પણ મનમાં તો દુઃખી.

"હું જાણતો જ હતો કે તમો પણ તેના પ્રત્યે જ આકર્ષવાના..! પરંતુ મારી છેલ્લી વાત તો સાંભળો." ફરી બધા ચૂપ, નીરવ શાંતિ, કોઇ કાંઇ જ ન બોલે, ન હાલે કે ચાલે...!

"એ જબરો તો ખરો! એ ઈસુ મને ઓળખી ગયો. મને ધૂત્કાર્યો ને શાસ્ત્રના લેખ પ્રમાણે જ મને રોકડો અને સ્પષ્ટ જવાબ આપ્યો કે : પ્રભુ તારા એકલા દેવનું ભજન કર, અને તેની એકલાની જ સેવા કર!" કહી મારાથી દૂર થયો. ને ખરેખર લોભ, લાલચ કે સ્વાર્થ જેવાં આપણાં ભગીરથ કાર્યોનો ભાગિયો ન થયો. ઘણી યુક્તિ પ્રયુક્તિઓ અજમાવી જોઇ પરંતુ એ ખરેખર દેવનો જ પુત્ર છે. તેથી તે માણસ હોવા છતાં જબરો કઠણ, મજબૂત મનવાળો, નિ:સ્વાર્થી અને શાસ્ત્રનો પૂરો જાણકારી જ્ઞાની તો ખરો જ! ફક્ત ૩૦ વર્ષની ઉંમર ને ભર જુવાની.... આપણા રાજ્યનો નાગરિક થવાની પૂરી લાયકાત ધરાવનાર વયસ્કવાળો. અત્યાર

સુધી કેવળ મા-બાપ પાસે જ રહેનાર સુથારનો પુત્ર માનવી હોવા છતાં એ મને તો જુદી જ પ્રકૃતિનો તરેહનો માણસ લાગ્યો છે. આખો મનુષ્ય સ્વભાવ હોવા છતાં મારા જેવા પીઢ શેતાનને પણ જરૂર શંકા થાય છે જ કે તે કઈ શી તરેહનું માણસ છે? કે જે મારા જેવાથી પણ વશ ન થયો. ને હું અંતે હાર્યો થાક્યો ને પાછો વળ્યો!" પ્રમુખ શેતાને લાંબી હૈયાવરાળ પણ સત્યતાના રણકારને કબૂલતી પોતાના સાથી મિત્રો સમક્ષ નિ:સંકોચે કહી.

વાચક મિત્રો, પ્રમુખ શેતાન જેવાની માયા જાળમાં ફસાયો નહિ. એ...ઈસુ, દેવનો પુત્ર તો હતો જ પરંતુ અહીં આ જગતમાં એ શી તરેહનો માણસ છે? પ્રમુખ શેતાનને પણ શાસ્ત્રના આધારે જ પ્રત્યુત્તરો આપી પરાજય આપી મોં બંધ કરનાર એ તરેહ તરેહનો માણસ ન કહેવાય..?

ગમે તેમ હોય પણ જગમાં પાપી આલમ માટે જન્મેલો એ દેવનો પુત્ર ખરેખર! ઈસુ એક અદ્દ્ભુત માનવી પણ હતો ને છે! આવો, આપણે સૌ તે તરેહ તરેહના માણસનું - દેવપુત્રનું, ઈસુનું ભજન કરીએ. શેતાની કામ છોડો. પવિત્ર આત્મા પામો ને અનંતજીવન પામો.

હા...ઈસુ તરેહ...તરેહનો અજાયબ માણસ છે! શેતાન પણ તેને શું કરી શકે..?

(માથ્થી : ૪, ૧ થી ૧૧, લૂક : ૪ : ૧ થી ૧૩).

# ૫

# હાથ

એક સાસુમા તાવથી તરફડતાં હતાં. પથારીવશ હતાં. અશક્ત અને નિર્ગત બની ગયાં હતાં. સગાં સ્નેહીઓ તેમની સરભરામાં હતાં. સૌ સૌની ફરજ બજાવતાં હતાં. પિતર પણ ત્યાં હાજર હતો. કારણ કે આ સાસુમા તો પિતરનાં જ હતાં. પોતાનાં સાસુમાને આમ તાવથી તરફડતાં જોઇ તેને એક વાત યાદ આવી. ગુરુ પ્રભુ ઈસુ યાદ આવ્યા. તેણે ગુરુની ચમત્કારિક શક્તિ જોઈ હતી. અનુભવી હતી. તેણે ગુરુને આ વાત કરી. અને તાવ મટાડવા વિનંતી કરી.

ગુરુ ઊઠ્યા! ઊભા થયા અને આવ્યા સાસુમા પાસે અને..? પોતાના જ હાથે સાસુમાનો હાથ પકડીને તાવવાળાં સાસુમાને બેઠાં કર્યાં. તાવ ગયો...! ને પૂરાં સ્વસ્થ થયાં. જાણે પૂરી તાકાત હંમેશથી ન હોય..?

"વાહ ભાઈ વાહ..! કેવળ હાથમાં હાથ પકડીને બેઠાં કરવાથી તાવ ગયો. આ તાવ ભગાડનારના હાથની વાત અજબ કહેવાય..?" ત્યાં ઊભા રહેલા સ્નેહીઓમાંથી કોઈક બોલી ઊઠ્યું.

"અરે! આ તો કેવળ હાથમાં હાથ પકડી તાવ જ મટાડી સાજાપણું મળ્યું. પરંતુ..."

"એક કોઢિયો હતો. તેના શરીરે હાથ ફેરવ્યો. અને પછી..? જોયું તો શુદ્ધ..! સુંદર શરીર..! સોનાવર્ણી કાયા..!"

"હે..? કેવળ હાથ ફેરવીને કોઢ મટાડ્યો...?" તમે મને જરૂર

"હા, કેવળ હાથ સ્પર્શથી કોઢિયાનો કોઢ ગયો. કોઢિયાની ઇચ્છા, પ્રાર્થના અને વિનંતિથી ગુરુ સમજી ગયા. અને ગુરુ જાતે જ તેની પાસે ગયા. ત્યારે કોઢિયાએ પાયે પડીને કહ્યું કે - "પ્રભુ, તમારી ઇચ્છા હોય તો મને શુદ્ધ કરો!"

અને પ્રભુની ઇચ્છા તો હોય જ..! તરત જ હાથ લંબાવી કોઢિયાના શરીરે સ્પર્શ કર્યો. અને કહ્યું : "મારી ઇચ્છા છે કે તું શુદ્ધ થા." અને એ શુદ્ધ થયો.

કેવળ પ્રભુના હાથનો સ્પર્શ..ને કોઢ ગાયબ..! કેટલું બધું ચમત્કારિક બળ..! ગજબનું ચમત્કારિક બળ..!

પ્રભુની ઇચ્છાને આધિન થવાથી આપણા રોગ દૂર થાય છે. અને પાપ રૂપી ખતરનાક રોગ-કોઢને હાથથી સ્પર્શ કરાવી મટાડી-શુદ્ધ પવિત્ર થઈ શકીએ છીએ.

"ગજબનું...!..આ તો ભારે કહેવાય!"

"અરે! એથી પણ વધુ હું આગળ જણાવું છું. તો એથી પણ અચંબામાં પડશો. જુઓ, સાંભળો.

એક સ્ત્રી હતી. પરંતુ આ સ્ત્રી સુંદર ન હતી. અને કદરૂપી ન હતી. પરંતુ હતી કૂબડી. શરીરે વાંકી વળી ગયેલી હતી. અને બેડોળ હતી. તેથી લોકો તેને નફરત કરતાં હતાં. અને એ રીતે જોતાં હતાં.

સ્ત્રી ખૂબ જ દુઃખી થઈ ગઈ હતી. ચાલવામાં, બેસવામાં, ઊઠવામાં કે કામકાજમાં ખૂબ જ હેરાન પરેશાન થઈ ગઈ હતી. જે તેના દર્દથી સૌ કોઈ સમજી શકતું હતું.

જ્યાં સીધા ઊભા રહેવાતું જ ન હોય તો પછી સીધા ચાલવાની

જ્યાં સીધા ઊભા રહેવાતું જ ન હોય તો પછી સીધા ચાલવાની વાત જ ક્યાં..? પોતાની જાતથી..?

માટે એને બીજા માણસની જરૂર પડે તે સ્વાભાવિક..! તેથી તેની સારવાર, સેવા, મદદ કરી તંગ આવી ગયાં હતાં. તેનાં સગાં સ્નેહીઓજ સ્તો!

ત્યાં તો પ્રભુના આગમનની વાત જાણી. પરંતુ તેમની પાસે જવાય ખરું...? અઢાર વર્ષથી આ બીમારીથી તંગ આવી ગઈ હતી. તેણે ગુરુ પાસે કેમ કરી જવું? સગાં સ્નેહીઓને કેટલું કહેવું? ભયંકર બીમારી મટાડવા દવાદારૂ કર્યા છતાં સાજાપણું ન મળતાં હવે આ રોગથી મુક્ત કેવી રીતે થવાય..?

કેટલાક લોકોને આજીજી વિનંતિ કરી જોઈ!

પણ માણસોમાંથી જાણે દયા મરી પરવારી ન હોય! સગાં સ્નેહીઓ પણ હવે સ્વાર્થી હોઈ આમ એકલી તરછોડીને ચાલ્યાં ગયાં. ન તો આવી એની ઉપર દયા કે રહેમ..!

ના..ના..દયા મરી પરવારી નથી. કોઈક તો દયાળુ હોય જ. તેવી વ્યક્તિએ તેને મદદ કરી, સભાસ્થાન સુધી આણી. પ્રભુની નજર પડે ત્યાં સુધી લાવવામાં આવી.

રોગથી પીડાતી સ્ત્રી, કંટાળેલી સ્ત્રી, દુઃખી સ્ત્રીએ પેલી અહીં સુધી લાવનાર વ્યક્તિને અંતરથી દુઆ દીધી. અને મુખ ઉપર અહીં સુધી આવી તંદુરસ્ત બનાવી આનંદ પ્રાપ્ત કરવાની એક લહેરનો આસ્વાદ માણ્યો.

ત્યાં જ ગુરુની નજર આ સ્ત્રી પર પડી. એને બોલાવી તથા

પરિશ્રમ, તથા લોકોએ પણ તેનાં દુ:ખની કહાની કહી તથા દયાળુ વ્યક્તિ દ્વારા અહીં સુધી લાવવામાં આવી છે. અને સ્ત્રીને સાજાપણું પામવાની ઇંતેજારી જાણી. સાબ્બાથવાર હોવા છતાં પ્રભુ ઈસુએ "બાઈ, તારા મંદવાડથી તું છૂટી થઈ છે." કહી તેની નજીક જઈ તેના ઉપર હાથ મૂકી હાથ ફેરવી સાજી કરી. ને સ્ત્રી તરત જ ઊભી થઈ.

પડતી આખડતી સ્ત્રી થઈ ગઈ ટટ્ટાર! થઈ ગઈ શુદ્ધ! તથા બિલકુલ નિરોગી..!

અને...?

તરત જ તેણે દેવની સ્તુતિ કરી. તથા આભાર માન્યો. ને હાશ..! અનુભવી ઘેર ગઈ.

આમ હાથ અડકાવીને કૂબડી સ્ત્રીને પૂર્ણ સાજાપણું બક્ષ્યું. અદ્ભુત ચમત્કારિક કાર્ય કરી લોકોમાં આશ્ચર્ય ફેલાવી મૂક્યું.

"આમ, કેમ મૌન થઈ ગયા...!"

"જરૂર, આપ સૌ આ ચમત્કારિકપણામાં આશ્ચર્યથી ગરકાવ થઈ ગયા લાગો છો..! માટે બધા શાંત ચિત્તે ઇંતેજારીથી સાંભળો છો...?"

"પણ, થોભો."

"હજુ પણ એની વિશેષ આશ્ચર્યકારક વાત જણાવું છું. ધીરજ રાખો."

"એથી પણ વધુ આશ્ચર્યકારક વાત..?"

"હા, એથી પણ આશ્ચર્યકારક વાત હું કહીશ...જે તમે શાંતિથી સાંભળો."

એક વખત આપણા ગુરુ પહાડ ઉપર ઉપદેશ આપી રહ્યા પછી શિષ્યોને તે લોકોને ખાવાનું આપવાનું જણાવ્યું.

આપણે સૌ સ્વાભાવિક વિચારી શકીશું કે આટલાં બધાં માણસોને નિર્જન અને શહેરથી દૂર પહાડ ઉપર ખાવાનું ક્યાંથી મેળવી શકાય..? ને લોકોને આપી શકાય...?

"અરે! તમે મારી વાત તો સાંભળો છો પણ કેટલાં માણસો હતાં તે તમો જાણો છો..?"

"ના, તમે નહિ જ જાણતા હો...! તો સાંભળો. હું જ તમને કહું કે પાંચ હજાર જેટલા કેવળ પુરુષો જ હતાં."

"ના, ભાઇ ! ૪૦૦૦ માણસો હતાં." એમ જરૂર તમે કહી મને જૂઠો પાડવા પ્રયત્ન તો કરશો જ."

"પરંતુ એ વાત પણ સાચી છે. પણ એ બીજો પ્રસંગ છે. પ્રથમ વખતે પાંચ હજાર હતાં અને બીજી વખતે ચાર હજાર હતાં. આમ, બે વખતનાં આ સત્ય પ્રસંગો છે."

"હા...હવે આગળ શું થયું...?" એમ તમે જરૂર ઇંતેજારીપૂર્વક વિચારતા હશો જ."

"હા, જુઓ તમને લાગેલી તાલાવેલીની વાત શરૂ કરું. જુઓ, એ પાંચ હજારને જ્યારે ગુરુએ ખાવાનું આપવાનું કહ્યું ત્યારે શિષ્યો અંદરોઅંદર મૂંઝાયા. અને કોણ શું લાવ્યું છે? તેની શોધ કરવા લાગ્યા."

"હવે શું કરીએ...? આટલા બધાને માટે ખાવાનું ક્યાંથી મેળવીએ..?" એવી વિમાસણમાં થોડી ક્ષણો વીતી...!

ત્યાં તો ગુરુ પોતે જ બધી વાત પામી ગયાં..! શિષ્યોની મૂંઝવણ

સમજી ગયા. અને તરત જ પૂછ્યું. "જુઓ, જો કોઈની સાથે છે?"

ત્યાં એક પ્રેમાળ અને કાળજીવાળાં મા-બાપનો છોકરો નજીક જ હશે. તે બોલ્યો : "મારી પાસે બે માછલી અને પાંચ રોટલી છે."

પ્રભુએ એ હાથમાં લઈ તેના ટુકડા કર્યા. તેને હાથમાં લઈ જીવતા દેવ-પિતાની સ્તુતિ કરી. પ્રાર્થના કરી. અને એ ટુકડાઓ શિષ્યોએ આપ્યા. જેથી લોકોને હારબંધ ગોઠવી પીરસ્યા.

લોકોને કકડીને ભૂખ લાગી હતી. શાંતિથી લાઈનમાં ગોઠવાઈને પેટ ભરીને ખાધું, સાંત્વન મેળવ્યું.

"હાશ...!" નો ઓડકાર ખાધો. ખાઈને તૃપ્ત થયાં. અને પછી..? ટુકડાઓ તો વધ્યા તેની બાર ટોપલીઓ ભરાઈ.

"આ છે પ્રભુ ઈસુના હાથનાં ચમત્કાર..!"

અને પેલા ચાર હજાર માણસોનો પ્રસંગ પણ આ પ્રકારનો જ છે. પરંતુ તે વખતે સાત રોટલી અને થોડીક માછલી હતી. તેને પણ સ્તુતિ કરી હાથથી ભાંગી પ્રાર્થના કરી, અને ચાર હજાર લોકો જમ્યા. તથા છેલ્લે સાત ટોપલી ભરીને ટુકડા વધ્યા.

આમ, બબ્બે વખત અજાયબી ભર્યા ચમત્કાર કરીને લોકોને આશ્ચર્યમુગ્ધ કરી મૂક્યાં. "આટલો બધો ખોરાક ક્યાંથી અને કેવી રીતે લાવ્યા..?" લોકો વિચારતા જ રહ્યાં.

પણ જ્યારે ખાનારાઓએ પ્રભુના હાથની વાત સાંભળી અને જાણી ત્યારે સૌના મુખે : "ગુરુનો હાથ કહેવો પડશે! જે રોટલી અને માછલીને અડકીને આપણ સૌને ખોરાક પૂરો પાડ્યો."

હા...તમે પણ એમ જ કહેવાના કે ખ્રિસ્ત પ્રભુ ઈસુનો હાથ જબરો

ચમત્કારિક કહેવાય...! આપણને પણ એવો જ ખોરાક પૂરો પડતો હોય તો...?"

જરૂર એમ જ પ્રભું આપણો ખોરાક પૂરો પાડે જ પણ પેલા છોકરાની માફક જે કાંઇ હોય તે બીજાને માટે પોતાની ચિંતા કર્યા વગર સોંપી દઇએ. તેની આજ્ઞા માની પ્રભુની સમક્ષ પંગતમાં શાંતિથી બેસી જઈએ અને 'ખોરાક તો નથી મળશે કે નહીં...?' એમ ન વિચારતાં "મળશે જ" પૂર્ણ આત્મ સંતોષથી - પૂરા વિશ્વાસથી પાંચ હજાર અને ચાર હજાર લોકોની માફક ઇચ્છીએ તો..!

અરે ! ખોરાક તો શું...? પણ એથી વિશેષ અને ચમત્કારિક બળ પોતાના હાથે પ્રદર્શિત કરે છે.

"હેં..? વળી કોઇ પ્રશ્ન છે...? ના, એકેય પ્રશ્ન ન કરશો. આજે કહેવા બેઠો છું. તો હું તમને કહેવાનો જ. હજુ પણ એવો જ અદ્દભુત પ્રસંગ યાદ છે જ - સાંભળો."

યાઐરસ નામે એક ધર્મસભાનો અધિકારી હતો. ને તે તેની મરણતોલ માંદી છોકરીને સાજી કરવા છેક મંદિરે પ્રભુને શોધતો શોધતો આવ્યો ને પ્રભુને વિનંતી કરે છે. અને ગુરુને પોતાને ઘેર લાવે છે. ત્યાં રસ્તામાં જ પોતાની માંદી છોકરી મરણ પામી છે એવા સમાચાર જાણ્યા. દુ:ખી થયો. આ આઘાતજનક સમાચાર જાણી નિરાશ થયો. પરંતુ પ્રભુએ વિશ્વાસ રાખવા કહી હિંમત આપી. અને તેના ઘેર ગયો.

પ્રભુએ આ યાઐરસના વિશ્વાસને જોયો. તેની પ્રાર્થના વિનંતી સાંભળી. તેને ધન્યવાદ આપી મરેલી છોકરી પાસે આવી.. પોતાના હાથથી છોકરીનો હાથ પકડીને "દીકરી, હું તને કહું છું. ઊઠ!" ને તરત જ પ્રભુનો હાથ પકડી બેઠી થઈ. ને ચાલવા લાગી.

ટોળે વળેલા લોકો રડતાં કૂટતાં શાંત થઈ ગયાં. શોકમાંથી આનંદભર્યું વાતાવરણ થઈ ગયું. અને પ્રભુના હાથથી મરેલી છોકરીને સજીવન થયેલી જોઈ બધાં ખૂબ જ અચંબામાં પડી ગયાં..!

આ અદ્‌ભુત પ્રસંગથી બધાં નવાઈમાં ડૂબી ગયાં." "વાહ..! વાહ...!" ના પોકાર શરૂ થઈ ગયાં.

તમે પણ આવા અચંબામાં અને નવાઈમાં ડૂબી ગયાં છો? જાગો, એવા આપણા ગુરુના અજાયબ, અદ્‌ભુત અને નવાઈ પમાડે તેવા હાથનો અનુભવ પામો.

આવો, તમે પણ અનુભવ કરી જુઓ, એ શી તરેહનો માણસ છે? એવો પ્રશ્ન ન પૂછતાં એ તો તરેહ તરેહનો માણસ છે. તેના હાથના સ્પર્શનું પારખું તો કરી જુઓ. વિશ્વાસથી વિનંતી કરી જુઓ. પોતાની પાસે જે કાંઈ છે તે સર્વસ્વ અર્પણ કરી જુઓ. તમારી સર્વ માગણીઓ તેને જણાવો. ને પછી જુઓ તે કઈ તરેહનો માણસ છે? તેના હાથ કેવા છે?

(માથ્થી : ૮ : ૧૪ થી ૧૫, ૧૫ : ૩૪ થી ૩૮, માર્ક ૧ : ૪૦ થી ૪૧, ૫ : ૪૧ થી ૪૨, લૂક : ૧૩ : ૧૧ થી ૧૩ નાં સંદર્ભમાં)

# "મારો...મારો...!" ૬

"મારો...મારો...મારો.."

"મારો...મારો..."

"એણે પાપ કર્યાં છે..!..."

"તેણે નિયમશાસ્ત્રની વિરુદ્ધ પાપ કર્યાં છે!"

"મારો.., શું જોઇ રહ્યાં છો..?..મારો..."

"અલ્યા, ઊઠાવો પથ્થર...વીણી લાવો પથ્થર અને મારો...!"

શોરબકોર, બૂમાબૂમ અને આઘાત પ્રત્યાઘાતી ઉચ્ચારો કરતું ટોળું શહેરની ભાગોળે એકત્ર થયું. અને વચ્ચે એક સ્ત્રીને ગુનેગાર તરીકે ઊભી રાખી હતી.

દરેકના મુખે એક જ વાત. "મારો...મારો..!"

"ના છોડશો..!"

"ફરીથી પાપ કરતી એ ભૂલી જાય..!"

બસ, એક જ વાત. "મારો જ મારો.."

અને બધા જ પોતાના હાથમાં પથ્થર લઈ પેલી સ્ત્રીની સામે ઉગામી રહ્યા છે..!

કેટલાય ઉતાવળિયાઓએ અને વધારે ડાહ્યાઓએ તો એક બે પથ્થર મારીને "મારો..મારો.." પ્રક્રિયાની શરૂઆત પણ કરી દીધી હતી.

ત્યાં એક આગળ પડતા વડીલ ફરોશીએ પ્રસ્તાવ મૂક્યો. "અલ્યા ભાઈઓ, ઊભા રહો. હમણાં થોભો..!"

"કેમ..?"

"કેમ..? શા માટે થોભવું છે..?" એક શાસ્ત્રીએ ગુસ્સાને વાગોળતાં પૂછ્યું.

"ભાઇઓ, આ સ્ત્રીએ પાપ કર્યું છે જ. એ વાત સાચી છે. આપણે સૌએ તેને પકડી છે. એ વાત પણ સાચી..."

"તો પછી હવે શેની રાહ જોવાની છે?"

વચ્ચે જ મારવાની તાલાવેલીમાં બીજો એક જણો ટપકી પડ્યો.

"રાહ, જોવાની નથી, પરંતુ હું બીજી એક વાત કહું.."

"ઝટ કહો ને? વચ્ચે ઠંડું પાણી રેડવા ક્યાં બેઠા છો..? સમય વીતી જાય છે. સ્ત્રી કદાચ આપણને છેતરીને નાસી જાય તો...?" બીજા એક ફરોશીએ શંકા વ્યક્ત કરી.

"હા...હા...સાચું છે આમ વાતોમાં અને વાતોમાં આપણો ગુસ્સો ઊતરી જશે. બેધ્યાન થવાથી આ સ્ત્રી ઉપર દયા આવશે." એક બીજા ફરોશીએ ફિલસૂફી રજૂ કરી આગળની શંકાને ટેકો આપ્યો.

"ના...ના..એવું કંઈ જ નહિ બને, પરંતુ એથી પણ વધારે તમને સૌને મઝા આવે, ખુશ થાઓ એવી વાત કહેવા માગું છું..." વડીલ ફરોશીએ પોતાની વાતને મજબૂત કરતાં અને વાતનો દોર સાંધવાની મથામણ કરતાં લોકોને ઉત્સુક કર્યા.

"ઝટ કહો ને...? ઝટ...! એવી શી વાત છે...?" ટોળાનો સમૂહ અવાજ આવ્યો.

"જુઓ, હું આ જ સ્ત્રીને કે જેણે વ્યાભિચાર કર્યો છે. તેના દ્વારા જ પેલાં ઉપદેશક ઈસુને સપડાવવા માગું છું."

"કઈ રીતે...?" ઉતાવળિયા ફરોશીએ ઇંતેજારી દર્શાવી.

"તમે બધા શાંત થાઓ, અને ચાલો, તેની પાસે. હમણાં તે જૈતુન પહાડ ઉપર હશે. આ સ્ત્રીને પણ ખેંચી લો..," વડીલ ફરોશીએ ટોળાનો કબજો મેળવી લીધો.

"પણ ઉપદેશક શી રીતે આપણી વાતમાં સપડાશે..?" શંકાની દૃષ્ટિએ એક શાસ્ત્રીએ પૂછ્યું.

"જુઓ, આ સ્ત્રીએ પાપ-વ્યભિચાર કરીને નિયમશાસ્ત્રનો ભંગ કર્યો છે. મૂસાના નિયમ પ્રમાણે આપણે સૌ તેને પથ્થરે મારવા તૈયાર થયા છીએ. તો એ અંગે, હવે તે શું કહે છે તે જોઈએ..?" વડીલ ફરોશીએ પોતાનો મનસુબો જાહેર કર્યો.

"એમાં શું..? એ પણ પથ્થરે મારવાનું કહેશે. તો પછી તેમાં ઉપદેશકની શી પરીક્ષા...? એ શી તે સપડાશે..?"

આમ ઉપરાઉપરી પ્રશ્નોતરી શરૂ થઈ, ફરી ગરબડ, ફરી અશાંતિ ફરી.."મારો...મારો..," ની બૂમો શરૂ થઈ.

"ભાઈઓ, શાંત થાઓ. શાંત.." હાથના ઇશારે વડીલે ટોળાને ફરીથી શાંત પાડ્યું. અને પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતાં : "એ ઉપદેશક આ સ્ત્રીને પથ્થરે મારવાનું નહીં કહે."

"અને કદાચ કહે તો..?" બીજાએ વાત દોહરાવી.

"તો તેણે આપણા નિયમશાસ્ત્ર પ્રમાણે વર્તવું જોઇએ. અને તે રીતે આપણી માફક વિધિઓ કરવા - કરાવવા ફરમાન કરીશું. અને તે દેવપુત્ર

છે. તથા વિધિઓ અને યજ્ઞ બલિદાનોની જરૂર નથી તેવો તેનો ઉપદેશ ખોટો છે તેમ કહી ઢોંગી અને બનાવટી ઉપદેશક છે. તેમ કહી ખુલ્લો પાડીશું...!" વડીલ ફરોશીએ પોતાની કપટજાળની સમજૂતી કરી.

"હા...એ વાત સાચી...! તેના ઉપદેશ પ્રમાણે તે આ સ્ત્રીને નિયમશાસ્ત્રના ભંગ બદલ પથ્થરે મારવાનું કહી શકે નહીં. અને જો કહેશે તો તેનો ઉપદેશ જૂઠો છે એ વાત સાચી..." બીજા એક ફરોશીએ વડીલની વાતને અનુમતિ આપી.

"હા, તો ચાલો, જુઓ પેલા જૈતુન પહાડ ઉપરથી હમણાં સવાર-સવારમાં જ ઉતરતો દેખાય છે. આજે ઠીક લાગ મળ્યો છે." વડીલ ફરોશીએ પોતાની યુક્તિની સફળતાનાં ચિહ્ન દેખાતાં હોય તેવા ખુશ મિજાજમાં કહ્યું.

"હા..ચાલો.." સૌએ કહ્યું.

"થોભો.., અહીં જ થોભો..! આ તળેટીમાં અહીં આ સ્ત્રીને મારવા માટે પથ્થરો પણ ઘણા છે." ટોળામાંથી એક મશ્કરાએ કહ્યું.

"હા, હવે અહીં જ એ આવે છે. આપણે બધા અહીં જ ઊભા રહો..." બીજા એકે ધીરજ બતાવી.

પ્રભુ ઈસુ ટોળા નજીક આવી પહોંચ્યાં. ત્યાં વડીલ ફરોશીએ એકદમ ગુસ્સામાં અને કપટમાં પેલી સ્ત્રીનો હાથ ખેંચી પ્રભુ ઈસુ આગળ રજૂ કરતાં કહ્યું : " ઉપદેશક, હવે તું જ કહે, અમારે આ સ્ત્રીનો ન્યાય શો કરવો..?"

"તેણે શો ગુનો કર્યો છે તે પ્રથમ મને કહો, પછી ન્યાય થાય." પ્રભુ ઈસુએ શાંત અને સ્વસ્થ સહ ધીરગંભીર બની કહ્યું.

"તેણે પાપ કર્યું છે...!"

"તેણે વ્યભિચાર કર્યો છે...!"

"અમે જાતે જ જોઈ છે, ને પકડી છે..!"

"અમે તેના સાક્ષી છીએ..!"

"હા...તે..પાપી...છે...!!"

ટોળામાંથી ઉપરાઉપરી ગુસ્સા મિશ્રિત જવાબો મળ્યા અને ફરીથી ટોળું ગુસ્સાના આવેશમાં આવી ગયું.

"ઉપદેશક, આ સ્ત્રીએ વ્યભિચાર કર્યો છે. જેથી મૂસાએ આપેલા નિયમ - નિયમશાસ્ત્ર પ્રમાણે તેને પથ્થરે મારી નાખવી. તેવું સ્પષ્ટ લખેલ છે..." ટોળાને શાંત રહેવાના ઇશારા સાથે વડીલ ફરોશીએ જાતે જ ન્યાય કહી સંભળાવ્યો.

"મારો...! મારો...! મારો...!!! મારો...મારો..! કેટલાકે હાથમાં પથ્થર લેતાં બૂમો શરૂ કરી.

આ દરમ્યાન પ્રભુ ઈસુ ભોંય ઉપર નીચે નમીને પોતાના હાથની આંગળીથી લખવા લાગ્યાં.

ત્યાં વડીલ ફરોશીએ ટોળાના "મારો...મારો.." ના કલશોરમાં પૂછ્યું : "ઉપદેશક તેં આ શું કર્યું ? અમને જલદીથી કહે કે અમારે શું કરવું ?"

"હા...જલદીથી કહે ને...?"

"હવે એ શું કહે...?"

"હવે એ મૂંઝાય છે...!"

"હવે એ નિયમશાસ્ત્રના ભંગ આગળ શું કહે..?"

"હવે ઊંધો વળીને આપણ સૌને કેવો બીજા રસ્તે વાળવા પ્રયત્ન કરે છે...?"

"હવે એ શું કહેવાનો છે..? મારો...મારો...!"

"ના, શાંત થાઓ, ચૂપ થાઓ. અવાજ બંધ કરો. સાંભળો...!" પ્રભુ ઈસુએ ટોળા પર કાબૂ મેળવતાં કહ્યું.

"પણ...તું...?..?"

"હા...હું એ જ કહું છું કે આ સ્ત્રી પાપી છે. તેણે પાપ કર્યું છે. એ જ રીતે હું તમને બધાને પૂછું છું કે આ સ્ત્રી સિવાય જેણે કદી પાપ ન કર્યું હોય એટલે કે પાપ વગરનો - નિષ્પાપી હોય તે સૌપ્રથમ પથ્થર નાખે - મારે..." પ્રભુ ઈસુએ પવિત્રાઈની ભાષામાં ન્યાય કહી સંભળાવ્યો.

"હેં...! હું...?..હું...?..પાપી...? પાપ...? એક પણ...? કદી પણ...? પાપ...? મેં...?..."

"મેં એક પણ પાપ કર્યું નથી..? ના..ના..પેલી..?"

"મેં કદી પણ પાપ કર્યું નથી...? ના...ના.. પેલા...દિવસે...?"

"હું પ્રથમ પથ્થર કેવી રીતે મારી શકું..? મારાં પાપનાં સાક્ષી અને જાણનારાઓ આ ટોળામાં પણ છે!"

આમ ટોળામાં બધા અંદરો અંદર મનોમન પોતપોતાના અંતરમાં હૃદયમાં પ્રશ્નોત્તરી શરૂ કરી દીધી. પાપ યાદ કરવા લાગ્યાં. પાપ કરતાં જોનારા પણ પોતાની ચક્ષુ સમક્ષ દેખાવા લાગ્યાં. અરે! તેમાંના કેટલાક ટોળામાં જ છે. તે જોઈ શરમાઈ ઊંધુ ઘાલી, નીચું નમી જોતા ઊભા રહ્યાં. અને પેલી સ્ત્રી ઉપર પ્રથમ પથ્થર કોણ મારે છે..? કોણ પાપ વગરનો છે..? તેની રાહ જોતા અને સ્ત્રીને પથ્થર નહીં મારવા હાથ નીચે જ ઝૂલતો મૂકી ઊભા રહ્યા છે.

અરે! પેલી કપટ યુક્તિ કરી આટલે સુધી લાવનાર વડીલ ફરોશી તો પ્રભુ ઈસુએ... "પ્રથમ પથ્થર મારે જેણે પાપ ન કર્યાં હોય.." તેવી વાત સાંભળતાંની સાથે જ ચૂપચાપ ચાલ્યો ગયો હતો.

તેને જ પોતાનાં અસંખ્ય પાપો આ ટોળા સમક્ષ યાદ આવતાં અને ટોળાના જ લોકો કદાચ પોતાને પથ્થર મારી મારી નાખશે તેવી દહેશતથી ક્યારનોય ચાલ્યો ગયો હતો.

અને...? બીજા પણ ઘરડામાંથી સૌ તમામ ટપોટપ હાથના પથ્થરો ત્યાં ને ત્યાં જ ધીરે રહી નીચે પડતાં મૂકી એકબીજાથી લપાતા છૂપાતા અવળા ફરી ચાલતા થયાં!

હવે...? રહ્યાં ફક્ત પેલી સ્ત્રી અને પ્રભુ ઈસુ. અને દૂર ઊભેલા શિષ્યો...

"હાશ..!" સ્ત્રીએ નિરાંતનો દમ ખેંચ્યો.

"બાઈ...પેલા..! મારો...મારો કહેનારા બધા ક્યાં ગયાં. શું તેમણે કોઈએ દોષિત ઠરાવી નહીં..?" પ્રભુ ઈસુએ સ્ત્રીને પ્રેમાળ ભાવે પૂછ્યું.

"ના, પ્રભુ મને કોઈએ દોષિત ઠરાવી નથી." સ્ત્રીએ હાશ...! અનુભવી સંતોષ વ્યક્ત કર્યો.

"તો જા, હું પણ તને દોષિત ઠરાવતો નથી. હવેથી પાપ કરતી નહીં...શાંતિથી જા." પ્રભુ ઈસુએ માફી આપતાં કહ્યું.

સ્ત્રી ઉતાવળી, ઉતાવળી ચાલી જાય છે. અને પેલા ટોળાનાં માણસોને પસાર કરી આગળ વધી દૂર દૂર જાય છે.

તે જોઇને : "અલ્યા પેલી સ્ત્રી જાય...!"

"હાલ્યા, માળુ ઉપદેશક પણ ખરો હોં...!" આપણે તેને સપડાવવા ગયા ને ખુદ આપણે જ સપડાયા.

"ખરેખર! સાચું તો ખરું જ ને...? આપણે પાપી તો ખરા જ ને...?"

"અરે! ગમે તેમ હોય પણ તે આવો જવાબ આપશે તે તો મારી કલ્પનામાંયે ન હતું...!"

"મને તો એમ જ હતું કે, ઉપદેશક આપણી યુક્તિમાં જરૂર સપડાશે."

"અને...જબરી ઠેકડી ઊડાડીશું...!"

"મશ્કરીઓ કરીશું..!"

"હાંસી ઊડાવીશું...!"

"ધક્કા ધક્કી કરી હેરાન પરેશાન કરી મૂકીશું...!"

"અરે સારી રીતે અપમાનિત કરીશું.."

"પરંતુ ખરું...થયું..આ તો...?"

"આપણે જ ભોંઠા પડ્યા...!"

"આપણે જ શરમાયા...!"

"એ ઉપદેશક ગજબનો કહેવાય..! ઉપરથી આપણને હલકા પાડ્યા."

"અરે! એ તે માણસ છે...?"

"ભાઈ, માણસ જ છે ને...? છતાં જુદી જ દૈવી રીતે આપણને ગજબનો જવાબ આપ્યો.

"પણ આપણામાં અને એનામાં માનવીય રીતે શો ફેર છે..?"

"અરે ભાઈલા...ફેર છે...ઘણો ફેર લાગે છે. તે માણસ છે છતાં આપણને અને આપણા જેવા બીજા સાથી ભાઈઓનાં મોં ઘણી વાર બંધ કરી દે છે..!"

ભાઈ મને તો એ જ નથી સમજાતું તે ક્યા પ્રકારનો માણસ છે.. !"

"હાલ્યા એ શી તરેહનું માણસ છે...?"

રસ્તે ચાલતાં ચાલતાં ટોળામાં શાસ્ત્રીઓ અને ફરોશીઓ તક મળતાં વારાફરતી સૌ સૌની રીતે પોતાના વિચારો વ્યક્ત કરીને પ્રભુ ઈસુ માટે શંકાકુશંકામાં પડ્યા.

ત્યાં એક જણ પ્રભુ ઈસુ પાસેથી છેલ્લો રહી ગયેલો અને સ્ત્રી સાથેની વાતચીત સાંભળીને ઝડપથી ચાલીને ટોળામાં સામેલ થતાં અને સૌના ટીખળી, રમૂજી અને શંકાશીલ વિચારોમાં વધુ વિચારવંત બાબત રજૂ કરતાં : "પેલી સ્ત્રીને એણે પણ દોષિત ઠરાવી નહિ. અને પાપની માફી આપી ફરીથી પાપ નહીં કરવાની શિખામણ આપી છે."

"હે..? એણે પાપની માફી પણ આપી છે..?"

"તેણે પણ તેને દોષિત ઠરાવી નથી..?"

"નવાઈ કહેવાય...! આપણને પ્રત્યુત્તર આપી શક્યો. અને ઉપરથી પેલી સ્ત્રીને પાપની માફી પણ આપી."

"આપણા જેવા સૌનાં - જ્ઞાનીઓનાં મોં બંધ કરી દીધાં...!"

"ખરેખર...! એ તરેહ તરેહનો માણસ છે. ખરો..!" વળી પાછા બીજા બે ત્રણ જણાએ અનુભવપૂર્ણ ટાપસી પૂરી. ભાઈઓ અને બહેનો, મને પણ એંજ પ્રશ્ન થાય છે. કે એ શી તરેહનો માણસ છે...?" "મારો..મારો...મારો..." ના ક્રોધાવેશ ટોળાને, પથ્થરોથી સજ્જ ટોળાને,

જ્ઞાનથી ભરપૂર શાસ્ત્રીઓ અને ફરોશીઓને ફક્ત ભોંય પર નીચે નમી હાથથી લખીને પ્રત્યુત્તર આપનાર એ શી તરેહનો માણસ છે...?"

અને એના પ્રત્યુત્તરમાં એ તરેહનો તરેહનું માણસ છે એ નિર્વિવાદ છે.

આવો, ટોળાની માફક આપણે અન્યનો ન્યાય કરતાં પહેલાં "મારો...મારો..." ના બૂમ બરાડા પાડતાં પહેલાં બીજાને દોષિત ઠરાવતાં આપણે પોતે પાપી છીએ કે કેમ..? એક પણ પાપ કબૂલ્યા વગરનું છે કે કેમ...? આપણે પાપ કર્યાં છે કે કેમ..? કે તેના (પાપના) આશ્રિત - ગુલામ બન્યા છીએ કે કેમ...? તેની પોતે પોતાની જ ખાતરી કરી ખુદનો જ ન્યાય કરીએ.

"મારો...મારો..," "મારો...મારો..." ના શોરબકોર કરતા ટોળામાં, ગુસ્સાવાળા ટોળામાં, કપટી અને પ્રપંચી ટોળામાં, સ્વાર્થી અને દંભી ટોળામાં તથા નિર્દોષની હાંસી ઉડાવનાર ટોળામાં, સામેલ ન થતાં પેલી પાપી સ્ત્રીની માફક નતૂમસ્તકે ગુરુ, પ્રભુ ઈસુની સમક્ષ ઊભા રહીએ. આપણાં પાપોની કબૂલાત કરીએ. પસ્તાવો કરીએ. અને આંસુ સાથે પ્રાર્થના કરીએ તો જરૂર પ્રભુ ઈસુ આપણને પાપથી મુક્ત કરી, તારણ કરી નવું જીવન આપશે. તથા કેવળ ટોળા સમક્ષ નહીં પરંતુ દેવબાપ સમક્ષ આપણને નિર્દોષ ઠરાવી નિષ્પાપી તરીકે જાહેર કરી આપણને સ્વર્ગીય રાજ્યનો વારસો આપશે.

એ રાજ્યનો વારસો આપનાર પ્રભુ ઈસુ ખરેખર! તરેહ તરેહનો માણસ છે. આવો, જુઓ અને કરો અનુભવ કે એ તરેહ તરેહનો માણસ હોવા છતાં દેવત્ત્વ ધરાવનાર ઈસુ છે.

(યોહાન : ૧ થી ૧૧ ના સંદર્ભ)

# ૭

## ઝભ્ભાની કોર

બૂમાંબૂમ અને શોરબકોર કરતું એક ટોળું સમુદ્ર તરફથી શહેર તરફ આગળ વધી રહ્યું હતું.

સમુદ્રની મંદમંદ અને મીઠી લહેરોથી સ્વસ્થ થયેલું ટોળું હતું. પરંતુ પોતપોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા એ ટોળું ચાલ્યા કરતું આગળ વધી રહ્યું હતું.

ધક્કાધક્કી અને પડાપડી થતી પરંતુ વૈરભાવ કે દ્વેષ ઈર્ષાથી નહિ. "મને...મને..!" કહી બૂમો પાડતા હતા. પરંતુ સંગ્રહક વૃત્તિથી નહિ.

સ્ત્રીઓ, પુરુષો અને છોકરાં સર્વ એકત્ર થયાં હતાં પણ એકબીજા પ્રત્યે અણછાજતું કે અઘટિત વર્તન ન હતું. બધાં જ નિર્દોષ, નિખાલસ અને એકતાના પ્રતીકરૂપે સંઘમાં ચાલ્યાં જતાં હતાં.

બધાં જ સશક્ત અને તંદુરસ્ત ન હતાં. પોતાની શારીરિક ખોડ-બીમારી કે પાપોથી શુદ્ધતા પામવા માટેનું ટોળું હતું. પાપી હતા તેઓ શરીરે સુંદર તથા તંદુરસ્ત હતાં. છતાં પોતે પાપ મુક્ત થવા-શુદ્ધ થવા પવિત્ર થવાના શુભાશયથી ટોળામાં સામેલ થયાં હતાં.

આટલા મોટા વિશાળ ટોળા વચ્ચે એક શુધ્ધ પવિત્ર અને આત્મિક ઓજસવાળો પુરુષ ધીરગંભીર બની દરેકની અપેક્ષાઓ પૂરી કરતો કરતો મનથી સ્વસ્થ અને ખુશમીજાજી ચહેરાથી દરેકને હાથના ઇશારાથી, અડકીને, આંખના ઇશારાથી અને મુખના હાવભાવથી હકારાત્મક પ્રત્યુત્તર આપતો આપતો ડગ ભેર જતો હતો.

આવા ટોળામાં જતા ઘણા લોકો તેના ઉપર પડાપડી કરતા હતાં.

ત્યાં અટકી તે દૈવી પુરુષે એટલે પ્રભુ ઈસુએ પ્રશ્ન કર્યો : "મને કોણ અડક્યું...?"

ટોળામાં જ ચાલતા, અને પ્રભુ ઈસુની સાથે ચાલતા શિષ્યોમાંથી પિત્તરે તરત જ કહ્યું : "સ્વામી, આટલા બધા લોકો તારા પર પડાપડી કરે છે ને તું પૂછે છે કે મને કોણ અડક્યું..?"

"અમે નથી અડક્યા, અમે નથી અડક્યા...!" એમ ટોળામાંથી અવાજ ચાલુ થઈ ગયો.

"ના, એમ નથી. બધાં શાંત થાઓ. પણ મને કોઇક અડક્યું છે ખરું! કારણ કે મારામાંથી પરાક્રમ નીકળ્યું છે. એવી મને ખબર પડી છે." પ્રભુ ઈસુએ ચોખવટ કરી.

હવે એ જ ટોળામાં એક સ્ત્રી હતી. તે ખૂબ જ ધ્રૂજતી હતી ગભરાતી હતી. અને હવે પોતે ગુરુને અડકી છે ને પોતાનો રોગ દૂર થયો છે. અને હવે તે છાની રહી શકી નથી. એમ જાણીને તે ખૂબ જ ગભરાવા લાગી. માટે પોતે ગુપ્ત રહી શકી નથી તેથી તે ધ્રૂજતી ધ્રૂજતી પ્રભુ ઈસુ આગળ આવી. ઘૂંટણે પડી પગે પડીને કાલાવાલા કરતાં કહ્યું : "મારા પ્રભુ, ને મારાં ગુરુ, હું છેલ્લાં બાર વર્ષથી લોહીવાના દર્દથી હેરાન પરેશાન થઈ ગઈ હતી. ખૂબ ખૂબ દવાઓ કરી. મારી બધી જ મિલકત વૈદો પાછળ ખર્ચી નાખી છતાં હું મારા દર્દથી સાજી થઈ શકી નહીં. અને દુ:ખી દુ:ખી થઈ ગઈ હતી." પોતાની દર્દ કહાણી સ્ત્રીએ કહી સંભળાવી.

"પણ ત્યારે આમ ગુપ્ત રીતે ઝભ્ભાની કોરે અડકી તેના કરતાં ગુરુની સામે આવીને તે આ બધી બાબત જણાવી હોત તો તેના મુખથી બોલીને તને સાજી ન કરી હોત..?" ઉતાવળિયા પિતરે ગુરુ પ્રત્યેનો પ્રેમ

પ્રદર્શિત કરતાં જણાવ્યું.

"ભાઈ, એ વાત સાચી. પરંતુ હું મારા દર્દથી શરમાતી હતી. જેથી ગુરુ સમક્ષ આવવા મારી હિંમત ન ચાલી. મને સંકોચ થયો. એટલે મેં મારા હૃદયમાં પૂરા વિશ્વાસથી નિશ્ચય કર્યો કે માત્ર તેના ઝભ્ભાની કોરને અડકીશ તોપણ સાજાપણું મેળવીશ." સ્ત્રીએ પોતાના મનની વાત ઠાલવી દીધી.

"તને એટલો બધો વિશ્વાસ હતો કે તું તેના ઝભ્ભાની કોરને અડકીશ અને સાજી થઈશ?" એક યહૂદીએ ઈર્ષાથી પૂછ્યું.

"હા..હા.., મેં પ્રભુ ઈસુ વિષે ઘણી વાતો જાણી હતી. તેના મુખથી બોલીને, આજ્ઞા કરીને, હાથ અડકાવીને, થૂંક ચોપડીને અને મનની વાત જાણીને ઘણાને સાજાપણું આપેલું છે. માટે જ મેં પણ મનથી નક્કી કર્યું કે જે માણસ પવિત્ર છે, દેવપુત્ર છે તેનાં કપડાં પણ દૈવત્વવાળાં, પવિત્ર અને પરાક્રમી હોવાં જોઇએ. અને એટલે માત્ર તેના ઝભ્ભાની કોરને અડકીને જાતે જ મારા પોતાના વિશ્વાસને વધુ મજબૂત બનાવવા અને ગુપ્તમાં સાજાપણું મેળવવા મેં નિશ્ચય કર્યો. અને એ જ વિશ્વાસનું ફળ હું આજે પામી છું." વિશ્વાસની સાર્થકતા તથા સત્યતાની સાક્ષી પ્રગટ કરતાં સ્ત્રીએ પોતાનું વક્તવ્ય પૂરું કર્યું. અને સ્વસ્થતાનો શ્વાસ લીધો.

"આપણો પ્રભુ તો પવિત્ર છે જ! તેની વાણી પણ પવિત્ર છે જ! અને એના ઝભ્ભાની કોર પણ પવિત્ર છે." સ્ત્રીના વિશ્વાસને આધારે એક ધાર્મિક માણસે ટાપસી પૂરી.

"હા, ખરે જ! એ આપણા જેવો માણસ હોવા છતાં તે પોતે અને ઝભ્ભો - ઝભ્ભાની કોર! પણ દૈવી પરાક્રમથી ભરપૂર છે." ટોળામાંના એક વૃદ્ધે વાતને વધુ દોહરાવી.

"આ તે કેવા પ્રકારનો માણસ છે? કે તેના ઝભ્ભાથી પણ માણસો સાજાપણું મેળવે છે!" એક યહૂદીએ ઊભરો ઠાલવી દીધો.

"એ તો દેવ બાપ જાણે! પરંતુ મને તો મારા વિશ્વાસે તેના ઝભ્ભાથી કે તેની કોરથી સાજાપણું મળ્યું છે. જુઓ, મારા શરીરની ક્રાંતિ, હું કેવી સ્વસ્થ અને તંદુરસ્ત બની છું. પછી ભલે તે માણસ હોય કે દેવ! ગમે તે હોય પણ તેનામાં દેવત્ત્વ છે જ!" સ્ત્રીએ આત્મસંતોષ સાથે પ્રભુની સાક્ષી પ્રગટ કરી.

પ્રભુ ઈસુએ તે સ્ત્રીને કહ્યું : "દીકરી જા, તારા વિશ્વાસે તને સાજી કરી છે, શાંતિથી જા.." ને વાતનું પૂર્ણવિરામ મૂક્યું.

મિત્રો; ખરેખર! પ્રભુ ઈસુ શી તરેહનું માણસ છે? એવા વમળમાં ન પડતાં માત્ર તેના ઉપર પૂર્ણ અંત:કરણપૂર્વક વિશ્વાસ કરવાથી ઝભ્ભાની કોર જગતિક હોવા છતાં તે પ્રભુના ઝભ્ભાની હોવાથી આપણાં સઘળાં દૈહિક દુ:ખ દર્દો દૂર થાય છે. એટલું જ નહીં પણ પવિત્રઆત્માની ભરપૂરીનો અનુભવ થાય છે. એ તરેહ તરેહનો માણસ છે. છતાં તેનામાં દેવબાપની પૂરી આત્મિયતા છે.

આવો, ખાતરી કરો. અને તેના ઝભ્ભાની કોરથી સાજાપણું મેળવવા "રાઈના દાણા જેટલો" વિશ્વાસ કરો. ને પછી જુઓ કે એ શી તરેહનો માણસ છે. અને તે આપણી જે તે જરૂરિયાત પૂર્ણ કરે છે કે નહીં...?

દૈહિક અને આત્મિક સાજાપણું આપવા, પવિત્ર બનાવવા તથા શાંતિ આપવા, એ તરેહ તરેહનું માણસ છે.

(માથ્થી ૯ : ૨૦-૨૦, માર્ક : ૫ : ૨૫-૩૪, લૂક : ૮ : ૪૩-૪૮)

# કોઢ ગયો ! (૮)

**(એક પાત્રિય અભિનય)**

કોઢિયો - (સ્ટેજ ઉપર એકલો જ ખુશમિજાજમાં)

હે...? હું શુદ્ધ થયો? મારો કોઢ ગયો..?

મારા શરીરે સફેદ ડાઘા હતા. સફેદ ચાઠાં હતાં. તે ગયાં...? હાશ...! આ હાથ પગ, આ ચામડી, આ છાતી, આ મોઢું, બધું કેવું સુંદર લાગે છે..? કેટલું સુંદર લાગે છે...?

અરે! હા હું હવે બીજાના જેવો શુદ્ધ થયો, સારો થયો. તંદુરસ્ત થયો.

હે..? હવે બધાં મારાથી દૂર દૂર ભાગી જતા નથી? એ ભાઈ, જુઓ, હું શુદ્ધ થયો છું. મારો કોઢ મટી ગયો છે. હું કેવો સુંદર દેખાઉં છું. હું ગંધાતો નથી. મારાં સફેદ ચાંદામાંથી જે રોગનાં જંતુઓ ફેલાતાં હતાં તે હવે તમને નહિ ચોંટે. હું તમારા જેવો જ છું. હવે ભાગી જતા ના...!

પણ...!, પણ...તમે બધા ચૂપ કેમ છો..? કેમ કોઈ બોલતા નથી...?

હા..., હું સમજી ગયો. તમે મને પૂછવા માગો છો કે હું શુદ્ધ કેવી રીતે થયો! એમ જ ને?

હા..હા..કહું છું. જરૂર કહું..! કેમ ન કહું...?

હું દવાખાને નથી ગયો. હું કોઈ વૈદ પાસે ગયો નથી. માનતા..? કોઢ મટાડવાની માનતા..?

ના, તે પણ મેં રાખી નથી. મેં હવા ફેર કરીને પણ આ રોગ મટાડ્યો નથી. આટલું બધું ના કહેતો હોવા છતાં તમે મને કેમ કાંઈ જ

પૂછતાં નથી? "શી રીતે રોગ ગયો..?" તે તમે નહીં પૂછો તોપણ આજે હું ખૂબ ખુશ છું માટે જરૂર કહીશ તમને ખબર નહીં હોય પણ મને તો ખબર છે. મને મના કરી છે. જાહેર કરવાની ના પાડી છે. તોપણ હું જરૂર કહીશ. મને મંદિરમાં યાજકો પાસે ખાતરી કરાવવા અને યજ્ઞ કરવા જવાનું કહ્યું હતું. પણ હવે મારે એ પોકળ યજ્ઞની શી જરૂર..?

મને જેણે 'શબ્દ' થી રોગ મટાડ્યો. તેના ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે. તો પછી યાજકો પાસે જવાની શી જરૂર? હું હવે રોગમુક્ત છું. તો મારે મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે વિધિ કરવાની જરૂર ખરી..? તેના કરતાં પણ તે માણસ મોટો છે...!

ના.., ના હવે મારે એ બધો બહારનો વિધિ નથી કરવો. હું તો હવે લોકો સમક્ષ જાહેર કરીશ. હું તમને બધાને એ જ કહીશ, તમને જણાવીશ જ! તમે બધા જાણો છો...? મારો રોગ કોણે મટાડ્યો? સાંભળો, હું કહું...

હું કોઢિયો હતો. રોગથી કંટાળી ગયો હતો. ત્યાં મેં એ પવિત્ર વ્યક્તિની વાત સાંભળી મેં તેની રાહ જોઈ અને..?

તે એક દિવસ આપણા શહેરમાં આવ્યો. હું દોડી ગયો. અને એકદમ તેના પગમાં જઈને પડ્યો. ઘૂંટણે પડી, પગ પકડી કાલાવાલા કર્યા, આજીજી કરી ને વિનંતી પણ કરી.

તેને દયા આવી. અને મારી સામે જોયું. પણ...કાંઈ જ વાતચીત નહિ.

મેં ફરીથી કહ્યું...પ્રભુ, જો તારી મરજી હોય તો તું મને શુદ્ધ કર, હું તો પાપી છું. મેં પાપનો પસ્તાવો કર્યો અને...?...તે, મને અડક્યો. અને બોલ્યો.

"મારી ઇચ્છા છે તું શુદ્ધ થા."

અને એકદમ મારા શરીરમાં ઝણઝણાટી થઈ. હું શુદ્ધ થયો. આ મને તમે જુઓ છો તેવો શુદ્ધ થયો. શરીરથી અને આત્માથી હું હવે શુદ્ધ

તથા પવિત્ર છું. ખુશ છું. પણ હા..હું હવે એ માણસ કોણ છે તે તમને કહેવાનું જ ભૂલ્યો. હું કેવો ભૂલકણો છું ? હું મારા હર્ષાવેશમાં નામ પણ જણાવવાનું ભૂલી ગયો.

ના, એમ નહીં ભૂલું...!

તેનું નામ, શરીર, આકાર, અવાજ, દેખાવ મને પૂરેપૂરો યાદ છે. મજબૂત બાંધાનો, સશક્ત અને પવિત્રાઇના પ્રકાશથી સફેદ કપડામાં અદ્‌ભુત દૈવી સ્વરૂપવાન હતો. તેનું નામ ઈસુ છે. તેનાં માતા મરિયમ, પાલક પિતા યૂસફનો પુત્ર છે. આખા શહેર ગામ અને નગરમાં ફરે છે. લોકોને ઉપદેશ આપે છે. અને મારા જેવાને શુદ્ધ કરે છે. અંધજનોને આંખો આપે છે. મરેલાંને જીવતાં કરે છે. અને એવાં તો કંઈક દયાનાં કૃત્યો કરે છે.

તેની પાસે દવા નથી કે નથી મંત્ર, નથી જાદુ વિદ્યા કે નથી દોરા ધાગાનો ડોળ કે નથી વૈદુ..!

ફક્ત એક જ વાક્ય કે પવિત્ર સ્પર્શ..!

હા, એ એવો જુદો જુદો તરેહ તરેહનો માણસ છે? હેં..? એ શી તરેહનો માણસ છે..? એમ મને ન પૂછશો એ તો તરેહ તરેહનો માણસ છે. પણ અદ્‌ભુત છે.

ભાઈઓ, આંવો, તમે પણ તમારા શરીરની અને આત્માની અશુદ્ધિઓથી શુદ્ધ થાઓ. એને ઓળખો અને તમારી આધિ વ્યાધિથી કે કે પાપની પકડમાંથી મુક્ત થાઓ.

એ શી તરેહનો માણસ છે? એવું મને ન પૂછશો. પણ જાત અનુભવ મેળવો.

(માર્ક : ૧ : ૪૦ થી ૪૪ ના સંદર્ભ)

## ૯

# મહા શાંતિ...મનન

મહાશાંતિ થઈ!
અરે! હા, પરમશાંતિ થઈ!
ગડગડાટ દૂર થયો, ભય દૂર થયો.
બૂમાબૂમ નાસભાગ બંધ થઈ..!
પવન થંભ્યો..!
સૌને હૃદયે વધેલી ધડક ધીમી પડી.
ને...!
સૌ...! અચરત થયા..?...!..?
આશ્ચર્યમાં ગરક થઈ ગયા.
હેં...!..?
શું...?..?..
આ વિકરાળ સમુદ્ર? ને આ ભયંકર પવન..?
આ મહા મોટો દરિયો પણ તેનું સાંભળે છે..?
સૌ પ્રશ્નોત્તરીમાં અંદરોઅંદર ગૂંથાઈ ગયા..!
કેટલું બધું તોફાન...?
ભયંકર તોફાન..!
મોટાં પર્વતસમા વિકરાળ પાણીનાં મોજાં..!
હોડીઓનું તો તેની સામે શું ગજું...?
ડામાડોળ સ્થિતિ..!

ભયંકર પરિસ્થિતિ...!

નાશનો કિનારો નજીક જ.

ને..? જીવ મુઠ્ઠીમાં...!

ને...?

આપણા બધા..? આપણે શિષ્યો તો..?..

આ દરિયામાં ડૂબી જાત...!

પણ,

સારું કર્યું આપણે સૌએ..

તેને વેળાસર બૂમ પાડી : ઊંઘમાંથી ઊઠાડ્યો.

તે જાગ્યો, ઊઠ્યો...અને...

તેની કેટલી બધી દરિયા ઉપર પકડ..!

પોતાની દૈવી ભાષામાં તડૂક્યો..!

"શાંત થાઓ..!"

"આ તમને શું સૂઝયું છે...!"

"કેમ તોફાન કરવા માંડ્યું છે..?"

ને...?

સમુદ્ર બીધો...ને શાંત થયો.

પવન થંભ્યો.

તેનું માન્યું.

બધું હતું. તેવું જ શાંત થઈ ગયું.

શિષ્યો...?

હેં, લ્યા...! આ ઈસુ છે? કે માણસ છે..?

કે..?...?..

માણસ તો છે જ...!

તો

એ શી તરેહનો માણસ છે..?..?

મિત્રો, આ જગત સમુદ્ર સમાન નથી..?

સંસાર સાગર નથી..?..જ્યાં ને ત્યાં ડામાડોળ..!

તોફાન...! ભય કે વિકરાળ નથી...?

શું તેમાં આપણે ઘેરાએલા નથી..?

આવો,

પ્રાર્થના દ્વારા એ જ ઈસુને બૂમ પાડીએ. હા તેને જ કહીએ..!

હા..તે જ ઈસુ જે માણસ હતો તેને..!

હા...તે તરેહ તરેહનો માણસ હતો છતાં દેવ છે.

શું તેને તમે અને સૌ નહીં પ્રાર્થીએ...?

મહા શાંતિ નહિ પામીએ?

નાશના માર્ગમાંથી નહિ બચીએ.....??

(માથ્થી ૮ : ૨૩ થી ૨૭).

# થૂંક...! (૧૦)

"થૂંક" શબ્દ સાંભળતાં આપણ સૌને અરેરાટી થાય છે. ત્યાં તો પેલા જન્મથી આંધળા માણસની આંખે થૂંકી કાદવ બનાવી ચોપડ્યો!

"હા...ભાઈ, હા, મેં પણ એમ જ સાંભળ્યું છે. પણ સાચું શું? એ હું જાણતો નથી."

"પણ, આપણે તે આંધળાને શોધી કાઢીએ...તેને પૂછીએ, પછી તો સત્ય અસત્યની ખબર...!"

આમ ફરોશીઓ તર્કવિતર્ક કરતા હતાં, ત્યાં કેટલાક લોકો ખુદ તે જ માણસને લઈને આવ્યાં.

"આ માણસ જન્મથી આંધળો હતો, અને તે દેખતો થયો છે. તે આપણા જેવું જ જોતો થઈ ગયો છે. અને પેલા ઈસુનાં વખાણ કરતો કરતો...ભજન કરતો આખા શહેરમાં ઘૂમ્યા કરે છે....!" એકી શ્વાસે એક આગળ પડતા માણસે કહી નાખ્યું.

ફરોશીઓ બધા શાંત હતાં. બીજા બધા પણ પેલા માણસ સામે એકીટસે જોઈ રહ્યા હતાં. ત્યાં વડીલ ફરોશી પૂછે છે :

"અલ્યા, તું જન્મથી આંધળો હતો?"

"હા..."

"તું શી રીતે દેખતો થયો?"

"તેણે મારી આંખો પર કાદવ ચોપડ્યો..."

"તેણે એટલે કોણે...?"

"કેમ કોણે...?" આશ્ચર્યથી આખી વાતચીતમાં કેન્દ્ર બનેલ જન્મથી આંધળો પૂછે છે. અને પોતે જ તેનો પ્રત્યુત્તર આપતાં : "તમે જાણતા નથી? ઉપદેશક ઈસુ જે આખા શહેરમાં ફરે છે તેણે...!" વચ્ચે જ કૂદી પડતો હોય એમ બીજો એક જુવાન ફરોશી યાદ કરીને "અરે! હા, પેલા મંદિરવાળા રસ્તે અને વિશ્રામવારના દિવસે બપોરે...!"

"હેં, વિશ્રામવારના દિવસે?" વચ્ચે જ ગુસ્સાથી વડીલ ફરોશીએ કહ્યું તથા આગળ વાત પૂછતાં : "તને દેખતો કરવા તેણે (ઈસુએ) શું કર્યું?"

"ભાઈઓ, મેં જાણ્યું છે તેમ તેણે મારી આંખો ઉપર તેના થૂંકથી કાદવ કરી ચોપડી શિલોઆહના કૂંડમાં ધોવા મોકલ્યો. મેં આંખો ધોઈ અને હું દેખતો થયો. નાચ્યો અને કૂદયો...!..." આંધળાએ હર્ષાવેશમાં કહ્યું.

"હેં...? થૂંકવાળો કાદવ...? વડીલ ફરોશીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"હા, હા...થૂંકવાળો કાદવ...!...! મેં જોયું નથી પણ તે વખતે ત્યાં જેઓ હાજર હતાં. જેઓએ જોયું હતું તેઓ બધા જ કહે છે. મને પણ આ પ્રક્રિયાનો ખ્યાલ તો આવી ગયો હતો જ તથા કાદવને મેં ધોયો હતો તે સત્ય હકીકત છે જ...!" ખરાપણાના ભાવમાં મક્કમ રહી આંધળાએ

પ્રત્યુત્તર આપ્યો.

"એ તારી વાત સાચી પરંતુ વિશ્રામવારે એક પ્રબોધક નિયમશાસ્ત્રનો ભંગ ન કરી શકે. હવે તું જ કહે કે એ માણસ પાપી ખરો કે નહિ...? પાપી માણસ તને દેખતો કરી શકે ખરો...?" નિયમશાસ્ત્રના બહાનાને રજૂ કરતાં વડીલ ફરોશીએ રોષ વ્યક્ત કર્યો.

આંધળાએ કંઈક યાદ કરી તરત જ કહ્યું કે, "તમે એ માણસને પાપી ઠરાવો છો તે હું ન જાણું પરંતુ તેના શિષ્યોએ જ મારા અંધાપા વિશે પ્રશ્ન કરતાં પૂછ્યું હતું કે કોના પાપથી હું જન્મથી આંધળો હતો...? મારાં પાપોને લીધે કે મારાં મા-બાપનાં પાપોને લીધે...?"

"તો તારા ગુરુએ શો જવાબ આપ્યો?" વડીલે વાત ઝડપી લીધી.

"દેવનાં કામ પ્રગટ થાય માટે એમ થયું છે" એમ ઈસુએ કહ્યું. અને શિષ્યોને તર્કવિતર્ક કરતાં અટકાવ્યાં." આંધળાએ ખુલાસો કર્યો.

"તો તું જ કહે એ માણસ કેવો ગણાય.?" ફરોશીએ આંધળાને પકડમાં લેવા પૂછ્યું.

"દેવનાં કામ દેવપુત્ર જ કરી શકે. જે પોતે માણસ હોવા છતાં આવાં અદ્ભુત કાર્યો કરે છે. જેથી તેમાં આપણે દેવ તરીકે વિશ્વાસ મૂકવો જોઈએ - તેને માનવો જોઈએ..." આંધળાએ ઉપદેશની શૈલીમાં કહ્યું.

"તું અમને ઉપદેશ કરે છે...?" આંધળાને વડીલે ધમકાવ્યો.

તેના થૂંકથી મારી આંખો ઉઘડી છે. હું દેખતો થયો છું. તે નિર્વિવાદ છે. અને માટે જ આવા દૈવી ચમત્કાર કરનાર દૈવી કુંવર નહીં તો બીજો કોણ

હોય...?" નીડરતાથી આંધળાએ સ્પષ્ટતા કરી ત્યાં તો ટોળામાંથી એક બીજો જુવાન કહેવા લાગ્યો. "અરે! ભાઈઓ અને વડીલો તમે બધાં આ ભાઈને કેમ મૂંઝવો છો? આ ભાઈની માફક હું પણ આંધળો હતો. બેથસૈદાનો હું રહેવાસી છું. ત્યાં મારા પ્રભુ આવ્યાં. અને કેટલાક લોકોએ મને તેમની સમક્ષ લાવી, મને અડકી દેખતો કરવા વિનંતી કરતાં મારાં પ્રભુ ઈસુએ મારી આંખો ઉપર થૂંક ચોપડ્યું ને હું દેખતો થયો..."

"તું પણ મારી માફક શિલોઆહનાં કૂંડમાં જઇને ધોઇને શુદ્ધ થયા પછી જ દેખતો થયો એમ જ ને...?" જન્મથી આંધળા માણસે વાતને સમર્થન આપતાં પૂછ્યું.

"ના, એમ નહીં. પ્રભુ ઈસુએ થૂંક લગાડી મારી આંખો પર હાથ મૂકી પૂછેલું કે તું કંઈ જુએ છે? ત્યારે હું માણસોને ઝાડની માફક ચાલતાં દેખી શક્યો હતો તે મેં કહ્યું. ત્યારે ફરીથી એ જ રીતે હાથ મૂકી પૂછ્યું કે તું કંઇ જુએ છે? ત્યારે મને સ્પષ્ટ દેખાય છે તે મેં કહ્યું. અને એમ મને સ્પષ્ટ દેખતો કરી ઘેર મોકલ્યો." બીજા આંધળાએ પોતાનો આખો પ્રસંગ એકી સાથે પૂરો કર્યો.

"એટલે તારી આંખો પણ મારી માફક થૂંકથી જ ઉઘડી ગઇ એમ જ ને...? આપણે બન્ને થૂંકથી જ અંધકારમાંથી પ્રકાશમાં આવ્યાં કેમ ખરું ને..?" જન્મથી આંધળા માણસે મૈત્રીભાવે પૂછ્યું.

"હા, ભાઈ હા, પ્રભુના થૂંકથી જ આપણે દેખતાં થયાં. ખરેખર એ માણસ હોવા છતાં દેવ તો ખરો જ...!" બીજા આંધળાએ હુંકારો ભર્યો.

"લ્યો, હવે રહેવા દો...! એક આપણા જેવો માણસ સુથારનો પુત્ર, તેનાં બીજા ભાઈ બહેનો આપણી સાથે છે તો તેવો માણસ દેવ હોઈ

શકે ખરો..? અને તેના થૂંકથી આંધળાંએ દેખતાં થઈ શકે ખરાં...? એ બને જ કેમ? અમારે એના વિષે વધારે તપાસ કરવી પડશે.." બીજા ફરોશીઓ સામે અનિમેષ નજરે ઈર્ષાથી વડીલ ફરોશીએ કહ્યું.

"તમે બધા ભલે તપાસ કરો! પરંતુ મેં આ (બીજા આંધળાને બતાવતાં) માણસને થૂંક ચોપડી દેખતો કર્યો છે એ જાતે જ જોયું છે. ને બેથસૈદા શહેરનો એ પ્રસંગ છે તે પણ સત્ય ઘટના છે." એક યુવાને ખૂબ જ નિડરતાથી સ્પષ્ટતા કરી.

"મને પણ થૂંકનો કાદવ કરી કૂંડમાં ધોવા જવાની આજ્ઞા કરી. જે મેં માની અને હું ગયો. આંખો ધોઈ ને હું દેખતો થયો છું. માટે તેનામાં અને તેના થૂંકમાં દૈવી પરાક્રમ છે જ...!" જન્મથી આંધળા માણસે વિશ્વાસને પ્રગટ કર્યો.

"માટે જ એ માણસ હોવા છતાં દેવ જેવાં કામ કરે છે. માટે તે સાચે જ દેવપુત્ર છે." એક બીજા અનુભવી યુવાને વાતના દોરને ખેંચી મજબૂત કર્યો.

"હા, ભાઇ હા...એ માણસ હોવા છતાં આવાં ઘણાં કામ કર્યાં છે. દેખતાં, ચાલતાં, જીવતાં અને શરીરે શુદ્ધ કરી માણસને અનંતજીવન આપે છે. તો એ શી તરેહનો માણસ છે? એ જ મને કંઈ જ સમજાતું નથી. ટોળામાંથી ધીરે રહી ત્રીજાએ વાતને સમર્થન આપ્યું.

"થૂંકથી હોય કે હાથથી, ઝભ્ભાની કોરથી હોય કે મુખથી, ગમેતે હોય પણ એ શી તરેહનો માણસ છે તે કળવું મુશ્કેલ છે...!" ચોથાએ પણ હિંમત ભેગી કરીને પ્રભુની પ્રશંસા કરી.

તમો બધાં જ એ શી તરેહનો માણસ છે? શી તરેહનો માણસ છે? એમ કહ્યા કરો છો. અને સમયનો વ્યર્થ બગાડ કરો છો. તેના કરતાં

તમે જાતે જ જાઓ, જુઓ અને અનુભવ કરી ખાતરી કરી લો. તેની પાસે જાઓ - લાગો- અને એને શોધો. અહીં ઊભા ઊભા શું સમજી શકવાના છો?" એક ધાર્મિક માણસે ટોળાને શિખામણ આપતાં કહ્યું.

મિત્રો, આપણે સૌ પણ પ્રભુની પાછળ જઈએ. તેને શોધીએ, શેતાનના રસ્તેથી - પાપના માર્ગેથી વળીએ; તેની આજ્ઞાઓ પાળીએ, પ્રાર્થનાઓ સહિત આપણી જરૂરિયાતો પ્રાપ્ત કરીએ. અને એ શી તરેહનો માણસ છે? તેનો અનુભવ કરીએ.

જો તેના થૂંકથી દૈહિક આંખો ખુલતી હોય તો પછી જો તે પોતે જ આપણને મળે - પ્રાપ્ત થાય, આપણાં હૃદયમાં તેનો વાસો હોય તો દૈહિક અને આત્મિક વાનાં શું નહીં મળે...?

આવો, એ શી તરેહનો માણસ છે? તેનો અનુભવ કરો. અને અંધજનોની માફક સાક્ષી આપનાર બનો.

(યોહાન ૯; ૧ થી ૭, માર્ક ૮; ૨૨ થી ૨૫નાં સંદર્ભમાં)

# ૧૧ સેના

"સેના...?"

"હા..., સેના પણ લડાયક સેના નહી...!"

"તીડોની સેના....નહીં...?"

"તો ભાઈ સેના શેની....?"

"ને....? એનું અહીં શું છે...?" ટોળાના આ આડેધડ પ્રશ્નોમાં એક અજાણ્યાએ ઇંતેજારીનો અંત લાવવા પૂછ્યું.

"હા...હું તમને એ જ કહેવા માગું છું." એક વડીલ જણાતી વ્યક્તિએ વાત કહેવાની સંમતિ આપી.

"તો જલ્દી કહો ને...!" એક અધિકારીએ અધીરાઈ બતાવી.

"અરે! ભાઈ સાંભળો, પેલો...! દૂર કબ્રસ્તાનમાં રહેતો હતો. અશુદ્ધ આત્મા વળગેલો તોફાની માણસ.

"તો તેનું અહીં શું...?"

"અરે! મારું પૂરું સાંભળો તો ખરા...એ માણસ પૂરેપૂરો શુદ્ધ થઈ શાંતિથી પ્રભુ ઈસુ જે ઉપદેશક તરીકે આખા શહેરમાં અને ગામમાં ફરે છે ને તેના પગ આગળ બેઠો ભજન કરે છે!"

"લે..? તેં તો લાંબું લાંબું કહી નાખ્યું. પણ તેમાં સેનાનું નામ નિશાન તો છે જ નહીં." ટોળામાંથી એક જણ ટપકી પડ્યો.

"અરે! પાછી ઉતાવળ કરી. હું તેજ કહું છું મારું પૂરું સાંભળો તો

ખરા! જુઓ એ માણસમાં જબરો એવો મોટો ભયંકર અશુદ્ધ આત્મા હતો. અરે એવા તો ઘણા મોટા અશુદ્ધ આત્મા.....સેનાના સ્વરૂપમાં હતો." ગૌવાળિયો જે વડીલ જેવો જણાતો હતો તેણે આખી વાતનો ઘટસ્ફોટ કર્યો.

"અરે! એક નહીં, બે નહીં, પણ ઘણાં ભૂતો હતાં. આખી સેના હતી." સાથી ગોવાળિયાએ દોડતાં દોડતાં ટોળા વચ્ચે આવી ઊંડો શ્વાસ લઈ વાતને સમર્થન આપ્યું.

"અમે તો નિરાધાર થઈ ગયા. અરે રે...!!" "અમારાં બધાં જ ભૂંડો ઊંચે કરાડા ઉપરથી પડીને છેક સમુદ્રમાં ડૂબી મૂઆં."

"અમે અમારાં માલિકને શો જવાબ આપીશું?"

"અરે...રે...! હાય...હાય...!!" દોડતા આવતાં ત્રીજા ગોવાળિયાએ અને આવેલા પ્રથમ બે ગોવાળિયાએ પોતાનો આર્તનાદ પ્રગટ કર્યો. અને કલ્પાંત કર્યું. તથા ભૂંડોના માલિકોને શો જવાબ આપવો તેવી ઘેરી ચિંતામાં ટોળા વચ્ચે જ બેસી પડ્યાં.

"અલ્યા, તમો શું કહો છો...?"

"અરે! કંઈ સમજણ પડે તેમ તો કહો."

"આ તમો જે કહો છો તે સાચું છે...?"

"એ ભૂંડોનું ટોળું એમ સમુદ્રમાં કેમ પડ્યું?

"ને આ ભૂંડો, માલિક, તથા સેના..! એ કેવી ગેરસમજ ઊભી કરે એવી બનાવટી વાત...?"

"તમો કહેવા શું માગો છો...?"

ટોળામાંથી શંકાકુશંકા અને સ્પષ્ટીકરણ કરવાના વિચારે ઘણાં બધાં પ્રશ્નોની ઝડી થઈ.

"અરે! કંઈક માંડીવર્તીને સાચી વાત કહો તો તમારી ચિંતા, મૂંઝવણ દૂર થાય અને કોઇક માર્ગ નીકળે. એક વડીલ વૃદ્ધ સજ્જને ગોવાળિયાઓને દિલાસો આપ્યો.

"શું આ તમો જે કહો છો તે સાચું છે?" ફરીથી એ જ પ્રશ્ન પૂછાયો.

"હા...હા...અમે તો એવા બીધા કે ત્યાંથી નાઠા! ને તે આખી વાત તમને જણાવવા અહીં સુધી દોડતા આવ્યા. ને જે બન્યું છે તે બધું જ તમને અમે ત્રણેયે વારાફરતી કહ્યું છે. તે સાચું છે." વડીલ ગોવાળિયાએ ખાત્રી ઉચ્ચારી.

"હા...અમારી નજરે જોયેલો આખો પ્રસંગ સાચો છે. તથા પેલો અશુદ્ધ ગાંડો અને મૂઢ માણસ ખરેખર શુદ્ધ, સારો અને સ્વસ્થ થયેલો જોયો." બીજા ગોવાળિયાએ પણ વાત દોહરાવી.

"ના...ના..., એમ નહીં..! ચાલો આપણે, ત્યાં જઈએ. ને આ ગોવાળિયાઓએ જે કહ્યું તે જોઈએ."

"હા...ભાઈ, ચાલો, આ ગોવાળિયાઓએ પોતાની નિષ્કાળજીથી ભૂંડોનો નાશ કર્યો હશે. ને સમુદ્રમાં પડવા દીધાં હશે. અને અહીં આપણ સૌને જોઈને સ્વબચાવ કરવા વાત ઉપજાવી કાઢી હોય એમ લાગે છે." એક શ્રીમંત ફરોશીએ દહેશત રજૂ કરી લોકોને ઉશ્કેરવા અને બનાવના સ્થળે આગળ વધવા સંકેત કર્યો.

"હા...ભાઈ..એવુંય..ખરું..! હોં..!"

"તો ચાલો..! તેમાં આપણાંય ભૂંડો હતાં. માટે તપાસ તો કરવી જ જોઈએ." બીજા એક ફરોશીએ પણ વાતને બહેકાવવા પ્રયત્ન કર્યો.

"હા...ચાલો, ખાત્રી તો કરવી જ જોઈએ."

"હા...ચાલો, જે હશે તે જાણવા તો મળશે ને..?"

"હા...ચાલો, તમે ત્યાં જોશો, સાંભળશો. ત્યારે તો માનશો ને?" એક યુવાન ગોવાળિયાએ સત્યતા સાબિત કરવા સૌને અનુરોધ કર્યો. અને સૌની આગળ ચાલ્યો.

"હા...ચાલો, અમે સાચા છીએ. એ તમને ખાત્રી કરાવીએ. પ્રત્યક્ષ બતાવીએ." બીજા ગોવાળિયાએ પણ મક્કમતા બતાવી.

"ભાઈઓ જરા ચેતીને ચાલજો. અને ધીમે રહીને જજો કારણ કે એ માણસ વર્ષોથી કબ્રસ્તાનમાં રહે છે. તેને સાંકળોની બેડીઓથી બાંધવામાં આવતો હતો. છતાં તોફાની એટલો બધો હતો કે તે કોઈને ગાંઠતો ન હતો. તથા બંધનો પણ તોડી નાખતો હતો. માટે જરા ચેતીને સાચવીને ત્યાં જજો..." એક જાણકાર માણસે ટોળાને ચેતવણી આપી.

"અને...? નિત્ય રાત દહાડો પહાડોમાં તથા કબરોમાં બૂમો પાડતો, પથ્થરોથી પોતાને ઘાયલ કરતો, નાસભાગ દોડાદોડ કરતો. ફરતો. બેડીઓને પોતે જ તોડી નાખતો હોય એનો શો વિશ્વાસ...?"

"ને કદાચ...! આપણને ય પથ્થરે મારે તો..?"

"હા, ભાઈઓ. એવા માણસનો શો વિશ્વાસ...?" કેટલાક અનુભવી માણસોએ દહેશતના પ્રત્યાઘાત આપ્યા.

"અરે! આ ગોવાળો કહે છે તે જૂઠું પણ હોય, અને કેવળ ઢોંગ કરી બેઠા હોય..?" વડીલ ફરોશીએ વળી પાછો મમરો મૂક્યો.

"પણ..પણ..તમે બધાં આમ શંકાકુશંકામાં શા માટે પડ્યા છો..? અમે જે કહીએ છીએ તે સત્ય અને નક્કર હકીકત છે." વડીલ ગોવાળિયાએ લોકોને વિશ્વાસ રાખવા અનુરોધ કર્યો.

"પણ, તમે કહો છો તેમ તે માણસ એકદમ સાજો થઈ ગયો છે...?" વળી એક માણસે ટોળામાંથી શંકા ઊભી કરી પ્રશ્ન દોહરાવ્યો.

"હવે...એ બધું નજરોનજર જોશો, સાંભળશો ત્યારે તો કહેશો ને...? અમે એકલા ગોવાળિયાઓ જ નહીં પણ બીજાઓ ઘણાંએ જોયું છે. તે હજુ ત્યાં જ ઊભા હશે. તેઓ તમને કહેશે...ત્યારે તો માનશો ને...? બીજા ગોવાળિયાએ મકકમતા સાથે ખાત્રી ઉચ્ચારી.

"હેં...? બીજા માણસો પણ ત્યાં હતાં? બીજાઓ પણ આ અંગે જાણે છે?" વડીલ ફરોશીએ ઈર્ષા પ્રગટ કરી.

હા, જુઓ દૂર...હજુ તેઓ ત્યાં જ ઊભા છે. અમે તો બીધા હતાં. તેથી નાઠા હતાં. પણ તમો સૌ મળ્યા એટલો નિરાંતનો દમ ખેંચી ભયની વાતો જાહેર કરી. અને તમને સૌને અહીં પાછા લઈને આવ્યાં." પહેલા જુવાન ગોવાળે પ્રસંગના સ્થળ તરફ અંગૂલિનિર્દેષ કર્યો.

સમુદ્રના કિનારે ગેરસાનીઓના દેશમાં જે ગાલીલની સામે પાર હતો. ત્યાં હોડીમાં બેસી પ્રભુ ઈસુ અને તેના શિષ્યો આવ્યા હતાં. જ્યાં નજીકમાં તે દેશનું એક મોટું કબ્રસ્તાન હતું. તેવા સ્થળે ઉજ્જડ વેરાન પ્રદેશમાં દૂર કબ્રસ્તાનના રસ્તા ઉપર એક વટેમાર્ગુ જણાતા ચોક-ભાગોળમાં પ્રભુ ઈસુ અને તેના પગમાં શુદ્ધ અને સ્વસ્થપણે પેલો ગાંડો તોફાની બેઠો હતો. આજુબાજુ કેટલાક શહેરના માણસો પ્રસન્ન અને આનંદિત ચહેરે પ્રભુની વાતો સાંભળતા હતાં. અને પેલો ભૂત વળગેલો ગાંડો માણસ જે

શુદ્ધ અને ડાહ્યો થયેલો હતો. તેની સામે સૌ વારંવાર જોતા હતાં. ને પ્રભુના દિવ્ય પ્રકાશિત ચહેરા સામે કે શિષ્યો સામે અનિમેષ નજરે પણ જોતાં ઊભાં હતાં.

ત્યાં આ ટોળું ચર્ચા, શંકાકુશંકા, ઈર્ષા, અને કોઈનાં ભૂંડોનો નાશ થયો હોય તે તેનો બદલો લેવાની બદદાનતથી તથા બીજાં કેટલાંક નિ:સ્વાર્થી માણસો કંઈક અપેક્ષાઓ પૂરી કરવા હૃદયના ઊંડા વિચારોમાં ગોવાળો પાછળ કલબલ, શોરબકોર કરતું મિશ્રિત ટોળું અહીં સુધી આવી પહોંચ્યું.

"જુઓ, આ રહ્યો પેલો માણસ..! આ રહ્યો! ને..? આ ઉપદેશક ઈસુ..! આ બધાં ત્યારના જ નજરોનજર જોનારા માણસો ને શિષ્યો વગેરે..." ઉતાવળિયા ગોવાળિયાએ આંગળી ચીંધી ઓળખ આપી.

"આ માણસ..?"

"આ ઈસુ છે..?"

"આ ઈસુ ઉપદેશક છે..?"

"આ માણસ ઈસુએ આ બેઠો છે તેને ભૂત વળગેલાને શુદ્ધ કર્યો...?"

"આજ માણસ...? જે ઉપદેશકના પગમાં બેઠો છે તે જ...?"

"આ માણસને ભૂતો વળગેલાં હતાં..?"

"સેના..?"

"શેની..?" "કેવી...?"

"ભૂતોની સેના...? હોય...? ભૂત તો એક જ હોય!"

"હેં..? એ ભૂતોએ કહ્યું હતું કે અમો એક મોટી સેના છીએ."

"હા...આ જ માણસને સાંકળોથી બાંધવામાં આવતો હતો."

"હા...ભાઈ...હા..એ જ માણસ છે. તેનામાંથી ભૂતોની સેના દૂર થઈ છે. કાઢી છે. તે જ તે છે. તે જ આ સદગુરુ ઉપદેશકના પગમાં બેઠો છે."

"હા...આજ ઉપદેશક ઈસુ છે. જેણે આ મહાન સેના દૂર કરી છે."

"અરે! આમ તમે બધા ક્યાં સુધી શંકાકુશંકાની પ્રશ્નોત્તરીમાં સમય ગુમાવશો..? એ શી રીતે બન્યું? તે તો પૂછો. એક વડીલ ફરોશીએ ઉપદેશકને કઈ રીતે સપડાવવો તે જાણવા વાતનો દોર શરૂ કર્યો.

"કેમ શી રીતે..? આ મારા પ્રભુએ મને શુદ્ધ કર્યો છે. મારામાંથી ભૂતોની મહાન સેના દૂર કરી છે. અને મને બિલકુલ સ્વસ્થ અને શુદ્ધ કર્યો છે. તેમાં શી શંકા?" ભૂત વળગેલો શુદ્ધ થયેલો માણસ નીડરતાથી લોકોને સત્ય પ્રસંગ જાહેર કરે છે.

"આ માણસ કબ્રસ્તાનની પેલી મોટી ભયંકર કબર પાછળથી ભયંકર અને બિહામણા અવાજ સાથે દોડતો આવતો હતો. કિકિયારીઓ કરતો મેં જોયો હતો."

"અને તે જ વખતે સમુદ્રના કિનારે હોડીને લાંગરતી મેં જોઈ હતી.

"અને તેમાંથી આ સફેદ વસ્ત્રધારી પવિત્ર ઓજસવાળો પુરુષ આ નાના ટોળા સાથે આવતો જોયો હતો.

"ત્યારે દૂરથી આ બેશુદ્ધ માણસ બૂમો પાડી હાથમાં મોટો પથ્થર લઈ મારવા દોડ્યો હતો."

"ત્યારે નીડર અને શાંતપણે આ ગુરુ તેની સામે એકીટસે જોઈ રહ્યા. અને તેના શિષ્યો તેની ઓથે ગભરાતા પણ શાંત ઊભા રહ્યા તે મેં પણ જોયું."

"ને એવી ભયંકર બૂમ પાડી કે જાણે ભયાનક સિંહ-વાઘની બોધકાર!"

"ઓ પરાત્પરના દેવના દીકરા ઈસુ, મારે ને તારે શું..?"

"હા...એ ઘાંટો મેં પણ સાંભળ્યો હતો."

"આમ સામી છાતીએ ભયાનક બૂમથી પડકાર થતો જોઇ હું પણ અવાક જ થઇ ગયો હતો.

"ને થોડીક જ ક્ષણોમાં તે ઢીલો ઢસ..!"

"નાગો, નવવસ્ત્ર, શરમિંદો થઈ સંકોચાતો નીચું જોતો બેસી ગયો. ને કાલાવાલા કરતો હું તને વિનંતી કરું છું કે પ્રભુ તું મને હવે દુઃખ ન દે!"

આમ નજરોનજર જોનારાઓએ આખા પ્રસંગને વાતચીત દ્વારા પૂરો કહી સંભળાવ્યો. તેથી શુદ્ધ થયેલો માણસ પણ સમજી શક્યો કે આ સૌ મારા સંદર્ભમાં જ જાણવા માગે છે. તેથી પ્રભુ ઈસુએ તેને શુદ્ધ કર્યા પછી, તેની વિનંતી સાંભળ્યા પછી તેના પગમાં બેસતાં પહેલાં પિતરે તેને કામળાથી શરીરની લાજ ઢાંકી હતી. તે લાજમર્યાદાસહ વ્યવસ્થિત થઈ ઊઠ્યો ને બોલ્યો, "તેમણે જે વાતો હમણાં કહી તે સઘળી સાચી છે. અને તે જ હું છું. અને હવે હું તદ્દન શુદ્ધ અને સ્વસ્થ છું તે સત્ય છે. આ સફેદ વસ્ત્રધારી ઈસુએ જ મને નવું જીવન આપ્યું છે.

"તો, એ ઈસુએ તમારું નામ તો પૂછ્યું હશે..?"

"હા, ત્યારે હું બેશુદ્ધિમાં હતો જ. તેથી મેં ઉદ્ધતાઇમાં જ સેના..! જણાવ્યું હતું જ."

"પછી..?"

"પછી...તો..? હું પોતે આ સદ્ગુરુ છે, ઈસુ છે તે હું ઓળખી શક્યો જ હતો. મારામાં અસંખ્ય ભૂતો-સેનાના સ્વરૂપે હતાં તેઓ દ્વારા હું પોતે આ દેવનો પુત્ર છે તે જાણી શક્યો હતો. માટે જ મેં એમ કહ્યું હતું કે ઓ દેવના દીકરા ઈસુ, મારે ને તારે શું..? મને દુઃખ ન દે..! ને મારી ઉપર દયા કરવા વિનંતી કરી કે મને એમ નીકળવાનો હુકમ ન કરીશ. પણ પહાડ પરના કરાડામાં ચરતાં ભૂંડોના ટોળામાં જવાની રજા આપ..! કહી ચૂપ રહ્યો હતો. તે સઘળી મારી બેશુદ્ધીની વાતો આ પાસે બેઠેલા યહૂદીભાઈઓએ મને કહી છે. તે સાચી છે. અને એમ મારામાંથી ભૂતોની સેના ભૂંડોમાં ગઈ. અને ભૂંડોનો નાશ થયો.

"હા.., ભાઈઓ હા.., એ સાચું છે. એટલે તો આ અચાનક બનાવથી અમો ગભરાયા. અને નાઠા! જુવાન ગોવાળિયાએ ફરીથી એની એ જ વાત દોહરાવી.

"આમ તે જ સ્થળ ઉપર ઊભેલાએ આખી સત્યઘટના ક્રમશ : નવા આવેલા શાસ્ત્રી, ફરોશીઓનાં ટોળાને સાક્ષીરૂપ કહી સંભળાવી તથા અશુદ્ધતામાંથી શુદ્ધ થયેલા માણસનો તથા પ્રભુ ઈસુનો પરિચય કરાવ્યો.

"અલ્યા, આપણે તો આ ગોવાળિયાઓની વાત સાચી માનતા જ ન હતાં!"

"શંકા પડે એવી જ વાત હતી."

"હેં..? ખરેખર આ જ માણસ છે?

"હેં..? તું સાચે જ શુદ્ધ થયો છે કે ઢોંગ..?"

"ના..ના.., હવે તે પૂરો શુદ્ધ લાગે છે. તેનામાં કાંઈ જ અશુદ્દિય-ગાંડપણ જણાતાં નથી."

"તો શું આ ઈસુએ જ શુદ્ધ કર્યો છે..?"

"હાસ્તો...!"

અને શંકાકુશંકા દ્વારા અંદરોઅંદર પ્રશ્નોત્તરી કરી કે હવે આ બાબત ખરેખર, સત્ય છે તેમ માનવા લાગ્યાં અને કહેવા લાગ્યા કે :

"ખરે...જ! તે બૂમો પાડતો હવે શાંત થયો છે."

"અસ્તવ્યસ્ત, નગ્ન અને ગમે તેમ ચિંથરેહાલ રહેતો હતો તે હવે વ્યવસ્થિત, સ્વસ્થ, લાજમર્યાદામાં અદબથી બેઠો છે."

"શોરબકોર..બૂમાબૂમ કરતો નથી. તે હવે નમ્ર અને શાંત થઈને બેઠો છે."

"તે ઉઘાડો, નગ્ન રહેતો હતો તે હવે ડગલો પહેરેલ, કામળ ઓઢેલ બેઠેલ છે."

"તે બીમાર અને અશક્ત હતો તે હવે સ્વસ્થ અને પુલકિત - પ્રફુલ્લિત વદને બેઠો છે"

"હા.., તે કબ્રસ્તાનમાં રહેતો હતો તે હવે પ્રભુ ઈસુની પાસે હમેશાં રહેવા ઇચ્છતો બેઠો છે."

"ને...? હવે તે ઘણાં વર્ષોથી ઘરની બહાર ભટકયા કરતો હતો. તે હવે પ્રભુનો હુકમ માની તેના ઘેર પાછો કુટુંબમાં રહેવા સહમત થયો છે."

આમ માણસો અને સૌ શિષ્યોએ આ સત્ય ઘટનાનાં વાસ્તવિક પરિણામ જાહેર કરી ભૂતવળગેલા માણસના જીવનના ફેરફારો પ્રદર્શિત કરી સૌનો સંદેહ દૂર કર્યો.

"હા...એ માણસમાં ભૂતોની સેના હતી. તે પ્રભુએ કેવળ આજ્ઞા કરી : "જાઓ..." ને તે ગઈ એ બાબત સ્પષ્ટ અને નક્કર હકીકત છે. ત્યાં ઊભેલાં બીજા એકે પણ આખી વાતને ટેકો આપ્યો. અને પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ વ્યક્ત કર્યો.

"હેં..? આ ઈસુએ...?"

"આ યૂસફના દીકરાએ...?"

"કેવળ આજ્ઞા કરીને..?"

"અરે! આ તે માણસ છે કે કોઈ ચમત્કારિક!"

" આ તો દેવ વગર ન થઈ શકે..!"

"અરે! એક નહીં..., બે નહીં..., પણ આખી જબરદસ્ત સેના કાઢી...! મહાન અજાયબ ચમત્કારિક કાર્ય કરનાર આ ઈસુ તે કોણ...?"

"એ તે માણસ છે કે કોઈ દૈવી પુરુષ!"

"હા...ભાઈઓ, એને દૈવીપુરુષ કહો કે માણસ..!" કે પછી ઈસુ કહો તેણે જ આ અદ્‌ભુત કાર્ય કર્યું છે. તે નિર્વિવાદ છે."

"આ તરેહ તરેહનો માણસ કહેવાય..?"

"ભાઈઓ, એ દેવપુત્ર છે. તેણે આવાં તો કેટકેટલાં કાર્યો કર્યાં છે. માંદાને સાજાં કર્યાં. રોગીને તંદુરસ્ત કર્યાં. ભૂતો દૂર કર્યાં. મૂએલાંઓને સજીવન તથા હજારો ભૂખ્યાંઓને અન્ન આપી અરણ્યમાં પણ ભગીરથ

કાર્યો કર્યા છે. તેનો હું જાત અનુભવી છું. માટે આ પ્રસંગથી આશ્ચર્યમાં જરૂર પડો પણ શંકા ન લાવો." એક વયોવૃદ્ધ યહૂદીએ પ્રભુ ઈસુ અંગે સંપૂર્ણતા સાક્ષી આપી.

"હા...એ તરેહ તરેહનો માણસ છે. એ ચોક્કસ છે." બીજાએ પણ વાતને સમર્થન આપ્યું.

મિત્રો, શું આપણે એવા અશુદ્ધ છીએ..? આપણા હૃદયમાં ભૂતોની સેના છે...? પાપ કે દુષ્કૃત્યોથી અશુદ્ધ છે? જબરદસ્ત સેના વળગી છે..? - ચોરી, જૂઠ, ઈર્ષા, દ્વેષ, લુચ્ચાઈ, લોભ, લાલચ, સ્વાર્થ, ભૂંડાઈ, અભિમાન, કપટ, આળસ, કામચોરી, વિષયવાસના, વ્યભિચાર, વ્યસન, અદેખાઈ, જેવાં અસંખ્ય ભૂતો - પાપોની સેનાએ જકડી લીધાં છે. જો કે આ બધાં ન હોય પણ તેમાંથી કેટલાંક તો જરૂર હશે જ વળગ્યાં હશે જ..!

આવો, પ્રભુ ઈસુ પાસે, તમારાં પોતાના પૂરા હૃદયથી અંત:કરણથી પ્રભુ ઈસુને બૂમ પાડી બોલાવો : "ઓ પરાત્પરના દેવના દીકરા મારા પર દયા કર..! અને મારા હૃદયમાં રહેલી પાપોની સેના-ભૂંડા વિચારો કૃત્યોની સેના...દૂર કર...!

હા, ઘૂંટણે પડી, પગમાં પડી, અંત:કરણપૂર્વકની પ્રાર્થના કરી પસ્તાવો કરો. અને વીનવો. ને પછી જુઓ કે આ જગતમાં તરેહ તરેહના માણસ તરીકે જીવી ગયેલ - પુનરુત્થાન પામેલ, દૈવીપુત્ર આજે પણ આપણ સૌની મધ્યે છે. ને "જાઓ..!" કહી જરૂર હૃદયમાંની ભૂતાવળ-સેના દૂર કરશે.

હા...આ શરીર તો દેવનું મંદિર છે. તેમાં પાપોની સેનાને સ્થાન

ન હોય. માટે જો પંથ ભૂલ્યા હો તો તમો જાતે જ પ્રભુની આગળ આવો.

હા...આળસની કબર પાછળ કે પાપી અવસ્થાના કબ્રસ્તાનમાં જો જીવન હોય તો ત્યાંથી પ્રભુની સાનિધ્યમાં આવીને બેસો ને પવિત્ર આત્માથી અભિષિક્ત થઈ સાંત્વન પ્રાપ્ત કરો.

ક્રૂરતા દૂર કરી શાંતિ પામો.

ભટકતા જીવનમાં સ્થાયી બનો.

પવિત્ર આત્માનાં પ્રેમ, આનંદ, શાંતિ જેવાં ફળ પ્રાપ્ત કરી સ્વાસ્થયી બનો.

નાશવંત જીવન પ્રભુને સોંપી શરીરના મંદિરની પવિત્રતા જાળવો. ને સદાકાળનું આ અનંતજીવન પ્રાપ્ત કરો.

હા...હૃદયમાંના પાપોની સેના દૂર કરવા એ તરેહ તરેહની વ્યક્તિ - માણસ. પ્રભુ ઈસુનો આજે જ જાત અનુભવ કરો. અને તમારા જીવનમાં એ શી તરેહનો માણસ છે? તેનો સાક્ષત પ્રત્યુત્તર પામો. અનુભવ કરો.

(માથ્થી : ૮ : ૨૮ થી ૩૪, માર્ક : ૫ : ૩ થી ૧૭. લૂક : ૮ : ૨૬ થી ૨૭, ૧ કોરિંથી ૬ : ૧૯. ગલાતી : ૫ : ૨૦ થી ૨૪)

# ૧૨

# આશા

સુંદર એવું રળિયામણું નામ. મોટા શહેરની છાંટવાળું. યરુશાલેમ શહેરના સમાગમવાળું અદકું શહેર, શાંત અને સ્વચ્છ તથા આધ્યાત્મિકતાથી જાગૃત એવું શહેર...

અહીં લોકો પૈસે ટકે સુખી, આનંદી અને ઈશ્વરમાં ખૂબ જ આસ્થાવાદી, પર્વતોની હારમાળાની વચ્ચોવચ્ચ રહેતા પણ સુરક્ષિત અને સંપીલા તો ખરા..! પવિત્રાઇની ઓજસવાળા પણ ખરાં....!

ઉનાળાની ખુશનુમા આબોહવા! આહ્‌લાદક ભર્યું વાતાવરણ...! પરમ શાંતિવાળું અનોખું નગર....

બેથાનિયા....

ત્યાં તો દૂર દૂરથી દુ:ખિત ચેક્કળનો અવાજ સંભળાયો. વૃદ્ધ અને જુવાન સ્ત્રીઓનો અવાજ, નાનાં બાળકોનો પણ કલ્પાંત અવાજ...! ને સાથે કૂતરાં તથા અન્ય મૂગાં પ્રાણીઓનો કર્કશ રડમસૂ અવાજ ઘડીકમાં તો આખું વાતાવરણ હૃદયવેધક...!

બસ ! કાનમાં ઝણઝણાટી...! હૃદયમાં ભયકંપતા..! આંખનાં પોપચાંના થડકાટ..! પગના અટકાવ...! તીણા અને ભારેખમ અવાજનો બહેકાટ...!

ચોધાર આંસુડાં...! હૃદયનાં ડૂસકાં...! હૈયાફાટ રુદન..! છાતીનાં ધમકાટ..! આક્રંદ, શોર, બકોર, ધમપછાડ..! અને બૂમાબૂમના બરાડા...!

"શેનો અવાજ...?"

"કોણ રડે છે...?"

"શું થયું હશે...?"

"શું બન્યું હશે...?"

"ચાલો, આપણે ત્યાં જઈએ...!"

"હા, ચાલો, ત્યાં કાંઈક થયું છે ખરું..!"

"હા...હા...ચાલો..."

"શેં...ચલાય...?"

"ઊભા રહો..."

નિરાશ અને ગમગીન બનેલી વ્યક્તિઓ, લાગણીવશ થઈને બનાવવાળા સ્થળે જવા લાગ્યાં. ખૂબ જ દુઃખી પ્રસંગની ખાત્રી કરવા ચાલી નીકળ્યાં. આઘાતક વ્યક્તિ ચાલતાં ચાલતાં બેસી પડે. કઠણ કાળજાની વ્યક્તિ દોડે, ઉતાવળિયું તમાશાના તેડામાં વણનોતર્યું દોડ્યું જાય તેમ કેટલાંક દોડ્યા જ કરે. કોઈ મૌન, કૌઈ ચૂપ, કોઈ રડમસ..! કોઈ પોક મૂકી, કોઈ છાતીએ હાથ દઈ મન મજબૂત કરી કોઈ હૈયે ધૈર્ય ધરી, ચાલ્યાં જાય. આખો માનવ મહેરામણ. જેણે જાણ્યું, સાંભળ્યું તે સૌ સૌની રીતે અવાજના સ્થળે આવી પહોંચ્યાં.

ખૂબ જ સુખી, સાધન સંપન્ન અને શાંતિથી રહેતું પ્રેમાળ કુટુંબનું જ આ ઘર. આબરૂદાર અને સેવાભાવી આ કુટુંબ! નગરના મુખ્ય રસ્તા ઉપર જાહેર અને જાગૃત કુટુંબ..! વૃદ્ધ અને વૈધવ્ય અવસ્થામાં જીવન વ્યતિત કરતી બે બહેનો-મોટીબહેન અને તેના સહવાસમાં એક ભાઈ

અને નાની બહેનનું નાનું પણ આધ્યાત્મિકપણાનું કુટુંબ!

ને? આ જગજાહેર કુટુંબમાં જ રડારોળ..! માનવમેદની ઊભરાઈ હતી. જાણે આખું ગામ એકત્ર થયું ન હોય..?

રોક્કળ, રડારોળ અને કકળાટ, ઘેરો વિષાદી અવાજ! હૈયાફાટ રુદન, ચોધાર આંસુડાનો ડબ..ડબ..અવાજ! હાય..! હાય..! અરે..રે..! ના પોકાર, ગજબ થઈ ગયાના આર્તનાદ..!

કુટુંબની બન્ને બહેનોનું હૈયાફાટ રુદન..! માથુ કૂટે! છાતી કૂટે..! ઝાલ્યાં પણ ન રહે. કોણ પકડી શકે..?

"શાંત થાઓ...! શાંત થાઓ...!" ના હૃદયવેધક આશ્વાસન શબ્દો, પણ કોણ સાંભળે?

"રડો નહીં..! રડો નહીં...!" ના તૂટક પણ ધૈર્યધારક શબ્દો કાને કોણ ધરે..!

"હશે...! જે જવાનું હતું તે થયું!" ના દિલાસાયુક્ત કોઈકના શબ્દો પણ કોણ સાંભળે?

"ઈશ્વર તમારી સાથે છે. શાંત રહો!" નાહિંમતભર્યા શબ્દો કોઈક ધીરજવાન વડીલના ક્યાંય સરીને વાતાવરણમાં ભળી ગયા.

"અરે! અમારા ભાઈલા...! અરે..રે..!"

"અરે...ઓ, લા..જ..ર..સ..!"

"અમો અનાથ થઈ ગયાં...!" નાની બહેનની કારુણ્યભરી ચીસ.

"હવે અમારું કોણ...?" મોટી બહેનની અનાથપણાની દર્દનાક ચીસ...

"લાજરસ...... લા..જ..ર..સ....!" દિલને ધડકાવી નાખે એવી કારમી બૂમો....

"બહેનો, શાંત થાઓ..!"

"મરિયમ...માર્થા...! શાંત રહો...!"ના સાંત્વન ભર્યા શબ્દો કહેતાં કેટલાકે બન્ને બહેનોના માથે, વાંસે હાથ મૂકી શાંત રાખવા પ્રયત્ન કર્યો.

"હવે, એ પાછો નહીં આવે, મૃત્યુ પામ્યો છે. તો હવે તે પાછો નહીં આવે. માટે હવે તમો સૌ પણ શાંત રહો. તેની અંતિમવિધિ પણ કરવી તો પડશેં ને..? જરા વિચારવા દો! બહેનોને પૂછવા દો..! હવે તો આ દેહ છે. લાશ છે. તેને ધર્મશાસ્ત્ર પ્રમાણે દફન માટે કાર્યવાહી કરવી જ રહી. માટે કંઈક સૂઝવા દો..!" એક આગળ પડતા વડીલે અંતિમવિધિ કરવા વિચાર મૂક્યો.

"હા...આમ રડવામાં અને કલ્પાંત કરવામાં ક્યાં સુધી સમય બગાડીશું...? ક્યાં સુધી લાશ રાખી મૂકીશું? માટે હવે તેની ઉત્તરક્રિયા તો કરવી જ રહી." બીજા એક વૃદ્ધે પણ ટેકો આપ્યો.

"ચાલો, બધા શાંત થાઓ...! દૂર ખસો," પેલા વડીલ આગેવાને ટોળાને શાંત પાડતાં લાજરસની લાશ પાસે જવા પ્રયત્ન કર્યો. અને તેની પાસે જઈ એક સફેદ કપડું ઢાંક્યું. અને લાશને વ્યવસ્થિત પલંગ ઉપર ગોઠવી. બીજા જુવાનોની મદદ લઈને માર્થા તથા મરિયમને પણ આશ્વાસન આપી શાંત રહેવા આગ્રહ કર્યો તથા કરુણાભર્યા ગદ્ગદ સ્વરે સૌને પણ ઇશારો કર્યો કે જેથી બીજી અન્ય વ્યવસ્થા કરી શકાય.

"હા..ભાઈ...હા..હવે તે પાછો સજીવન થવાનો નથી. જીવતો

થવાનો નથી. અને મરણ તો દરેકનું નિશ્ચે જ છે. તે રીતે આ લાજરસનું મૃત્યુ થયેલું છે. હવે તો તેની કેવળ લાશ જ છે. તેની પ્રાણોકિતની ક્રિયા બંધ પડી ગઈ છે. તે શબવત્ છે તો પછી હવે તેના મૃતદેહને માટે જે ક્રિયા ધર્મશાસ્ત્ર પ્રમાણે અને રિવાજ પ્રમાણે થતી હોય તે કરવી જ રહી. માટે હવે બધાં થોડાં દૂર ખસો. અને શાંત રહો..!" બીજા બે ત્રણ ફરોશીઓ આવ્યા અને તેમાંથી એક જણે મરણની ફિલસૂફી તથા પ્રક્રિયા જણાવી શાસ્ત્રોયુક્ત દિલાસો આપ્યો.

"હા...હવે ભાઈઓ, યહૂદી રિવાજ પ્રમાણે તેની લાશ પાસે દીવા કરો. તેની ચારે બાજુ મૂકો. આત્મા તો અમર છે. તે કદી જ બૂઝાતો નથી." વૃદ્ધ યહૂદી-યાજક વર્ગના માણસે ધાર્મિક વિધિ દર્શાવી તેમ કરવા સૂચવ્યું.

"હા...હવે એક ઈંડું પણ ફોડી નાખો. જે આ નશ્વર દેહનો નાશ થયો છે. તે નિશ્ચિત છે!" બીજા એક અનુભવી યહૂદી વ્યક્તિએ મરણોત્તરક્રિયા યાદ દેવડાવી અને તેમ કર્યું.

"લાવો...હું મારા પ્યારા મિત્રને સ્નાન કરાવું છું! તેના શબને ધોઈ ચોખ્ખું કરું અને બીજાં નવાં કપડાં પહેરાવું...!" લાજરસના એક દિલોજાન મિત્રએ પોતાની લાગણી પ્રધાન ફરજ અદા કરવા તૈયારી બતાવી અને તેમ કરવા માંડ્યું.

"આ મિત્ર સાચો...!" કોઈકે ધીરે રહી તણખો મૂક્યો.

"હા...લ્યા...! પેલો...હમેશાં ટોળું લઇને આવતો. રાત દિવસ પડ્યો રહેતો. અને લાજરસ ખૂબ વહાલો મિત્ર છે એમ કહેતો તો, એ આજે ક્યાં ગયો છે...!" એક ઈર્ષાળુએ ધીરે રહી ઠાવકાઈભર્યા શબ્દોથી તણખામાં ફૂંક મારી.

"કયો...મિત્ર...?" કોઈકને સમજ ન પડતાં પૂછ્યું.

"કેમ...? પેલો ઉપદેશક...!" તણખો મૂકનારે સ્પષ્ટતા કરી.

"એ...ય...ખરું...હોં...! એ તો જ્યારે જ્યારે આ શહેરમાં આવે ત્યારે આ લાજરસને ત્યાં જ ધામો નાખે. આઠ..દસ..બાર દિવસ ટોળા સાથે ખાય...પીએ...ને રહે. રાતોની રાતો રહે...!" બીજા એક જાણકાર યહૂદીએ સૌ શાંત ટોળામાં ધીમે રહી આ શબ્દો વહેતા કર્યાં. ને તકનો લાભ લઈ મગરૂબી કરી.

"અરે! એ તો દિલોજાન મિત્રપણાનો દાવો પણ કરતો."

"માટે તો આ કુટુંબ તેને કેટલું બધું માન આપતું."

"હાસ્તો, છે સ્તો મિત્ર...!"

"હા, ભાઈ છે."

"તો તે આજે અહીં હોત તો..?"

"તો શું...? તે પણ આપણી સાથે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડત અને મિત્રના દાવા હેઠળ વધુ કલ્પાંત કરત. અને આ અંતિમક્રિયામાં ભાગ લેત. કદાચ આપણને મદદ કરત..."

"બીજું શું...?"

"અરે! મિત્ર, તમે પણ સમજતા નથી. એ તો ઉપદેશક છે. અને ચમત્કાર પણ કરે છે. એવું પણ મેં સાંભળ્યું છે. માંદાને સાજાં કરે છે, આંધળાને દેખતાં કરે છે. લંગડાને ચાલતા કરે છે."

"હા...ભાઈ...પણ તેનું અહીં શું? લાજરસ તો હવે મરી ગયો છે. તેની તો હવે આ લાશ છે."

"અરે! તમે બધા આ દુઃખી પ્રસંગે ગમે તેમ શું હાંકે રાખો છો...?"

"કેમ...? તમને ખબર નથી..? પેલા યાઈરસની મરેલી દીકરીને, પેલી વિધવા સ્ત્રીના પુત્રને નાઈલ ભાગોળે...મરેલાંમાંથી સજીવન કર્યાં છે. એ શું ખોટું?"

"તો શું એ આ લાજરસને સજીવન કરે..?"

"હાસ્તો...!"

"પણ, એ બધી વાતો નાહકની શું કરવા કરો છો. તે આટલો બધો માંદો હતો. મરિયમે પરમ દિવસે જ માણસ મોકલી તેડાવ્યો. ખબર આપી અને ફરી આજે આ મૃત્યુના સમાચાર આપ્યા છે. એવું હું બરાબર જાણું છું. માણસો પણ જઈને પાછા આવી ગયાં. પણ તે હજી સુધી ક્યાં આવ્યો છે...?"

"તો..તો..તેણે જરૂર આવવું જ જોઇએ...!"

"શેનો આવે...?"

"અરે! ભાઈ, આ જગતમાં બધા જ ખાધાપીધાના જ સગાં છે. એ તો આ શહેરમાં આવે ત્યારે માર્થા, મરિયમ અને લાજરસને જ શોધે ને...? તેમનું ઘર શોધે ને...? રહેવા...ખાવા...સ્તો...?"

"તો હવે એમ થોડો તેડાવ્યો આવે...? ના...જ આવે...!, જો સાચો મિત્ર, સાચો ગુરુ કે જો સાચો હિત્તેચ્છુ, પ્રેમી હોય તો તેને જાણ થાય કે માણસ કહે કે તે તરત જ દોડ્યો ન આવે...?"

"ભાઈ, હજુ પણ કદાચ આવે તો...?"

"હમણાં મરણના સમાચાર કહેવા મોકલેલો ખેપિયો હજુ પાછો વળ્યો નથી."

"થોડી રાહ જોઈએ તો...?"

આમ આજે આ દુ:ખના પ્રસંગે પણ દિલાસા અને આશ્વાસન સાથે તણખા મૂકી ઈસુના સંબંધ અંગે આ બહેનોને કેટલાક ઈર્ષાળુઓ વિરોધીઓ તથા તકસાધુઓ ચાબખા મારી પ્રભુ ઈસુ પ્રત્યે જૂઠો પ્રચાર કરી, ખોટો સંબંધ દર્શાવી તેને સૌની નજરમાં હલકો પાડી ઉતારી નાખવા આડકતરા પ્રહારો થતાં રહ્યાં.

"અરે! જવા દો ને એ ખાઉધરાને...! એ તો ભારે ગરજમતલબી છે. દંભી છે. અને બાહ્યાંડબરવાળો છે." કહી ભારે નિંદાયુક્ત વાતો કરી દુ:ખિત અને શોકિત વાતાવરણમાં પણ પ્રભુને ચર્ચાસ્પદ કરી મૂક્યો.

મરિયમ અને માર્થા આ સાંભળી ઘણાં જ દુ:ખી થતાં હતાં. જૂઠી અને વાહિયાત વાતોથી લોકોમાં પ્રભુની નિંદા થતી હતી. પરંતુ ભાઈના મૃત્યુથી પોતે દુ:ખી હતાં. તેથી કંઈ જ બોલી શકતાં ન હતાં કે કોઈને અટકાવી શકતાં ન હતાં. પણ મનનાં બળ્યાં મનમાં જ : "લોકોને આજે આપણાં પ્રભુની નિંદા કરવાની કેવી તક મળી છે." વાગોળી રહ્યાં હતાં.

બન્ને બહેનો નિરાશ, દુ:ખી હતાશ, અભાગી, અને નિરાધાર બનેલ હોય ગુરુ વિષે જૂઠી અને અર્થહિન ચર્ચા મૂંગે મોંએ સાંભળી અને વધારે દુ:ખી થયાં પણ થાય શું? પ્રસંગ મળે કોણ છોડે...?

લાશની તમામ ક્રિયા પૂરી થઈ.

ખેપિયો પણ પાછો આવી ગયો. "ખૂબ કામમાં છે. આવું છું એમ કહ્યું પણ ક્યારે આવશે તે સ્પષ્ટ કહ્યું નથી." લોકોના ટોળા વચ્ચે કહ્યું.

ગુરુ તરફના આ નિરાશભર્યા શબ્દો સાંભળી બહેનો તો અવાક જ થઈ ગયાં. દિગ્મૂઢ ને ફરીથી હૈયાફાટ રુદન..."અરે..રે..!..લાજરસ...!

“ફટ...ફટ...!” ના ધીમા ફિટકારના શબ્દો પણ લોકોમાંથી સરી પડ્યાં.

વળી પાછો કોલાહલ, કકળાટ, રોક્કળ, કલ્પાંત, કૂટાકૂટ, અશાંતિ...ધમપછાડ...! શરૂ..,

લાશને કફનથી બાંધી વસ્ત્રોથી સજ્જ કરી પેટીમાં મૂકી. અને લાશની અંતિમક્રિયા-દફનાવવા કબ્રસ્તાન તરફ વડીલો સાથે માનવ મહેરામણ, ટોળું, લઈને ચાલી નીકળ્યા. શહેરથી દૂર, એક ગુફામાં મોટા ભોંયરામાં ગોખલો તૈયાર કરી હળવે રહી, ભારે દબદબાથી, પૂરી આત્મિકતાથી મૂકી. અને ધાર્મિકક્રિયા પૂરી કરી. પૂરા માન સહિત ગુફામાંથી બહાર નીકળ્યા. અને દરવાજા ઉપર સફેદ શીલા-પથ્થર મૂકી પાકો બંદોબસ્ત કરી આ બધા ડાઘુઓ પાછા પણ આવ્યાં.

આમ લાજરસની લાશને ગુફામાંની કબરમાં કંડારી છેલ્લી અંતિમક્રિયા કર્યા પછી સૌએ નિરાંતનો દમ લીધો. અને માર્થા મરિયમને આશ્વાસન આપ્યાં. મોડી રાત સુધી સહવાસ આપ્યો. સૌ વિખેરાયાં થોડાં સગાં સ્નેહીઓ જ રહ્યાં. આડી અવળી વાતો કરતાં દુ:ખને હળવું કરતાં મોડી રાત્રે સૌએ શરીરને આરામ આપવા પથારીમાં લાંબી ખેંચી. અને ઊંઘ પણ લીધી.

બીજા દિવસે પણ વહેલી સવારથી આજુબાજુના લોકો અને જેઓએ જાણ્યું તેઓ સૌ દૂર દૂરથી આવ્યાં. લાજરસના મૃત્યુ અંગે તેના સ્વભાવ અંગે તેની સેવાભાવના, ધાર્મિકતા, નિખાલસતા, બહેનો પ્રત્યેની સદ્દભાવના તથા પ્રેમને યાદ કરી સમય પસાર કરવા લાગ્યાં. અને દિલાસાભર્યા શબ્દોથી સાંત્વન પણ આપવાં લાગ્યાં.

કોઈ ઈંડું અને મસુરની થોડી દાળ બનાવી લાવી. બન્ને બહેનોને કંઈક થોડું ખાવા આગ્રહ કરે.

"અરે! ખાધા વગર થોડું ચાલશે!" કહી સૌ ખાવા સમજાવે. અને સાથે દિલાસો પણ આપે.

પણ, આ બહેનોના મોંમાં જાય ખરું..! યાદ આવે ને રડે! રડવું જ બંધ ક્યાંથી થાય?

દિલનો ડૂમો કેમ નીકળે...? આંખોથી રડવું રોકાય...! મોંથી અવાજ બંધ થાય! પણ હૃદયનો કલ્પાંત કેમ કરી બંધ થાય! કોણ રોકી શકે?

આખું ઘર..! લાજરસનાં કપડાં, તેની રીતભાત તેનો અવાજ, તેની પથારી, અરે! પેલી લાશ..! સુંદર વસ્ત્રધારી લાશ...! ને...? હવે કફને બાંધેલી લાશ...! પેટી...! તેમાં મૂકાતી લાશ...!!! ડાઘુઓનું ટોળું લઈને જતું, કલ્પાંત વગેરે આંખો સમક્ષ તરવરતાં કોણ ચૂપ રહી શકે...? ને આ બધી બાબતો આંખો સમક્ષથી શી રીતે ખસેડાય..? આંખનાં પોપચાં ખુલ્લાં હોય કે બંધ પણ માડીનો જાયો વીર કેમ ભૂલાય..?

સમય વીત્યો. એમને એમ ભૂલ્યાં, અર્ધા ભૂખ્યાં, નિંદ્રા અર્ધ નિંદ્રા..ઝબકીને જાગી કે રસ્તા ઉપર દૂર દૂર વીરાને શોધવા મથતી એ આંખો સાંજ સવાર ટીક્યાં જ કરે ને એમ એ પ્રક્રિયા, એ જ સ્થિતિ, એ જ કલ્પાંત?

એ જ દિલાસો, એ જ આશ્વાસન, એજ સહવાસ અનુભવતાં ચાર...ચાર દિવસ પણ વીત્યા..જાણે ચાર...ચાર...યુગ ન હોય?

એકલતામાં અને નિરાધારપણામાં આશ્વાસન અને સહકાર

આપનાર સૌ પડોશીઓ, મુલાકાતીઓ અવારનવાર ચાલુ જ રહેતાં હતાં. ત્યાં દૂરથી જોઈને કોઈકે કહ્યું. "પેલા...ગુરુ જેવા કોઈ આવે છે?"

"હેં...?" કહેતાં માર્થા એકદમ ઊભી થઇ અને એ તો સીધા રસ્તે દોડી ગઈ. અને થોડીક ક્ષણોમાં તે પાછી આવી. મરિયમના કાનમાં "ગુરુ આવે છે. મેં તેમને મળી ટૂંકમાં વાત કહી છે. અને તેઓ હવે અહીં જ આવે છે."

બન્ને તેમની ઇંતેજારીપૂર્વક રાહ જોવા લાગ્યાં. પણ, મરિયમને ધીરજ રહે ખરી...? તે તો રડમસ વદને અચેતન સ્થિતિમાં ગુરુના આવવાના રસ્તા તરફ એકદમ દોડી ગઈ. દોડતી જ ગઈ.

જો કે માર્થા ગઈ હતી તે તો કોઇનું ધ્યાન ગયું ન હતું પરંતુ મરિયમ તો અચાનક દોડી એટલે સૌ દ્વિધામાં પડી ગયાં : "મરિયમ ક્યાં જાય છે?" કહેતાં કેટલાક તેની પાછળ પણ ગયાં ત્યાં દૂર એક ટોળામાં મરિયમ ગઈ. અને અચાનક ઈસુ ગુરુના પગમાં પડી ને : "પ્રભુ જો તમો અમારી પાસે અહીં હોત તો મારો ભાઈ મરત નહીં. કહેતાં તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી, હૈયું ઠાલવી દીધું.

"હા...મને ખબર મળી હતી. હમણાં જ માર્થા પણ એ જ કહી ગઈ. લોકોએ પણ મને આખા રસ્તે આજ વાત કરી છે. અને મરિયમ તેં પણ એ જ વાત કરી પણ...!" ઈસુ વાત કરતા મરિયમ માર્થાના ઘેર સૌ ટોળાં વચ્ચે આવ્યાં.

બહેનોનાં ચોધાર આંસુડાં, હૈયાફાટ કલ્પાંત, હાજર રહેલાં સૌ સ્ત્રી બાળકોનું કરુણ આક્રંદ, પુરુષોના નિરાશાજનક અવાજ, રુદન, રોક્કળ તથા શોકાતુર વાતાવરણ ગમગીની, ભલભલાનું હૃદય દ્રવી ઊઠે

એવું કારુણ્ય દૃશ્ય..! કોણ કઠણ કાળજાનું હોય કે પોક મૂકીને ન રડે..? પ્રભુ ઈસુ પણ નિર્ગત થઈ ગયા. અરે! ખરેખર ગમગીન બની ગયા. પણ તરત જ પોતે સ્વસ્થ થઈ સૌને સાંત્વન આપ્યું. શાંત રહેવા જણાવ્યું.

સૌની નીરવ શાંતિમાં "લાજરસની લાશ ક્યાં છે?" લાગણીવશ બની ધીરેથી પૂછ્યું.

"એને તો આજે ચાર દિવસ થઈ ગયા છે. અને પથ્થરની ગુફાની કબરમાં છે." માર્થાએ કહ્યું.

પ્રત્યુત્તર મળતાં તરત જ પ્રભુ ઊઠ્યા, શિષ્યો સાથે તે તરફ જવા નીકળ્યા, સાથે દુઃખિત બન્ને બહેનો તથા કલ્પાંત કરતું ટોળું ગુફા પાસે આવી પહોંચ્યાં.

સૌ ચિંતાતુર, નિરાશ, તથા "હવે શું?" ની ઇંતેજારીથી ગુરુ સામે જ તાકી રહ્યાં.

"આ શીલાને ખસેડો...!" પ્રભુએ આજ્ઞા કરી. સૌ વિસ્મય-આશ્ચર્યમાં હતાં.

"હવે એ પથ્થર ખસેડવાનો શો અર્થ?" મરિયમે નિરાશાયુક્ત પ્રશ્ન કર્યો.

"હવે તો એ લાશ ગંધાતી હશે...!" માર્થાએ પણ વધુ હતાશા બતાવી.

"હવે એ લાશને જોઈને શું કરવી છે?" ટોળામાંથી વડીલ ફરોશીએ મજાકયુક્ત પ્રશ્ન કર્યો.

લોકોમાં પણ કોલાહલ...! બણબણાટ! બડબડાટ!

"તરતનો મરેલો માણસ સજીવન થાય પણ હવે આ તો ચાર દિવસ થતાં લાશ પણ કહોવાઈ ગંધાતી હશે! શરીર પણ સાવ સંકોચાઈ થીજી ગયું હશે..! ચામડી પણ જર્જરિત થઈ હશે..." બીજા એક યાજક વર્ગના વડીલે વાસ્તવિકતા બતાવી.

"એવી દુર્ગંધ મારતી હશે કે લાશને ખુલ્લી કરવાનો શો અર્થ..?" બીજા કોઈકે પણ ટાપસી પૂરી તથા મજાક મશ્કરીરૂપ વાતો ધીરેથી કે સંભળાય તેમ દશ્ય રીતે પાછળથી શરૂ થઈ.

ખરેખર ! પ્રભુ ઈસુની ઠેકડી કે નફરત...!

છતાં પ્રભુ ઈસુની મક્કમતા, તથા કેટલાકનો "મઝા આવશે!" જેવી અંત:કરણની મુરાદે, વડીલોના મનેકમને, કે "ચમત્કાર થશે...!" ના કોઈના ઊંડે ઊંડે આત્મ સંતોષ-વિશ્વાસે, મરિયમ માર્થાના પોકળ વિશ્વાસને પડકારવા, કે પછી ગુરુ જૂઠો છે એમ સૌની સમક્ષ ભોંઠો પાડવાના ફરોશીઓ-યાજકોના મનોરથે કે મિત્રના તે ચાર દિવસે ફજેતાના રંગઢંગ બતાવવાના અદેખા લોકોએ શીલા ખસેડી.

આગળ ઈસુ, પાછળ સૌ ગુફામાં આગળ વધ્યાં. ઈસુ લાશની નજીક જઈ ઊભા રહ્યાં. એકીટસે જોઈ રહ્યાં. રડમસ થયા. રડ્યા. અને પછી પોતે સ્વસ્થ થઈ ઊંચે આકાશ તરફ મીટ માંડી. મનોમન પણ ધીમા સ્વરે દેવબાપ પાસે લાજરસ માટે સજીવન થવાની પ્રાર્થના કરી.

અને..?

ઊંચા સ્વરે...: "લાજરસ, બહાર આવ!" પોકાર કર્યો. ને તરત જ કફન વિંટાળેલી આખી લાશ ઊભી થઈ, સજીવન થઈ. થીજી ગયેલી સંકોચાએલી ચાલતી થઈ અને સૌની સમક્ષ એ બાંધેલી સ્થિતિમાં લાજરસ

આવીને ઊભો. તે જીવતો થયો.

"હેં...? લાજરસ ઊભો થયો...?"

"હેં...? એ લાશ નથી...?"

"અલ્યા, એ લાશ કબરમાંથી ઊઠી થોડી ચાલતી થઈ આગળ આવી."

વળી પાછી શંકાકુશંકાની પ્રશ્નોત્તરી શરૂ થઈ.

"તેનું કફન છોડો...! તેને અહીં બહાર લાવો." પ્રભુએ એલાન આપ્યું. ને બે-ત્રણ જુવાનો હિંમત એકઠી કરી આગળ વધ્યાં. લાજરસ પાસે ગયાં. તેનું કફન છોડ્યું. અને તેને બહાર સૌની પાસે લાવ્યાં.

લાજરસ પ્રભુને પગે પડ્યો. મરિયમ માર્થા અને સૌ પ્રભુને પગે પડ્યાં. સૌ વિસ્મય પામ્યાં.

"ચાર...દિવસનો લાજરસ સજીવન!"

"ચૂંથાએલ, ગંધાએલ લાશમાંથી લાજરસ!"

"કેવળ શબ્દોથી....!"

સૌના મુખના શબ્દો સરી પડયા! "અલ્યા, બહેનોને ભાઈ આપનાર, સૌનાં મોં બંધ કરનાર આ માણસ ખરો કહેવાય!"

"આવું તો મેં પહેલવહેલું જોયું!"

"ખરેખર...! આ તો અદ્‌ભુત કહેવાય! ગજબ કહેવાય!"

"અલ્યા, અત્યાર સુધી આપણે સૌએ કરેલી ચર્ચાઓ, ઠઠ્ઠાઓ, મજાકો, મશ્કરીઓ અને શંકાકુશંકાઓ ખોટી પડી!"

"હાસ્તો...! આ તો સૌનાં મોં બંધ...!"

"પણ, આ તો નાઝરેથનાં યૂસફનો પુત્ર છે, કે કોઈ માણસ છે? કે કોઈ દૈવીપુત્ર છે?"

"અરે! આ શી તરેહનો માણસ કહેવાય?"

"શબવત્ લાજરસને જીવીત કરનાર,...ગમે તે કહો હોય..પણ કોઈ અલૌકિક  છે ખરો..!"

હા, વાચક મિત્રો, એ તરેહ તરેહ પૈકીનો એક છે. તે માણસ છે ને દૈવીપુત્ર છે, તે તરેહ તરેહનો માણસ છે કે જેથી તે ગંધાતી લાશને પણ જીવતી કરી શકે છે. સજીવન કરી નવું જીવન આપી શકે છે.

આવો, તેની પાસે, તેની આજ્ઞાઓ પાળો. તેની ઉપર શંકાકુશંકા ન લાવતાં વિશ્વાસ મૂકો. પ્રભુ ઈસુને સર્વ સોંપો, તેનું કહ્યું કરો. પછી ભલે તમો પાપમાં મૃત્યુ પામ્યા હો. પાપમાં શબવત્ હો..! પાપી અવસ્થામાં જ ગંધાતા હો..! છતાં પ્રભુ હાંક મારે કે તરત જ તે સાંભળી લાજરસની માફક તરત જ એ પાપી અવસ્થાની કબરમાંથી બહાર આવો. તે તમને આજે કહેશે "કે....બહાર આવ." ને તમો પાપી અવસ્થામાંથી, પાપના કાદવમાંથી, ઘેરી ઊંડી કબરમાંથી અવિશ્વાસની બંધ શીલામાં ગૂંગળામણમાંથી એ શીલાને દૂર કરી પ્રભુનો અવાજ સાંભળો, ઊભા થાઓ. પ્રભુના મહિમાને માણો...! ને પ્રભુની સંગત માણો...!

અનુભવ કરી જુઓ કે લાશને સજીવન કરનાર તરેહ તરેહનો માણસ કેવો છે?

(યોહાન : ૧૧ : ૨ થી ૧૪)

# ૧૩

## "જૂઠા...! જૂઠા...!"

"જૂઠા...!"

"જૂઠા...!" "જૂઠા...!"

"અરે...! સાવ...જૂઠા...!"

"ઠગ...!

"ઠગ...! ઠગ...!

"કોઈ જ કામના નહીં...!"

"બધા જ જૂઠ...!"

"હ...ત્ત...તા...રી...!"

"આટલું નજીવું કામ ન કરી શક્યાં...?"

"સાવ જૂઠા...! સાવ ઠગ...!

"ક્યાં છે તમારી ભક્તિ...?"

"ક્યાં છે તમારી સેવાનું તાત્પર્ય...?"

"અરે...! ક્યાંથી હોય...?"

"એ તો એની પાછળ નાહકના ટોળામાં ફરે છે. ને...ખાધેપીધે મજા જ કરે છે.

"હા..હા..એ તો કેવળ ખાઉધરા જ છે...!"

"જવા દો ને વાત...! આખી રાત ડોળ કર્યો, મથ્યો, પણ સઘળું વ્યર્થ."

"અરે! એવા તો બૂમ બરાડા પાડે...? એવા તો ઢોંગ ધતીગ કર્યાં કે જાણે સાક્ષાત્કાર ન હોય..?"

"અરે! યાર, તેઓ શું કરી શકે..?"

"તમે બધા તેઓ...તેઓ શું કરો છો. આ આવ્યા એ સર્વ ટોળાબદ્ધ અને સાથે બીજા લોકોનું ટોળું હવે તેઓને સામે મોંએ જ કહો ને કે જૂઠા..!"

"સામે જ ઊભેલા પણ ચૂપ. ન બોલે કે ચાલે. પણ લોકોની મઝાક મશ્કરી ઠેકડી સાંભળ્યા કરે. અને લોકો પણ હવે તેઓને સામે મોં એ જ કહેવા લાગ્યા..."તમે જૂઠા છો...!"

"બસ..! આટલું જ તમારું માપ...?"

"આ તમારી પ્રાર્થના...?"

"આવી પોકળ વિનંતીઓ..?"

"તમારા દેવ ઉપર આટલો જ વિશ્વાસ..?"

"અરે! શેનો વિશ્વાસ..? અને શેનો દેવ..?"

"એ વળી ક્યા દેવની પૂજા કરે છે..?"

"અરે..! એ તો ખાલી...નકામા...ફોગટના બોગસ..! જૂઠા...ઠગ...!"

"કેમ...પેલો ઈસુ એ તેમનો દેવ નથી...?"

"શેનો ઈસુ...? શેનો દેવ..?"

"આ એના ચેલા...? ખાવા પીવાના..?"

"અરે! એ ઠગ ઉપદેશક ઈસુ અને આ તેના હજૂરિયા ચેલા આપણ

સૌને બનાવે છે..."

"હા..હા..એ તો સૌને છેતરે છે."

"એ એમનો ગુરુ છે...!"

"હા...હા... લોકોને ઉશ્કેરનાર ગુરુ કહેવડાવે છે."

લોકોએ આડેધડ તેમને ફાવે તેમ હૃદયમાંથી વિચાર્યા વગર ઈસુ અને તેના ગુરુ તરીકે સાથે ફરનાર ચેલાઓ વિષે આક્ષેપો અને શંકાઓ કહેવા જ. માંડી વાહિયાત વાતો વહેતી કરી.

"એ...એ...તમે બધા અમને જે કહેવું હોય તે કહો...પણ અમારા ગુરુ વિષે કંઈ જ કહી ન શકો."

શિષ્યોએ પણ ગુરુ વિષે ગમે તેમ ન બોલવા સામે ત્રાટક્યા. બે ટોળા વચ્ચે કોલાહલ અને શોરબકોર વધી પડ્યો અને શબ્દવેધતા બંધ થઇ.

સૌ એકબીજા સામે મૌન બની આક્ષેપી રીતે ચૂપ રહ્યા.

વાત એમ હતી કે :

જૈતૂન પહાડ નજીક એક ગામ છે. તેમાં ઈસુ ખ્રિસ્તના શિષ્યો રાતવાસો રહ્યાં હતાં. આ સમયે પ્રભું ઈસુ તેનાં ત્રણ શિષ્યો સાથે પહાડ ઉપર પ્રાર્થના કરવા ગયા હતા. આ દરમ્યાન આ પહાડની તળેટીનાં એક સુંદર અને મનોહર ગામમાં, રળિયામણાં ગામમાં એક ઘરમાં તેના બાકીના શિષ્યો હતાં. તે વખતે એક માણસ પોતાના વહાલસોયા પુત્રને લઈને આવ્યો. તેના પુત્રને અશુદ્ધ આત્મા વળગ્યો હતો. તથા ફેફરાનું ભયંકર દર્દ થયું હતું. તે ખૂબ આળોટતો હતો. મોંએથી ફીણના પરપોટા કાઢતો હતો. અને ખૂબ જં હેરાન પરેશાન થતો હતો. વર્ષોથી આ દુ:ખ પીડા હતી.

આ માણસે પોતાના નગરમાં ઈસુના શિષ્યો રાત રહ્યા છે. એ જાણી પોતાના પુત્રને સાજાપણું અપાવવાની ઊંડી આશા સાથે આવ્યો હતો.

પોતાના દુઃખિત-પીડિત પુત્રને આ શિષ્યો સમક્ષ મૂકી તેના દર્દની કહાની કહી જણાવી. તે દરમ્યાન તે દર્દ પણ ત્યાં જ શરૂ થઈ ગયું. સૌએ જોયું. તેથી આ માણસે શિષ્યોને વિનંતી કરી. આ દરમ્યાન આજુબાજુથી "તમાશાને તેડું શું...?" ના પ્રત્યાઘાતે ઘણાં માણસો એકત્ર થયાં.

શિષ્યો પોતે જાણતા જ હતા અને અનુભવમાંથી પાર ઊતર્યા જ હતાં. કારણ કે પ્રભુ ઈસુએ શિષ્યોને સર્વ અધિકાર આપ્યો જ હતો.

માટે શિષ્યોએ પ્રાર્થના કરી. ખૂબ પ્રાર્થના કરી અને પ્રભુ ઈસુના નામે હુકમ કર્યો. પણ એકેય શિષ્યથી આ છોકરાને સાજાપણું ન મળ્યું.

સૌ એકચિત્તે જોઈ રહ્યાં. અધીરાં થયાં. તેનો બાપ તો આકુળવ્યાકુળ થયો. ઇંતેજારીનો દોર ખેંચાયો. કેટલાક વળી બબડ્યા. ઠઠ્ઠા શરૂ, મજાક મશ્કરીઓ શરૂ, નિંદા શરૂ, એકત્ર થયેલ બાલ અબાલ, સ્ત્રી, પુરુષ સર્વને આ ચમત્કાર થશે કે તમાશો? તે જોવાની મઝા પડી. "મારો પુત્ર સાજો થશે કે નહીં...?" તેની ચિંતા તેના પિતાને વધી. જીજ્ઞાસા અને ચિંતા, પ્રાર્થના અને નિરાશાના મિશ્ર પ્રત્યાઘાતમાં કેવળ પરિણામ શૂન્ય..!

ધાણી ફૂટે તેમ મશ્કરીઓ, મજાકનાં વાગ્બાણ વરસવા લાગ્યાં. વિરોધીઓએ ઠેકડી ઊડાડવા માંડી. અરે..! આગળ જોઈ તેવી છેક ઈસુ સુધી સ્તો.

"બગ ભગત...! બગ ભગત...!"

"જૂઠા...ઠગ...જૂઠા...ઠગ..! ના ઉપનામે છોકરાં પણ હુરિયો બોલાવવા લાગ્યા. મ્હેણાં ટોણાં મારવા લાગ્યાં.

શિષ્યો ચૂપ..! શરમિંદા થઈ ઊંધું ઘાલી કેવા પ્રભુની રાહ જોતા ચૂપચાપ બેસી રહ્યાં. અને કદાચ સારું થાય એ આશયે થોડો થોડો પ્રયત્ન ચાલુ રાખ્યો. પ્રાર્થના અને મહેનત...!

"ગુરુ ક્યારે આવશે...?" ની કાગડોળે રાહ જોતાં એક એક ઘડી યુગ જેવી લાગવા લાગી. લોકોનો એક એક શબ્દ તીર સમાન!

દીનતાપૂર્વક, નિરાશવદને, નત્‌મસ્તકે, ગુરુની પ્રતિક્ષા કરવા લાગ્યા. શિષ્યો લોકોથી તંગ..

પળેપળ અને ક્ષણેક્ષણ વિરોધીઓનું આક્રમણ વધ્યું.

"ગુરુ ક્યારે આવશે...?"

"હમણાં આવશે..!"

"હવે શું કરીએ...?"

"હવે શું કરીશું..?"

શિષ્યોની મૂંઝવણ વધી પડી.

"હવે શું થશે..? શું મારા દીકરાનું દર્દ નહીં મટે..?" ની ઘેરી ચિંતામાં અને નિરાશામાં પુત્રનો પિતા એક ખૂણામાં મૌન નિશ્ચેતન સ્થિતિમાં બેસી રહ્યો છે. પુત્રને પકડી રાખીને સ્તો.

"ઠીક લાગ મળ્યો છે." ની તક મળતાં ટીખળી મશ્કરા, ઊંછાંછરા, સ્વચ્છંદી, જુવાન છોકરા, છોકરીઓએ તો શિષ્યોની હાંસી ઊડાડવામાં માઝા જ મૂકી દીધી.

જુવાની સળવળી અને ધીંગામસ્તીએ ચડી. ઈંડાનાં કોચલાં, જૂનાં ચંપલ, કપડાંના ગાભાના ડૂચા, ગંદા કાગળ, કચરો વગેરે ફેંકી શિષ્યોની તો એવી દશા કરી મૂકી કે ન પૂછો વાત..!

ત્યાં...?

પોહ ફાટ્યો, સવાર થયું. આછા ઝાંખા પ્રકાશમાં દૂરથી બીજું ત્રણ ચાર જણનું ટોળું આવતું જણાયું. એ તો ઈસુ ગુરુ અને પેલા ત્રણે શિષ્યો હતાં. દૂરથી આવતા જોઈને ઘેરી નિરાશામાંથી પિતા જાગ્યો. તે ઈસુ જ છે એ જાણી ઊઠ્યો અને દોડતો જઈ તેના પગમાં પડ્યો. હજુ તો પહાડની તળેટીમાં જ હતો.

“ઓ મારા પ્રભુ જો બની શકે તો મારા દીકરાને જલદી સાજો કર...!” નિરાશ થયેલા પિતાએ આજીજી કરી. અને એકીટસે જોઈ રહ્યો.

“બની શકે તો...?” પ્રભુએ સામો પ્રશ્ન કર્યો. “હાસ્તો, આખી રાત તારા શિષ્યો મથ્યા. તેઓ કંઈ જ કરી શક્યા નથી. તેઓ તો સાવ જૂઠા છે.” આ પિતાની પાછળ પણ કેટલાક ગયા હતાં. તેમાંથી એક એક જણે શિષ્યોને હલકા પાડવા કહી નાખ્યું.

“શું શિષ્યો કંઈ જ ન કરી શક્યાં...? ના, એવું બને જ નહિ. જો પૂર્ણ વિશ્વાસ હોય તો કાંઈ અશકય નથી. માટે જો તમો વિશ્વાસમાં ટકી રહો તો સર્વ કરી શકો છો. ઓ દીકરાના પિતા, શું તારો એવો વિશ્વાસ છે ખરો...? જો તું પૂરા વિશ્વાસમાં ટકી રહીશ તો જરૂર દેવ બાપનો મહિમા જોશે.” પ્રભુ ઈસુએ લોકોને અને પિતા (દીકરાના) ને વિશ્વાસ રાખવા અનુરોધ કર્યો.

“અને હા...મારા શિષ્યો જૂઠા નથી, પણ શકય છે કે હજુ તેઓ

વિશ્વાસમાં નબળા હોઈ એવું કોઈ કાર્ય ન પણ કરી શકે. વિશ્વાસની પૂર્ણતાએ જ કાર્ય પૂર્ણ થઈ શકે છે. વિશ્વાસ રાખનારને સર્વ શક્ય છે. પ્રભુ ઈસુએ શિષ્યોનો બચાવ કર્યો.

આમ વાતચીત કરતાં ટોળાં સાથે પેલા ઘરમાં જ્યાં શિષ્યો બેઠા હતાં - થોડાંક માણસો પણ હતાં જ ત્યાં ગુરુ આવી પહોંચ્યાં. શિષ્યોને અને લોકોને તથા ફેફરાના દર્દથી પીડાતા પુત્રના પિતાની સામે જોઈ "ઓ અવિશ્વાસી તથા આડી પેઢી, હું ક્યાં સુધી તમારી સાથે રહીશ...?" સૌના અવિશ્વાસને પ્રભુ ઈસુએ પડકાર કર્યો.

અને...?

"લાવો, એ પુત્રને મારી પાસે..."

પિતાએ પોતાના પુત્રને ગુરુ પાસે આણ્યો. પ્રભુએ પુત્રમાં રહેલ ભૂતને ધમકાવ્યું. અને તેમાંથી દૂર થવા હુકમ કર્યો.

ત્યાં તો પુત્ર આળસ મરડીને, સ્વસ્થ થઈને ઊભો થયો. "બાપુ...!" કહી પોતાના પિતાને ભેટી પડ્યો.

પિતાએ વાંસે હાથ ફેરવી પુત્રને પ્રભુ ઈસુએ સાજાપણું આપ્યું છે તે જાહેર કરી, પ્રભુનો આભાર માની પ્રભુના પગમાં પડી, બન્ને બાપ દીકરો પોતાને ઘેર ગયા, આનંદ અને હર્ષાવેશમાં.

ફરીથી પ્રભુએ આ ટોળાને અનુરોધ કર્યો કે વિશ્વાસ વગર કાંઈ જ થઈ શકતું નથી. તથા ઉપવાસ અને પ્રાર્થના સહિત ગમે તે કાર્ય શક્ય બને છે.

સૌ ચૂપ, મશ્કરીઓ, ઠેકડી કરનારાઓ, સ્ત્રી પુરુષ, જુવાનો અને બાળકો ચૂપ..."જૂઠા...જૂઠા..." નો કલશોર બંધ. "વાહ..વાહ..કહેવું

પડશે...!" ના ઉદ્ગારો પણ ત્યાં સરી પડ્યા.

"અલ્યા, આ શિષ્યો અને આપણે માણસ અને આ ઈસુ પણ માણસ તો તે જબરો કહેવાય..!"

"આ તે કયા પ્રકારનો માણસ...?"

"આટલું ભયંકર કામ, ભયંકર ફેફરાનું દર્દ. કોઈ વખત પાણીમાં, કોઈ વખત અગ્નિમાં પડનાર અશુદ્ધ આત્મા મોંએ ફીણ ફીણ લાવી બે શુદ્ધ કરનાર ભૂત અને દર્દને કેવળ ધમકાવી ક્ષણમાં દૂર કરનાર જબરો કહેવાય...!"

ખેર..! જે હોય તે પણ તેણે છોકરાને સાજો કર્યો છે. નિર્વિવાદ છે. માટે તે માણસ હોય કે ગુરુ કે દેવ પણ તે જરૂર તરેહ તરેહનું કામ કરનાર છે.

વાચક મિત્રો, હા, આપણો પ્રભુ તરેહ તરેહનો માણસ છે તે આપણાં હૃદયમાંનો પાપરૂપી અશુદ્ધાત્મા દૂર કરવા સર્વશક્તિમાન છે. પરંતુ વિશ્વાસની પરિપૂર્ણતાએ પસ્તાવો કરવાથી જરૂર માફી મળે છે. શુદ્ધ થઈ શકીએ છીએ.

આવો, જુઓ આપણા પ્રભુ ઈસુ ભલભલા નીદકો મશ્કરીઓ અને ઠઠ્ઠા કરનારાઓને ભોંઠા પાડે છે કે નહીં. ને તરેહ તરેહનો માણસ હોઈ દેવ તરીકે તેની ખાત્રી પૂર્ણ વિશ્વાસસહ કરી તો જુઓ. (માથ્થી ૧૭ : ૧૫ થી ૧૯, માર્ક : ૯ : ૧૭ : ૨૭).

# "ભૂત...! ભૂત...!!" (૧૪)

"મારો...હલેસાં...મારો...!"

તોફાન ખૂબ છે. સમુદ્ર ખૂબ તોફાને ચઢ્યો છે. ને ચારે બાજુ ભયાનક વાતાવરણ છે.

પવનના સુસવાટા...! નીરવ રાત્રિની ભયંકરતા...! તમરાંનો કર્કશ અવાજ આગિયાનો અલ્પ પ્રકાશ. દૂર દૂર વનવગડામાં હિંસક પ્રાણીઓના ભયાવહ અવાજ...! ઊંચા ઊંચા પહાડોની ભેખડમાં અથડાતા અવાજોના પડઘા ને કારમી હૃદયવેધક બિહામણી બોધકારો...!

રોકકળ...! કલ્પાંત...! આક્રંદ...!! રુદન..!!! કેવી ભયંકરતા....? કેટલી બધી ભયાનકતા...?

કેવી કારુણ્યતા..?

કેટલી બધી દારુણ્યતા...?

કેટલી બધી નિર્જનતા..?

ભેંકાર...! સૂનકાર...!!

ઘનઘોર રાત્રિ...! કાળી ડીબાંગ શી રાત્રિ...! ને...?

પાણીની ખળખળતી કર્કશતા...!

ભલભલાનું હૃદય બંધ પડે, તેવી બિહામણી ને ભયાવહ પરિસ્થિતિ...!

"બસ...! આપણે એકલા..? અટૂલા...?"

"આ ભયંકર તોફાની દરિયો ને વચ્ચે આપણે...?"

"કિનારો દૂર...દૂર...બચવાનો શો આરો...?"

"ચારેય બાજુથી ઘેરાયા..!!"

"સામે ખતરનાક પવન...!!"

"હલેસાં મારી મારીને થાક્યા પણ કિનારો કેટલો બધો દૂર છે...?....

"ઓ બાપરે...!!...!.."

"પે..લું...ઉ...સા...મે...??....!"

"ભૂત...!...! ભૂત...!!...."

"હેં...? ભૂત...??.."

"હવે...? શું થાય...? આ નિર્જન રાત્રિમાં મધ્ય દરિયે એકલા અટુલા...!"

"કુદરત પણ દુશ્મન..! સમુદ્ર પણ દુશ્મન...!!"

"હવે આપણું શું...?"

"ને, વળી સામે ભૂત...!"

"અલ્યા, એ ભૂત વળી પાછું પાણી ઉપર ચાલે છે ને આપણાં તરફ આવે છે."

"હેં...ના હોય...?..."

"હાલ્યા, એ તો આપણી નજીક આવે છે, આપણે થાક્યા છીએ, બીધા છીએ, ભૂખ્યા છીએ, તરસ્યા છીએ, એકલા અટુલા છીએ, ને આપણો કોઈ જ સહારો નથી. કિનારો ઘણો દૂર છે. તેમાં વળી પાછી

આ બીજી નવી બલા...!!"

"ભૂત..! ભૂત...!! ભૂત...!!!..."

"ભૂત આવે છે, પાણી ઉપર આવે છે."

"ભૂત...ભૂત...!" બધાએ એકી સાથે બૂમો પાડી.

"અલ્યા, જો આજે આપણી સાથે આપણો પ્રભુ હોત તો..?" પિત્તરે પ્રભુને યાદ કર્યાં.

"ભૂત...ભૂત..!" ફરીથી બધાંની બૂમો.

ભૂત નજીક આવે છે. અને "ના, હું ભૂત નથી. પલિત નથી. હું ઈસુ છું. બીહો મા...હિંમત રાખો. હું જાણું છું. તમો કઈ મુશ્કેલીમાં છો. સમુદ્ર તોફાને ચઢ્યો છે. હજુ તમારે ઘણે દૂર જવાનું છે. તમે થાકી ગયા છો ભૂખ્યા છો. એ મે જાણ્યું છે, જોયું છે. માટે જ હું જાતે જ તમારી પાસે પાણી ઉપર ચાલીને આવ્યો છું. ગભરાશો નહીં. હું પોતે જ ઈસુ છું." પ્રભુ ઈસુએ દૂરથી સ્પષ્ટતા કરી હોડીમાંના શિષ્યોને હિંમત આપી, શંકા દૂર કરી.

"હે...? પ્રભુ પોતે જ છે...?" નજીક આવતાં પિતરે હિંમત એકઠી કરી પૂછ્યું.

"હા..હું જ છું. શું તને હજુ પણ શંકા છે..?" પ્રભુએ ફરીથી કહ્યું.

"જો તું જ પ્રભુ હો તો મને કહે કે હું પાણી ઉપર ચાલીને તારી પાસે આવું..." પિતરે ખાત્રી કરવા કહ્યું.

"આવ..., તું પણ પાણી ઉપર ચાલીને મારી પાસે આવ..." પ્રભુએ પડકાર આપ્યો.

પિતર હોડીમાંથી ઝટપટ પાણીમાં ઉતર્યો. ને પાણી ઉપર ચાલવા લાગ્યો. પ્રભુ ઈસુની સામે જોઈને જ સ્તો.

પણ...?

પિતરે પ્રભુની સામેથી નજર ફેરવી. સમુદ્ર, અંધકાર, પવનના સુસવાટા જોતાં તથા તે કાને અથડાતાં ગભરાય છે ને શંકા આવતાં બીક લાગી.

"એ...હું ડૂબ્યો...!" પિતરે પાણીમાં ડૂબતાં ડૂબતાં બૂમ મારી. "પ્રભુ હું તો પાણીમાં ડૂબું છું! મને બચાવ...!"

પ્રભુ ઈસુ સ્વયં હાથ લાંબો કરી પિતરને પકડી પાણીમાં ડૂબતો બચાવે છે.

"અલ્યા, પ્રભુએ તો કમાલ કરી...!"

"પોતે પાણી ઉપર ચાલી પિતરને ચાલવા આજ્ઞા કરી, ચલાવ્યો ને શંકા આવતાં હાથ પકડી બચાવી હોડીમાં બેસાડે છે. ને સમગ્ર હોડીને પણ બચાવી."

"ને એ તો આપણને દૂરથી ભૂત જ લાગ્યો."

"હાસ્તો..., એ તો તેણે પોતે જ આપણને જાહેર કરી, સમુદ્રને આપમેળે શાંત કરી વાતાવરણ શાંત કરી ભય દૂર કર્યો."

"ખરેખર..! આપણે તો તેને ઓળખી ન શક્યાં."

"હાસ્તો, ને વળી "શાંત થાઓ" ની આજ્ઞા કરી કે તેનું માની સમુદ્ર, પવન પણ શાંત થયાં. એ કેટલી બધી નવાઈ...?!"

"હા...હવે એ ભૂત કે પલિત નથી. પણ આપણો ગુરુ, પ્રભુ ઈસુ છે."

"તું તો પાણી ઉપર પણ ચાલી શકે છે. અને મને કે મારા જેવાને પણ ચલાવી શકે છે. શંકાશીલને પણ ડૂબતા બચાવી શકે છે. સમુદ્ર, પવન, તોફાન, વાવાઝોડું, વગેરે પણ તારી આજ્ઞા માને છે. માટે તું ભૂત નથી. પણ અદ્ભુત અને અલૌકિક દૈવીપુત્ર જ છે." પિતરે અંતઃકરણ ઠાલવી નાખ્યું.

"હા...એ દેવપુત્ર છે, તે સર્વ પર રાજ્ય ચલાવી શકે છે. તે પ્રભુ ઈસુ છે. જે આપણા જેવો માણસ હોવા છતાં એવાં અનેક તરેહ તરેહનાં કામ કરે છે." બીજા એક શિષ્યએ પણ વાતને સમર્થન આપ્યું.

હા...તે આપણાં જેવો જ માણસ છે છતાં તરેહ તરેહનાં કાર્યો કરે છે. તે અદ્ભુત માણસ છે.

મિત્રો, શું આપણે આ જગતના સમુદ્રના તોફાની વાવાઝોડામાં છીએ...? શેતાની પરીક્ષણમાં છીએ...? પાપ, દુષ્કર્મ, અધમતાના અંધકારમાં, શેતાની વાઘ , સિંહ, વરૂની બૂમોથી ભયભીત છીએ...? એકલા અટુલા છીએ...? સામે દેખાતી વ્યક્તિ ભૂત નહીં પણ પ્રભુ ઈસુ છે તેવો વિશ્વાસ કરો છો? ના, તો આજે જ પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખી બચો, અને શાંતિ મેળવો.

(યોહાન : ૬ : ૧૮ થી ૨૧, માથ્થી ૧૪ : ૨૪ થી ૩૩, માર્ક : ૬ : ૪૮ થી ૫૧)

# અ નોખું મૃત્યુ

## ૧૫

નિર્જન રસ્તો, ત્રણચાર વાગ્યાનો સમય હતો! હજુ લાંબો પંથ કાપવાનો હતો. ચારેક ગાઉ જેટલા અંતરે...દૂર તો ખરું જ ને...? અમ્મૌસ...!

અઠવાડિયાનો પહેલો દિવસ ને તેમાંય બે એક દિવસ ઉપર નો ગમગીની મહાદુ:ખનો પ્રસંગ....આજ ટાણે...! ને હજુ હવામાંથી કાને અથડાતા કાલવારી ટેકરા ઉપરના અને તે પહેલાં યરુશાલેમ શહેરમાં પણ પેલા સદ્‌ગુરુના ઉત્થાનના શબ્દો ને મરણનો ભેંકાર...!

હતાશામાં આશા...! ને વાસ્તવિકતાની પૂર્તિ ને તેની સાંભળેલી વાતોની યાદદાસ્ત, તાજી કરતાં ઘડીક...ઝીણી ઝીણી વાતો...ઘડીક મૌન ને ઘડીક શુક્રવારના અંધકારના ભેંકારના ઉચાટમાં "હવે ક્યારે ઘર ભેગા થઈ જઈએ એવા ઉતાવળિયા પગનો પગરવ...!" જેવા મિશ્ર પ્રત્યાઘાતમાં છેલ્લા આઠેક દિવસથી યરુશાલેમમાં જ ગોંધાઈ રહેલા બીજા અન્ય શિષ્યો અને લોકોના સંગમાંથી પોતાના ઘેર જવા લૂક અને કલિયોપાસ ચાલ્યા જતા હતાં.

"લૂક, ખરું થયું... ? સ્વપ્નેય ખબર નહિ કે આપણા સદ્‌ગુરુ માટે આટલું મોટું લાંબું થશે...!"

"અરે! ભાઈ, જવા દે ને...! જોયું નહિ...? સદ્‌ગુરુ જેવા પરમાર્થી અને ઈશ્વરના પુત્ર માટે જો આટલું બધું જૂઠું ને ખોટું ઉપજાવી આખરે શાસ્ત્રીઓ અને ફરોશીઓ તથા ધર્મના આગેવાનોએ દેહાંત દંડની સજા ઠોકી બેસાડી ને આખરે વધસ્તંભે વાંક ગુના વગર જડી દીધા...! શો ન્યાય..?"

"હાસ્તો...! તો પછી હવે આપણા જેવાની શી વિસાત...?"

"શેની વિસાત...? કોની વાત...?"

"અરે! તમે...?" લૂક ગભરાયો ને પૂછ્યું.

"હા...! તમે...?...? કલિયોપાસે પણ ગભરાટે પૂછ્યું.

"હા...હું...! અહીં તમારી સાથે બીજે ગામ જવા સંગાથ કર્યો અને તમે જે વાત કરતા હતા તે સાંભળતો હતો. હા..તો તમો કોની વાત કરતા..? મને તો...?!" ત્રીજા પુરુષે ઇંતેજારી દર્શાવી.

"અરે! ભાઈ...! આખું યરુશાલેમ શહેર અને આસપાસનાં સૌ કોઈ જાણે છે. ને તું જ એવો કેવો માણસ છે કે અમને તું પૂછે છે...?" લૂકે ટકોર કરી.

"શી વાત..? કોની વાત...?"

"કેમ...? ઈસુ નાઝારીની વાત...!"

"નાઝરેથના યૂસફના પુત્ર અને આખા યહૂદાહ પ્રાંતમાં અને આજુ બાજુ ફરતો ચમત્કાર કરતો હતો.....એની વાતો..."

"હા..તો હવે એનું શું...? તે તો...!"

"હા, એને તો આ અન્યાયી અને દંભી લોકોએ ખોટી રીતે દેહાંત દંડની સજા ઠોકી બેસાડી મારી નાખ્યાં. અને એ શુક્રવારે..!" ગળગળા થઈ કલિયોપાસે વાત ગળામાં જ ઘૂંટાવી.

"હા...હા.., હવે તમારી વાત મને પૂરી સમજાઈ. હા...એ તો અન્યાય જ કહેવાય...! પણ..?!"

"પણ...શું...?" લૂકે ઇંતેજારીપૂર્વક પૂછ્યું.

"કેમ...? તમો જાણતા નથી? કે તે પોતે પોતાના મુખે વારંવાર

કહેતો જ કે પોતાનું મરણ કેવી રીતે થશે. અને ધર્મશાસ્ત્રનાં વચનો પણ તે કહેતો જ હતો. તે મારા સાંભળવામાં આવ્યું છે."

"હા...! એમણે તેમના મૃત્યુ વિષે પુરાતનકાળના પ્રબોધકોએ કહેલાં વચનો પૂરાં થશે. એમ કહી ઘણાં સત્ય વચનો પ્રગટ કર્યા છે. તેનો અક્ષરસઃ પૂરો થયો છે. હકીકત છે એ તો અમો જાણીએ છીએ." કલિયોપાસે શાસ્ત્રનો સત્ય ઉદ્ગાર કાઢવા પ્રયત્ન કર્યો.

"હાલ્યા.., તેમને પડેલાં દુઃખો વિષે આપણે વિચારીએ છીએ તો તે વારંવાર કહેતા કે યશાયા પ્રબોધકના પુસ્તકના ૫૩માં અધ્યાયનાં વચનો પુરવાર થયાં છે. તે તો ના ન કહેવાય..!" લૂકે ટાપસી પૂરી.

"ભાઈઓ, તમો શું તેમનાં શિષ્યો છો...?"

"હા, અમે એમના ગુપ્ત શિષ્યો તો ખરા! અને ઘણી વખત તેમની સાથે ફરતા પણ ખરા! અને હમણાં જ આખું અઠવાડિયું તો અમો એમની સાથે જ હતા પણ ખાસ તેમની પાસે તો નહિ હોં..! છતાં જાણીએ બધું...!" કલિયોપાસે પેટછૂટી વાત કરી.

"તો તો તમો તેની આસપાસના દુશ્મનોએ અને ધર્મ અધિકારીઓએ જે વર્તાવ કર્યો તે તમે નજરોનજર જોયો હશે. કેમ ખરું ને..! જાણે કૂતરાંઓ અને ભૂંડોનાં ટોળાં..." ત્રીજા આગંતુકે મુદ્દાની વાત શરૂ કરી.

"હાસ્તો...! અરે જાણે એ તો ભૂખ્યા વરૂઓ જ સ્તો..!"

"તે તો ધર્મશાસ્ત્રમાં દાઉદ ભક્તે પોતાના ગીતમાં એની પ્રતિછાયારૂપે ગાયું જ છે કે : "કેમ કે કૂતરાઓ મારી આસપાસ ફરી વળ્યા છે. ભૂંડોની ટોળીઓએ મને ઘેરી લીધો છે. તેઓએ મારા હાથપગ વીંધી નાખ્યાં છે. હા...! તેમ જ થયું છે. કેમ ખરું ને...?" આખી વાત સાથી મિત્રએ એક

સાબિતી રૂપે જણાવી દીધી.

"હેં...?" હજારો વર્ષો પહેલાંની આ તો વાત...!"

"હાસ્તો...! એવી બીજી ઘણી વાતો તેના હક્કમાં પૂરી થઈ છે."

"તો મિત્ર....! તું તો અમારા કરતાં ઘણું જાણે છે. જરા અમને કહે તો ખરો...! વાતોમાં રસ્તો ટૂંકો પણ થાય અને અમે સાંભળીએ તો ખરા...!" લૂકે જીજ્ઞાસા જણાવી.

"મિત્ર, મને એક વાત યાદ આવે છે કે જ્યારે સદગુરુ છેલ્લું ભોજન લેતા હતાં. ત્યારે ઉપલી મેડી ઉપર ૧૨ શિષ્યો સાથે બેસીને ખુદ કહ્યું હતું કે : "જેણે મારી થાળીમાં હાથ ઘાલ્યો છે તે જ મને પરસ્વાધીન કરાવશે. અને તે મિત્ર યહૂદાને તરત જ કહ્યું કે તું જે કરવાનો છે તે જલ્દી કર..! ને એમ ત્યાં પરસ્વાધીન કરનારને જાહેર કર્યો. કેમ ખરું ને..?" કલિયોપાસે બીજી એક સત્ય ઘટના યાદ કરી.

"અરે! ભાઈઓ, એ અંગે પણ ન જાણતા હો તો લો જાણી લો કે ધર્મશાસ્ત્રમાં કહ્યું જ છે કે : "હા..મારો ખાસ મિત્ર જેનો મને પૂરો ભરોસો હતો, જે મારી રોટલી ખાતો હતો. તેણે મારી સામે લાત ઉગામી છે." દાઉદ ભક્તે ભવિષ્ય ભાખ્યું જ છે. અને મૂસા તથા'ઝખાર્યા પણ એ અંગે ઇશારો કરે જ છે. તથા આમોસ પ્રબોધકે પણ આગળ વધીને વધુ સ્પષ્ટતા કરી જ છે કે "રૂપા માટે નેકીઓને વેચ્યા...! શું તમે એ જાણો છો?"

"હાલ્યા..! એ તો ખરું ને..! પ્રભુ જેવા નેકીવાનોને નજીવી કિંમતે વેચ્યા!" લૂકે સૂર પૂર્યો.

"ત્યારે...એ દગો દેનાર વિશ્વાસઘાતી યહૂદાના પણ એ જ હાલ

થયા તે તમે જાણ્યા..?"

"એ તો ભાઈ જેવી કરણી તેવી ભરણી...!"

"હાસ્તો...! પણ મને એ સમજાતું નથી કે આવી વધસ્તંભની ભારે શિક્ષા કેમ કરી?" લૂકે શંકા રજૂ કરી.

"કેમ...? યાર તને યાદ નથી..? તેણે પોતે જ કહ્યું હતું કે : "માણસના દીકરાને ઊંચો કરવાની જરૂર છે." કલિયોપાસે પ્રભુના માર્મિક શબ્દોને યાદ કર્યાં.

"હા...માટે જ એને વધસ્તંભે ઊંચો કર્યો ને મારી નાખ્યો. જે તે વધસ્તંભ પરના ઈસુને જુએ તે ઉદ્ધાર પામે એ ભાવાર્થ હતો જે મૂસાના રાનના સર્પની પ્રતિછાયા પ્રદર્શિત કરી પૂર્ણતા કરેલ છે." ત્રીજા પુરુષે ચાલતાં ચાલતાં કહ્યું.

"માટે જ એ શુક્રવારનું આખું દૃશ્ય વધસ્તંભનું સ્તો..! મારી આંખો સમક્ષ આવ્યું ને પેલા શિષ્યો તેનાં કપડાં માંહોમાંહે વહેંચી લેતાં. તથાં ઝભ્ભા માટે ચિઠ્ઠીઓ નાખતાં..! વગેરે...! કેવું કરુણ અને દયાજનક દૃશ્ય..!"

"કેવા નિર્દય...?" લૂકે અફસોસ પ્રગટ કર્યો.

"અરે! પેલા લાંબા ઝભ્ભાધારી રાબ્બીઓ, શાસ્ત્રીઓ ને ફરોશીઓ આપણા પ્રભુની કેવી ક્રૂર મશ્કરીઓ કરી થૂંકતા..! નિંદા કરતાં..! ઠઠ્ઠા કરતાં...?!" કલિયોપાસે એક સાથે ગુસ્સાથી કહી નાખ્યું.

"મિત્રો, એમ અફસોસ કરીએ કે ઘૃણા કરી ગુસ્સો કરીએ નહીં. એ સર્વ અગાઉના ધર્મશાસ્ત્રના લેખ પ્રમાણે જ બન્યું છે." આગંતુકે આશ્વાસન આપ્યું.

"હે...? એવું પણ શાસ્ત્રમાં ભવિષ્ય છે?"

"હા...હા ..ધર્મશાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું જ છે કે : દાઉદ ભક્તનાં ઈશ્વર પ્રેરિત આ ભવિષ્ય વચનો છે કે : ને તેઓએ માંહોમાંહે મારાં લૂગડાં વહેંચી લે છે. અને મારા ઝભ્ભા માટે તેઓએ ચિઠ્ઠીઓ નાખી છે."

"ને પેલી મશ્કરીઓ...?!"

"અરે! એ લેખ પણ ધર્મશાસ્ત્રમાં છે જ. : જુઓ બધા મળી મારી હાંસી કરે છે. તેઓ મોં મરડીને ડોકું ધુણાવીને કહે છે કે તું પોતાને યહોવાના હાથમાં સોંપ તે તને બચાવશે. દાઉદ રાજાનાં ભવિષ્ય અક્ષરસ: સાચાં પડ્યાં જ છે." મુસાફરે પુરાતનકાળની ભવિષ્યવાણી કહી.

"અરે..! કલિયોપાસ ભાઈ..મને આ સરકારનો એ નિયમ સમજાતો નથી કે પાસ્ખાપર્વના આગલા દિવસે શબવત્ ન થનારનાં હાડકાં કેમ ભાંગતા હશે?" લૂકે શંકા કહી. તથા આગળ પણ કહ્યું કે : "પેલા બે ચોરોના પગનાં હાડકાં ભાંગ્યા તો આપણા ગુરુનાં હાડકાં કેમ ભાંગ્યા નહિ?"

"એ આપણા ગુરુ મૃત્યુ પામ્યા, તાં...!"

"હાસ્તો ગુનેગારનું મૃત્યુ થયું હોય તો તેના હાડકાં ભાંગવામાં આવતાં ન હતાં. પણ જો તે મૃત્યુ ન પામ્યો હોય તો તેનાં હાડકાં ભાંગીને મૃત્યુ પામેલ જાહેર કરવામાં આવતો. પરંતુ આ સદગુરુના સંદર્ભમાં તેમ ન થયું તે હકીકત છે. અને એ પણ ધર્મશાસ્ત્ર જૂના કરારમાં અગાઉથી જણાવેલ છે કે : "તેનાં સર્વ હાડકાંનું રક્ષણ કરે છે. તેઓમાંનું એકેય ભાંગવામાં આવતું નથી. તે પૂર્ણ થયું છે." મુસાફરે શંકાનું નિવારણ કર્યું.

"મિત્ર, તારી વાત સાચી તો ખરી જ. ગુરુની લાશ તો આખી જ

ઉતારીને કબરમાં સીમોને મૂકી છે." લૂકે સાચી વાત યાદ કરીને "તેના મરણના દિવસોમાં પણ તેણે ખૂબ જ સહ્યું હતું. તે પણ કેમ ભૂલાય..?"

"અરે! ભાઈ..મને તો તેની પેલી વછેરા પરની સવારી, છોકરાંના હોસાના..! હોસાના..! લોકોના પોકાર હજુ પણ કાન સાથે અથડાતાં હોય તેમ લાગે જ છે." કલિયોપાસે ગુરુની સવારીનો પ્રસંગ યાદ કર્યો.

"હા...તેણે જ તેના શિષ્યો મારફતે સામેના ગામેથી મંગાવી વછેરા પર સવારી કરી હતી. અને તે પણ અગાઉથી નિર્માણ કર્યો જ હતો. જે ગુરુ પોતે જ બધું જાણતા હતાં ને ઉપયોગ પણ કર્યો હતો. ઝખાર્યાહ પ્રબોધકે સ્પષ્ટ ભવિષ્ય કહેલ છે કે "હે ! યરુશાલેમની પુત્રી જયજય પોકાર કર..! જો તારો રાજા તારી પાસે આવે છે. તે ન્યાય તથા તારણ સાધક છે. તે નમ્ર છે.અને ગધેડા પર - ગધેડાના વછેરા પર સવાર થઈને આવે છે." સાથી મુસાફરે આખું ભવિષ્યવચન કહી સંભળાવ્યું.

"હેં...? આ સવારી વિષે પણ ધર્મશાસ્ત્રમાં સ્પષ્ટ લખેલ છે? આ તો ખરું કહેવાય...?" લૂકે આશ્ચર્ય વ્યકત કર્યું.

"અરે! એથી પણ વિશેષ છે!"

"ભાઈ, તમે તો ગુરુ વિષે ઘણું બધું જાણો છો. અમારા કરતાં પણ વિશેષ! શું અમારાથી પણ વધુ નિકટના ગુપ્ત શિષ્ય છો કે શું? ખૂબ જ જાણકાર છો?" કલિયોપાસે મુસાફર પ્રત્યે વિશ્વાસ જાહેર કર્યો ને વધુ જાણવા ઇંતેજારી પ્રદર્શિત કરી.

"હા..હા..! હજુ તો રસ્તો ઘણો બાકી છે. જો હજુ કંઈ એવો કોઈ ખુલાસો હોય તો..?"

"મિત્રો, શાસ્ત્રના આધારે પ્રગટ થયેલાં અને તેમના મુખેથી

ઉચ્ચારાએલાં અક્ષરસ: પૂર્ણ થયેલ છે કે તેમના પર પડનાર દુ:ખો, યાતનાઓ વિષે તેમને પણ ખ્યાલ હતો જ. માટે જ તેમણે ત્રણ વખત પ્રાર્થના કરી પિતા પાસે બળની માગણી કરી તથા છેલ્લે પિતાની ઇચ્છાને આધિન થયાં."

"હા...ભાઈ આપણા એ ગુરુની છેલ્લી પ્રાર્થના તો ખૂબ જ દુ:ખી અને કષ્ટ ભરેલી હતી જેથી પરસેવો પણ લોહી જેવો થઈ ગયો હતો."

"હવે એ બધું તો ખરું પણ તેમને વધસ્તંભે જડ્યા ત્યારે પણ સાત વાણીઓ દ્વારા પોતાના કાર્યની અને સત્યપણાની ખાત્રી કરાવે જ છે."

"ભાઈ, ત્યારે તો હું બીકનો માર્યો દૂર ઊભો હતો. મેં તો કંઈ જ સાંભળ્યું નથી. જરા...!" લૂકે મુસાફરને જણાવવા સતેજ કર્યો.

"મિત્રો..! સૌ પ્રથમ તો આ દુષ્ટ લોકોને માફી આપવા ક્ષમાવચન "હે ! બાપ તેઓને ખબર નથી તેઓ જાણતા નથી. તું તેઓને માફ કર."

પોતાની સાથેના પસ્તાવિક ચોરને પોતાની સાથે પારાદૈશમાં હશે એવું અભયવચન આપ્યું. "આજ તું મારી સાથે પારાદૈશ હોઇશ."

માતાની મમતા અને લાગણી પ્રદર્શિત કરતાં. "બાઈ, જો તારો દીકરો! (પિતરને) જો તારી મા..!" કહી એકબીજાની સોંપણી કરી.

માનવીય રીતે તૃષા છીપાવવા "મને તરસ લાગી છે." ત્યાર બાદ આ જગત માટે કંઈ જ બાકી રહેતું નથી. માટે "સંપૂર્ણ થયું" કહી પૂર્ણતાનું વચન ઉચ્ચાર્યું.

ત્યાર બાદ આકાશવાસી બાપને યાદ કરી. "એલોઈ એલોઈ લમા શબકથની" એટલે મારા દેવ મારા દેવ તે મને કેમ મૂકી દીધો છે? કહી સથવારાની માગણી કરી. "હે! પિતા મારો આત્મા તારા હાથમાં સોંપું

છું." કહી સ્વાધિનવચન ઉચ્ચારી મૃત્યુ પામે છે. એ સત્ય હકીકત છે."
આગંતુક મુસાફરે સાતેય વાણીઓ ક્રમશ: કહી સંભળાવી.

"મિત્ર, એ છેલ્લી વાણી મેં સાંભળી હતી. અને ત્યારે હું તો ધ્રૂજી જ ગયો હતો." લૂકે ગભરાટથી કહ્યું.

"અરે! હું પણ ત્યાં જ હતો. એવો તો અંધકાર થઈ ગયો કે ખરા બપોરે છઠ્ઠી હોરાએ ૧૨ વાગે સૂર્ય જ દેખાતો બંધ થઈ ગયો. તે છેક ૩ વાગ્યા સુધી જ 'સ્તો!"

"ને? પ્રભુએ નવમી હોરાએ જોરથી બૂમ પાડી હતી. એ તો મને પણ યાદ છે જ."

"અને ખબર છે? ત્યારે તો યરુશાલેમના મંદિરનો પડદો ઉપરથી છેક નીચે સુધી ફાટી ગયો. ભારે ધરતીકંપ થયો. પૃથ્વી હાલી ઊઠી. ખડકો ફાટ્યાં, કબરો ઉઘડી ગઈ. તે મેં જોઈ અને કેટલાક સંતો ઊઠી શહેર તરફ ગયા. તે મેં નજરોનજર જોયાં." કલિયોપાસે પોતાનો જાત અનુભવ કહ્યો.

"હા, મેં પણ એવું જ અનુભવ્યું હતું જ."

"આ બધી પ્રાકૃતિક ઘટનાઓ, સરદારની સાક્ષીએ આપણા ગુરુ માટે વાસ્તવિક અને સત્ય બાબતો છે." મુસાફરે પણ સત્યતાનો સૂર પૂર્યો.

"એ બધું તો થયું પણ હવે એની લાશ માટે પ્રશ્ન જ હતો કે કોણ તેને ઉતારી લઈ જાય. મને તો એ બીક જ હતી."

"પણ...એ માટે પેલા બે હિંમતવાળા ગુપ્ત શિષ્ય જેઓ શ્રીમંત હતાં. તેઓ નિકોદેમસ અને આરીમથાઈનાં યૂસફ આપણા ગુરુની લાશને

માન ભેર ઉતારીને (સુશોભિત) સુગંધિત દ્રવ્યોથી તૈયાર કરી પેલી વાડીમાં કબરમાં મૂકી ઉપર પથ્થર ગબડાવી. ત્યાં સુધી હું ચૂપચાપ તેઓની પાછળ જતો હતો ને જોયું હતું." કલિયોપાસે વાત પૂરી કરી.

"હા, ત્યારબાદ એક મોટો પથ્થર કબરના મોં આગળ મૂક્યો હતો તે પણ મેં જોયું હતું." લૂકે પણ એ જ વાત દોહરાવી.

"અરે! તેની કબર ઉપર રાજ્યની મુદ્રા મારી ચોકી પહેરો મૂકાવ્યો."

"હાસ્તો! કેટલા ભારે અદેખા દુશ્મનો..!"

"ત્યાર પછી જ અમો અને સાથે આવેલ કેટલીક બહેનો રડતી રડતી પાછી આવી, કેમ ખરું ને..?"

"મિત્રો, હજુ આટલેથી એ વાત અટકતી નથી. એ તમે જાણો છો?"

"હા...એ તો અમે જાણીએ છીએ કે તે આખી માનવજાત માટે ઉદ્ધારનાર એ જ ગુરુ છે." લૂકે વિશ્વાસ જાહેર કર્યો.

"અરે! એ તો ખરું જ પણ એથીય અદ્‌ભુત બાબત થવાની હતી. જે હાલ થઈ ગઈ છે. તે એ છે કે દરેક માનવી મૃત્યુ પામે છે. પણ પછી સજીવન થતું નથી. જ્યારે આ ગુરુની તમે જે વાત કરો છો, તે જ્યારે આ જગતમાં હતા ત્યારે ત્રણ વખત મરણ વિષે પોતે મુખેથી બોલ્યો છે, કે તે સજીવન થશે પુનરુત્થાન પામશે, તે યાદ છે?" મુસાફરે કંઈક યાદ દેવડાવ્યું.

"અરે! મિત્ર તમે તો ઘણું જાણો છો?"

"ભાઈ, તમે જ કહો ને! વાતોમાં રસ્તો ઠીક પૂરો થશે."

"ભાઈઓ, તેણે પહાડ ઉપર પ્રાર્થના કર્યા પછી અને ઘણી વખત

પોતા વિશે કહ્યું જ હતું કે : "માણસનો દીકરો માણસોના હાથમાં સોંપાશે ને તેઓ તેને મારી નાખશે ત્યાર બાદ તે ત્રીજે દિવસે પાછો ઊઠશે. તે વચન કહ્યું હતું." મુસાફરે બીજી વાત યાદ દેવડાવી.

"હા.., ભાઈ એ તો મનેય યાદ છે કે તે ત્રીજા દિવસે પાછા ઊઠવાના છે. અને તે ત્રીજો દિવસ આજે છે. તે તેમના આ અભયવચનના આધારે વહેલી સવારે કેટલીક સ્ત્રીઓ, મરિયમ અને તેની બહેનપણીઓ કબરે દોડતી સુગંધિત દ્રવ્ય લઇને ગઈ, ત્યાં પહોંચી કે એક મોટો ધરતીકંપ થયો."

"કબર ઉપરનો જબરો એવો મોટો પથ્થર આપોઆપ ખસી ગયો! કબર ખુલી ગઈ!"

"ને..?એક દૂત એ પથ્થર પર બેઠેલો જોયો."

"તેથી તો તેઓ કબરમાં જતાં ગભરાઈ! ને બીવા લાગી. ગભરાતાં અને ધડકતાં કબરમાં ડોકિયું કર્યું. તો ખાલી કબર..! લાશ જ નહિ. તેથી તેઓ તો વિચારમાં જ પડી ગઈ! દિગ્મૂઢ જ..! ન બોલે કે ચાલે..!"

ને..? તરત જ દૂત બોલે છે. "બીહો મા..! પણ જે તમે શોધો છો તે અહીં નથી. પણ તે ઊઠ્યો છે. જુઓ, તે કબર ખાલી છે."

"ને વળી માથે ને પાંગોતે વાળેલાં કપડાં તેઓએ જોયાં. તથા બીજા બે દૂત પણ ત્યાં હાજર."

"અરે! તે પહેલાં એકલી મરિયમને માળીના રૂપમાં વાડીમાં મળી વાતચીત કરી શિષ્યોને કહેવા અનુરોધ કર્યો હતો. એ કેમ ખરું ને...!?"

"હાસ્તો, તે જ વખતે ત્યાં ઊભેલો સરદાર કબરના પથ્થરના ખસવાથી દેવના પુત્ર તરીકેની કબૂલાત તથા પિતરની દોડાદોડ, સ્ત્રીઓની

સાક્ષી એ બધું આપણે ક્યાં નથી જાણ્યું?" કલિયોપાસે અને લૂકે મુસાફર સમક્ષ વારાફરતી ઉપરનાં પ્રસંગો વાગોળ્યા.

"અરે, મેં પણ તેઓનો અનહદ આનંદ તથા હર્ષ અને સદગુરુ ફરી ઊઠ્યા છે. તે બાબતની ખાત્રી અનુભવ પણ કર્યો છે."

"હાસ્તો, તેઓ કેવળ સમાચાર સાંભળીને નાચવા કૂદવા લાગ્યાં."

"ને મરિયમ તથા તેની બહેનપણીઓ તો આ સત્ય સમાચાર કહેતાં થાકતાં ન હતાં. ને મરિયમને તો પ્રભુએ પોતે પવિત્ર દેહ સ્વરૂપે પ્રગટ થઈ દર્શન આપ્યાં હતાં ને સજીવન થઈ ઊઠ્યા છે તેની ખાત્રી જ કરાવી હતી." લૂકે પણ જાણેલી વાત ફરીથી દોહરાવી.

"અરે! તેઓ તો હજુ પણ શાંત ચિત્તે તેનાં સાક્ષાત દર્શનની રાહ જોતાં જ હતાં, ને ત્યાં આપણે આપણા ઘેર જવા નીકળ્યાં. "કલિયોપાસે પોતાના ગામે પાછા આવવાનું કારણ પણ જણાવ્યું.

"તો તો તેઓએ હજુ ગુરુનાં દર્શન કર્યા નથી એમ જ ને...?"

"ના ભાઈ, હજુ અમોએ એ ગુરુને નજરોનજર જોયા નથી. પણ અમને વિશ્વાસ અને ખાત્રી છે કે તેણે જે જે વાતો કહી હતી તે સાચી ઠરી હતી તેમ જ તે પુનરુત્થાન પામેલ છે. અને એક દિવસ જરૂર અમને તે દર્શન આપી મળશે." લૂકે વિશ્વાસ જાહેર કર્યો.

"હા...એ અમારો ગુરુ જરૂર અમને દર્શન આપશે જ એવા પૂરા વિશ્વાસે જ હમણાં તો ઘેર જઇએ છીએ." કલિયોપાસે પણ પોતાનો વિશ્વાસ જાહેર કર્યો.

"અરે! આ તો ઐમ્મોસની ભાગોળ આવી ને હવે આપણાં ઘર...પણ...!" લૂકે છૂટા પડવા કહ્યું.

"હેં...? શું તમારું બન્નેનું ઘર આ ગામમાં છે એમ ને..?" આગંતુકે પ્રશ્ન કર્યો. ને "હજુ મારે તો આગળ જવાનું છે. તો હું તો...!"

"ના..ના.., યાર રાત પડી છે. ને તમે અમારી સાથે આખા રસ્તે રહ્યા છો. વાતો કરી છે. આજની રાત અમારે ત્યાં અહીં જ રોકાઇ જાઓ. રાત્રે બીજી ઘણી બધી વાતો કરીશું. કારણ કે તમે તો ધર્મશાસ્ત્ર વિષે તથા ગુરુ વિષે ઘણું જાણો છો. તો તેનો લાભ અમને પણ આપો. ને પછી વહેલી સવારે જજો...!" કલિયોપાસે મુસાફરને રાત રહેવા આગ્રહ કર્યો.

"હા..મિત્ર, આજની રાત અહીં જ રોકાઈ જાઓ. ચાલો, મારે ઘેર..! કેમ બરાબરને?" લૂકે પણ આગ્રહ કર્યો.

"સારું, ચાલો..." કહી મુસાફર કલિયોપાસને ઘેર રહે છે. આરામ કરે છે ને ભોજન લેતી વખતે સૌની સમક્ષ પોતે પોતાના હાથમાં રોટલી લઈને સ્તુતિ કરી ભાંગે છે, અને તેઓને પણ આપે છે. "લો, આ રોટલી ખાઓ ને તૃપ્ત થાઓ...!"

"હેં...?..આ શું..? આ તો ખુદ આપણાં જ ગુરુ હતાં...જે આખા રસ્તે આપણી સાથે..!.."

"ધર્મશાસ્ત્ર પ્રમાણે પુરાતનકાળની, પ્રબોધકોની, દાઉદ, મૂસા, આમોસ, ઝખાર્યાહ તમામનાં વચનોનો ખુલાસો કરી મૃત્યુ પહેલાં અને પછીની સાબિતીઓ જણાવી."

"આ...તો...અ...લોપ....!"

"આપણે કેવા આંધળા...!"

"ને ? હવે આપણી આંખો ખુલી...!?"

"કેવું અદ્‌ભુત...!"

"અદ્‌ભુત તો ખરું જ...! પણ આ સત્ય ઘટના અને મૃત્યુમાંથી ઊઠેલા એ ગુરુને આપણે નજરોનજર જોયા, તેમની સાથે આખા રસ્તે વાતો કરી. તેમના હાથની રોટલી ખાધી......કેવું અજાયબ...!"

"હાસ્તો..! આ અજાયબ ઘટનાના આપણે સાક્ષી છીએ. ચાલો, આપણે યરુશાલેમ-ફરીથી પાછા જઈએ અને આ અક્ષરેઅક્ષર કહી સંભળાવીએ."

"હા, ભાઈ આ અપૂર્વ આનંદ તો બીજાઓને જરૂર જણાવવો જ જોઇએ. હમણાં જ જઇએ....ચાલો..!"

બન્ને એક પછી એક પોતાના હર્ષાવેશની વાતો યરુશાલેમ જઈ કહેવા નિર્ણય જાહેર કરે છે. અને તરત જ નીકળી જાય છે. ને ચાલતાં કૂદતાં આનંદ કરતાં બન્ને યરુશાલેમ પાછા આવે છે ને જ્યાં શિષ્યો, સ્ત્રીઓ, અને કેટલાક માણસો એકઠા થયા જ હતાં ને પ્રાર્થના કરતા હતાં, ત્યાં આવી પહોંચે છે. ને પોતાના તાદૃશ્ય અનુભવની વાતો વારાફરતી કહી સંભળાવે છે. ને ગુરુ ચોક્કસ ઊઠ્યા છે તેની ખાત્રી આપે છે.

ત્યાં તો : "તમને શાંતિ થાઓ...!" શાંત અને મધુર શબ્દો સંભળાયા.

સૌ ગભરાયાં, ભયભીત બન્યાં. ને "ખરેખર...છે કે સ્વપ્ન?" ના તર્કવિતર્કમાં પડ્યાં.

"જુઓ આ મારું શરીર, આ પગ, આ હાથ તેના વેહ! અડી જુઓ," કહી હાથપગ પસારી બતાવ્યા.

"હું..?"

"હે...એ...! એ...!!..એ...!!"

"મને ન ઓળખી શક્યાં? હું તમારો સદગુરુ અને વધસ્તંભે જડેલ ઈસુ હું જ છું. શું હજુ પણ તમો વિશ્વાસ કરી શકતાં નથી? લાવો કંઈ ખાવાનું તમારી પાસે છે?"

"હા..છે.. શેકેલી માછલી...!"

"લાવો, એક ટુકડો.." ને ગુરુએ તે ખાધો.

"ખરેખર..! ઈસુ જ છે...!"

"હા...હું તે જ છું...તમારી મધ્યે હતો. ત્યારે મેં જે વાતો કહી હતી, ધર્મશાસ્ત્ર પ્રમાણે પ્રબોધકોએ મારા વિષે જે લખ્યું છે. તે બધું જ પૂરું થયું છે, હું ત્રીજે દિવસે મૂએલામાંથી ઊઠ્યો છું. હું પોતે જ પુનરુત્થાન પામ્યો છું. તે તમો જુઓ, જાણો, ને અનુભવી અન્યને કહો." ઈસુ ગુરુ જે દેવનો પુત્ર હતો તેની પૂરી સત્યતા પુરવાર થયેલી જાહેર કરી.

"ઓ..અમારા પ્રભુ અને અમારા ગુરુ!"

"અમો તો હમણાં જ આ વાતના સાક્ષી થયા...!"

"ના...હમણાં નહીં..જ્યાં સુધી ઉપરના પરાક્રમથી વેષ્ટિત ન થાઓ ત્યાં સુધી હમણાં યરુશાલેમમાં જ રહો...!" કહી પ્રભુ ઈસુ અદૃશ્ય થઈ ગયાં.

"જોયું ને...? અમે જે જોયું હતું, સાંભળ્યું હતું. તે તમે પણ અનુભવ્યું ને..?"

"કેટલું બધું અજાયબ...!"

"અરે...! કેટલી બધી સત્યતા..? સચોટતા...?"

"હજારો વર્ષ પહેલાંની તેમના વિષેની જુદી જુદી ઘટનાઓ પ્રત્યે પૂર્ણ થયેલી બાબતો અજાયબં ભરી નહીં તો બીજું શું?"

"હા...ભાઈ, આ ઈસુ, એ તો કોઈક અદ્‌ભુત વ્યક્તિ જ કહેવાય..! અને તેનું મૃત્યુ પણ અન્ય સૌ કોઈથી અંલાયદું અનોખું મૃત્યુ જ કહેવાય!"

"હાસ્તો, એ અનોખું મૃત્યુ પોતે જાણતા જ હતાં. તથા એ અંગે ભવિષ્યવાણીઓ કોણે કરી હતી. તે સઘળી બાબતોનો વારંવાર પુનરુચ્ચાર ક્રમશ: કહી બતાવી, છતાં અમો એને ઓળખી ન શક્યા. આ તો કેવું અજાયબ કહેવાય...!" કલિયોપાસે અફસોસ વ્યક્ત કર્યો.

"એ તો ખરું જ ને..? આવી જ વ્યક્તિ અનોખી કહેવાય..! ખરેખર...!! આ તે માણસ કે શું...?"

"અરે! ભાઈઓ, સૌ કેમ વિમાસણમાં પડ્યા છો...? એ માણસ તો હતો જ. પણ અલૌકિક સદગુરુ હતો."

"એ શી તરેહનો માણસ છે?"

"કેમ..? યૂસફ અને મરિયમનો એ પુત્ર એટલે એ માણસનો પુત્ર માણસ તો ખરો ને...? એ નાઝરેથનો રહેવાસી હોઈ માણસ હતો છતાં તે અદ્‌ભુત માંણસ હતો..જ...!"

"હા...એ માણસ હોવા છતાં ઐશ્વરીય રીતે અને દૈવીપુત્રત્વ તરીકે સંપૂર્ણત: પરિપૂર્ણતા.સાબિત કરનાર માનવપુત્ર ઈસુ જ છે ને હતો."

"હા...એ દેવના પુત્રં તરીકે, માનવીના ઉદ્ધારનાર તરીકે આ જુદી જ તરેહનો માણસ હતો."

"હાસ્તો, એ તરેહ તરેહનો સ્વભાવલક્ષી અને કાર્ય કરનાર માણસ દેવપુત્ર હતો જ!"

હા, વાચક મિત્રો, આ તાદૃશ્ય બનાવો પછી પણ થોમાને દર્શન આપી અવિશ્વાસ દૂર કરનાર, પિતરને તિબિયસને સમુદ્રકાંઠે માછલી-રોટલી શેકીને આપી દર્શન આપનાર, દમસ્કસના પાધરા રસ્તા ઉપર શાઉલને દર્શન આપી પાઉલ બનાવનાર, તથા હજારો માણસોને આજ સુધી દર્શન આપનાર, સાક્ષાત જીવંત સ્વરૂપ પ્રગટ કરી જીવનો સુધારનાર આજે પણ તે પોતે સત્ય તથા જીવંત છે તેની ખાત્રી આપે જ છે.

હા...એ તરેહ તરેહનો માણસ દેવપુત્ર તરીકે અનોખું જીવન, મૃત્યુ પ્રદર્શિત કરી, જીવંત થઈ, પોતે સ્વર્ગારોહણ થઈ ફરીથી એ તરેહ તરેહનો માણસ એક દિવસ હજારો દૂતોના રણશિંગડાના નાદે પાછો આવી તેની ઉપર વિશ્વાસ કરનારને સાથે લઈ જશે જ.

તો શું આપ સૌ આ તરેહ તરેહના માણસ-માનવ પુત્રપણામાં પ્રગટ થયેલ દેવપુત્ર સાથે સ્વર્ગમાં જવા તૈયાર છો ખરાં..?"

આવો, એવા પ્રભુ ઈસુની સાન્નિધ્યમાં આજે જ જઈને સાચે જ તારણ પામી તેનાં દર્શન પામીએ. અને તરેહ તરેહના પ્રભુ ઈસુની સંગત માણીએ.

**સંદર્ભ :**

(૧) યશાયા : ૫૩મો અધ્યાય

(૨) ગીતશાસ્ત્ર ૧૬ : ૯ થી ૧૦

(૩) લૂક : ૨૨ : ૨૧, માત્થી ૨૬ : ૨૧ યોહાન : ૧૩:૨૧થી ૨૯

(૪) ગીતશાસ્ત્ર ૪૧ : ૯, યોહાન ૧૩ : ૧૮

(૫) ગણના ૨૧ : ૯, યોહાન ૧૨ : ૩૩

(૬) ગીતશાસ્ત્ર ૨૨ : ૧૮, યોહાન ૧૯ : ૨૪.૨૩

(૭) ગીતશાસ્ત્ર ૨૨ : ૭. ૧૦૯ : ૨૫, માર્ક : ૧૫ : ૨૯ થી ૩૨

(૮) ગીતશાસ્ત્ર ૩૪ : ૨૦, નિર્ગ. : ૧૨ :૪૬, ગણના : ૯ : ૧૨
યોહાન : ૧૯ : ૩૨ થી ૩૬

(૯) ઝખાર્યા : ૯ : ૯, માર્ક : ૧૧ : ૧ થી ૧૦, માથ્થી ૨૧ : ૫ થી ૧૫

(૧૦) સાત વાણી :- લૂક : ૨૩:૨૪, ૨૩:૪૩ યોહાન : ૧૯:૨૬-૨૭
યોહાન ૧૯,૨૮, ૧૯:૩૦, માર્ક : ૧૫:૩૪, ગી.શા. ૨૨:૧
લૂક : ૪૩ : ૪૬ ગી.શા. ૩૧ : ૫

(૧૧) માથ્થી ૧૬ : ૨૧, ૨૮ : ૧ થી ૫, યોહાન ૨૦ : ૬ થી ૧૩

(૧૨) માર્ક : ૧૯:૯, લૂક : ૨૪, ૧૩ થી ૩૨
યોહાન : ૨૦ : ૨૦થી ૨૩, યોહાન : ૨૦ : ૨૫ થી ૨૭

(૧૩) લૂક : ૨૪ : ૧૩ થી ૪૩, પ્રસંગ ઉપરથી વાર્તાલાપ

# ૧૬

# પુનરુત્થાન

પ્રભુ ઈસુના વધસ્તંભે જડાયા પછી ત્રીજા દિવસે અઠવાડિયાનાં પહેલાં દિવસે વહેલી સવારે યરુશાલેમ શહેરની કેટલીક ધાર્મિક અને પવિત્ર સ્ત્રીઓ સુગંધી દ્રવ્યો લઇને ગલગથા કાલવારી તરફ જવા નીકળી.

ચિંતાતુર, આશાઘેલી, શંકાકુશંકાઓમાં, હાંફળી ફાંફળી, ચાલતી, દોડતી, થાકેલી હોવા છતાં વહેલી તે પહેલી 'ના મૂડ' માં ચાલી જતી હતી. મનમાં વિમાસણ, તર્કવિતર્ક કરતી, વાગોળતી કે પેટના અભ્યંતરમાં ઉતારતી ચૂપચાપ ચાલી જતી હતી.

કોઈ ઉતાવળી, કોઇ ધીમી, કોઈ થાકથી બેસી જતી. પણ દૂર દૂર કબરે જઈ પ્રભુની કબર ઉપર સુગંધી દ્રવ્યો ચઢાવી. હાશ...! અનુભવવાની તતખેવના તો ખરી જ..!

વાડીની કબરનું દૃશ્ય દૂરથી જોઇ..!

"હેં...?"

"કબર ઉઘાડી છે?"

"અરે! ના શું હોય...?"

"જો...તો..ખરી...!"

"પણ...?"

"પણ...શું...?"

"આપણે ભૂલા તો પડ્યાં નથી..?"

"આ...જ...વાડી છે...?"

"અલી...! જરા શાંતિથી જુઓ તો ખરાં...! વિચારી જુઓ."

"અરે! પહેલાં કબર પાસે તો જઈએ..."

"મ..રિ..ય..મ...શું આ..જ કબર છે?"

"ખરેખર...?"

"હા...હા...ખરેખર! આ જ કબર છે. મેં અને આ મરિયમ મગદલ્લાએ બરાબર ધ્યાન રાખ્યું હતું. છેક અહીં સુધી પાછળ પાછળ બીજી બહેનો તમે 'સ્તો..! સાથે આવ્યાં હતાં."

"હા...આરિમથાઈના યૂસફભાઈએ અને નિકોદેમસભાઇએ સુગંધિત દ્રવ્યોથી અભિષિકત કરી આજ કબરમાં મૂકી છે." યાકૂબની મા મરિયમે અને મરિયમ મગદલ્લાએ બીજી સ્ત્રીઓ સાથે ખાત્રીની વાત કહી અને વિશ્વાસપૂર્વક આગળ વધ્યાં.

"તો...ચાલો...!"

"પણ..આ કબર ઉપર સરકારે ભારે જાપ્તો મૂકી ભારેખમ શીલા મૂકી મુદ્રિત કરી હતી. તો આ પથ્થર-શીલા કોણે ખસેડ્યાં?"

"ને આ શીલા ઉપર સફેદ વસ્ત્રધારી...?"

"કોઈ દૂત લાગે છે...! ખેર! એ વાત જવા દો, કબર ઉઘાડી છે. માટે હિંમત રાખી ચાલો અંદર તો જઈએ...!"

"હા...ચાલો...પ્રભુની લાશ તો છેક અંદર છે...!"

બધી જ સ્ત્રીઓ હિંમત એકઠી કરી ભૂતકાળ ઉખેડતાં તથા તેને ભૂલવા પ્રયત્ન કરતાં કબરનાં પગથિયાં ઉતરવા લાગ્યાં.

"અરે! પેલી...જગ્યાએ પ્રભુને મૂક્યા હતા. તો ત્યાં તો પ્રભુની

લાશ નથી." શાલોમીએ ડોકિયું કરી કહ્યું.

"હેં...? લાશ નથી...? અરે..રે..! મારા પ્રભુની લાશ ત્યાં નથી...?" પ્રભુની મા મરિયમે પોક મૂકી.

"બહેન, મરિયમ શાંત થા.., ઉતાવળી ન થા..." યોહાન્નાએ સાંત્વન આપ્યું.

"અરે! જુઓ તો ખરાં, આ એક બાજુ શણનું વાળેલું લૂગડું તથા માથે બાંધેલો રૂમાલ પણ વાળીને બીજી એક બાજુ કેવો વ્યવસ્થિત મૂક્યો છે...?" ફરીથી હિંમતવાન શાલોમીએ છેક અંદર જઈને સાચી પરિસ્થિતિ પ્રત્યે જાણ કરી.

"અને...? બહેનો...અંદર તો જુઓ...બે પુરુષો છે!"

"સિપાઈઓ છે કે શું..?"

"ના..ના.., જુઓ તો ખરાં..., સફેદ વસ્ત્રધારી સફેદ જામા પહેરેલ છે. પૂરા તેજસ્વી ઓજસવાળા છે. તે એક ઓશીકે અને બીજો પાંગોતે બેઠેલ છે." યોહાન્નાએ પણ થોડી હિંમત કરી બરાબર જોયું અને આ અલૌકિકતા પ્રત્યે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"બહેનો...આ...તો દૂતો છે. જે બહાર પણ આપણે જોયો હતો!" પ્રભુની મા મરિયમે પોતાની જાત પર કાબૂ મેળવી ભૂતકાળમાં જોયેલ દૂતની યાદદાસ્ત લાવતાં પરિચય આપ્યો.

"હા...અમે પરાત્પર દેવના દૂતો છીએ. તમો આવો, બહેનો આવો, રડો નહિ બીહો..મા...! તમો વધસ્તંભે જડાએલા ઈસુને શોધો છો..?" મુખ્ય ગણાતા દૂતે પૂછ્યું.

"હા...ભાઈઓ, અમે તેને શોધીએ છીએ...તે ક્યાં છે!"

"હા...તે ક્યાં છે..?"

"અમારે આ સુગંધી દ્રવ્યોથી તેને નવાજવો છે..!"

"હા...અમારે તેને જોવો છે...!"

બહેનોએ વારાફરતી પોતાની ઇંતેજારી દર્શાવી.

"બહેનો, તે હવે અહીં નથી. તે ઊઠ્યો છે"

"હા...જુઓ તે આ જગ્યાએ જ મૂકેલ હતો. તે હવે અહીં નથી."

"માટે હવે તમો જાઓ, નિરાશ ન થશો. તે ઊઠ્યો છે તે શિષ્યોને અને બીજાઓને જઈને કહો. જુઓ, તે તમારી અગાઉ ગાલીલમાં ગયો છે." બીજા દૂતે સત્ય બાબત જણાવી બધી બહેનોને શહેરમાં જવા આગ્રહ કર્યો.

"હેં...!"

"તે અહીં નથી..?"

"મારો પ્રભુ ઊઠ્યો છે...!"

"પ્રભુ જીવતો થયો છે..?"

"એ કેવી રીતે...?"

સ્ત્રીઓએ ઉપરાઉપરી પ્રશ્નોની ઝડી વરસાવી. "હા...પ્રભુ ઊઠ્યો છે. તમો કેમ ભૂલી ગયાં...? તેણે પોતે જ કહ્યું હતું. તેનું પોતાનું જ અભયવચન હતું. અને અગાઉનું ભવિષ્યવચન પણ યાદ કરો: પાપી માણસના હાથમાં માણસનો દીકરો પરસ્વાધીન કરાય, તથા વધસ્તંભે જડાય, તથા ત્રીજે દહાડે પાછો ઊઠે એ અવશ્યનું છે. એ શું ભૂલી ગયાં...?" દૂતે ભૂતકાળની વાત યાદ દેવડાવી.

"એ વાત કહી હતી ખરી...!"

"હા...એવું કહ્યું હતું તે આજે સાચું પડ્યું!"

"મારો પ્રભુ ઊઠ્યો છે, કબરમાં નથી."

"ચાલો. શહેરમાં, આપણે આ આનંદની સાચી વાત બીજાઓને જઈને કહીએ." યોહાન્નાએ સૌના હર્ષાવેશને પ્રોત્સાહન આપી શહેર તરફ પાછા વળવા અનુરોધ કર્યો. અને સૌ કબરમાંથી પાછી બહાર નીકળી દોડી.

આગળ યોહાન્ના, પાછળ શાલોમી, યાકૂબની મા મરિયમ, પ્રભુની મા મરિયમ, બીજી સ્ત્રીઓ શહેર તરફ આનંદ કરતી નાચતી કૂદતી, દોડતી, હરખાતી, "પ્રભુના નામને જય હો...!" ના પોકાર કરતી રસ્તામાં જે કોઈ મળે તેઓને :"પ્રભુ ઊઠ્યો છે." ના સમાચાર આપતી દોડ્યા જ કરતી હતી.

નથી થાક, નથી નિરાશા, નથી હતાશા, નથી ચિંતા, નથી તર્કવિતર્ક, નથી ઉદ્વેગ, નથી શંકા કુશંકા પણ અનુપમ આનંદ.

ચાલતાં, દોડતાં ક્યાંક ઊભાં રહેતાં. સમય પસાર કરતાં ને વળી દોડતાં. ત્યાં પાછળથી પિતર અને યોહાન પણ સાથે થઈ ગયાં. તેઓ પણ કબરે જઈ આ જ બાબત જાણીને આવ્યા હતા. તેથી રસ્તામાં બહેનો સાથે તેઓ પણ વાતને ટેકો આપતાં.

"હા...અમે પણ વાડીની કબરે જઈ આવ્યા. કબર ઉઘાડી છે. અને પ્રભુ ઊઠ્યો છે તે નક્કી છે."

"તો તમો બન્નેએ પ્રભુને જોયા...?" શાલોમીએ પૂછ્યું.

"તમે પ્રભુનાં દર્શન કર્યાં...?" યોહાન્નાએ પણ પૂછ્યું.

"ના...ના..તમે જે જાણ્યું...જોયું, સાંભળ્યું કે અનુભવ્યું તે જ અમે જાણ્યું. દૂતે પ્રભુના ઉત્થાનની વાત કરી. તેથી અમો પણ આનંદ કરતા, નાચતા, કૂદતા તમારી પાછળ દોડતા આવ્યા છીએ." પિતરે સ્પષ્ટતા કરી.

"અને એ જ વાત અમે આ તમારા મુખે પણ સાંભળી." યોહાને પણ દોહરાવ્યું.

"હા...પ્રભુ ઊઠ્યો છે. અને તે ગાલીલ શહેરમાં આવ્યો છે. તે હકીકત છે." પિતરે ફરીથી લોકો સમક્ષ સત્યતા જાહેર કરી.

"અરે! આપણી બહેન મરિયમ મગદલ્લા અને પ્રભુની મા મરિયમ ક્યાં ગયાં?"

"અરે! તેઓ તો બહુ ઉતાવળિયાં...ક્યાંક...?"

"અરે! અમો તો અહીં છીએ આ ટોળાની વચ્ચે. તમારી બધી વાતો સાંભળીએ છીએ. પણ તમો સાવ અધૂરી વાત કરો છો?"

"હેં...અમારી વાત અધૂરી છે?"

"શું અમારી વાત ખોટી છે...?"

"ના...ના...અમે જૂઠું બોલતાં નથી."

આમ બહેનો અને બે શિષ્યો પોતાની ભોંઠપ દૂર કરવા મરિયમ મગદલ્લાને પૂછવા લાગ્યાં.

"ના...તમો જૂઠાં અને ખોટાં છો એમ કહેવાનો મારો ઈરાદો નથી. માટે સૌ શાંત રહો. પણ મને જે વધારે ખાત્રી થઈ છે તે જુદી છે."

"અમારાથી પણ વધારે...?"

"શું તમે પ્રભુને જોયાં...?"

"હા...મેં પ્રભુને જીવતા કબરમાંથી ઊઠેલા જોયા. મેં પોતે મારી સગી આંખોએ જોયા છે." મરિયમ મગદલ્લાએ ધડાકો કર્યો.

"ક્યાં...?"

"ક્યારે...?"

"કેવી રીતે...?"

"કેવા છે...?"

"હવે તે ક્યાં છે...?"

સૌએ ખૂબ જ ઇંતેજારીપૂર્વક પૂછવા માડ્યું.

"સૌ શાંત થાઓ. હું તમને એ જ કહું છું. પ્રભુએ પોતે જ મને સદેહે દર્શન દીધાં છે. વહેલી સવારે તમારી સાથે હું પણ હતી. પરંતુ હું આમેય ખૂબ જ ઉતાવળિયાપણ તેથી તમારાથી હું દોડીને વહેલી આગળ ગઈ હતી. એકલી હતી. તેથી થોડી ગભરાઈ પણ હિંમત કરી આગળ વધી. પથ્થર ગબડેલો જોયો. છેક કબર પાસે ગઈ...અને...?"

"તમે પ્રભુને ઊભેલા જોયા...?"

"કબરમાંથી નીકળતા જોયાં...?"

"અરે...! અમેય તારી સાથે હોત તો..?"

"ના, ત્યારે મેં પ્રભુને જોયા નહીં. પરંતુ કબર ઉઘાડી જોઈ હું ગભરાઈ બીધી. એટલે હું તરત જ પાંછી વળી. અને શહેર તરફ વાડીના ટૂંકે રસ્તે વળી.

"ત્યાં હું ને ભાઈ યોહાન મળ્યા. કેમ ખરું ને...?"પિતરે પૂછ્યું.

"અને તમે જે વાત કરી તે સાંભળી અમે બન્ને દોડ્યા. તેમાંય હું તો એવો ઉતાવળિયો દોડ્યો કે ભાઈ પિતર પહેલાં કબરમાં પહોંચી ગયો. કેમ ખરું ને? પિતરભાઇ...?" યોહાને પોતાની ઉતાવળ જાહેર કરી. "પણ ખાત્રી થતાં પાછા વળ્યાં શહેર તરફ."

"પણ...? તમે શહેરમાં ગયાં...? કે ગાલીલમાં તમારા ગામમાં ગયાં...?" પિતરે મરિયમ મગદલ્લાને પૂછ્યું.

"ના, ભાઈ પિતર, ભાઈ યોહાન, અને બહેનો સાંભળો. આ બન્ને ભાઈઓ તો તેઓએ કહ્યું તેમ આગળ દોડ્યા. ને પાછા શહેરમાં પણ મારી આગળ આવ્યા, બરાબર ને...?

"હા...બરાબર! પણ અમે..તો...?"

"હા...તમે જાણો છો તેથી વિશેષ મને અનુભવ ફરી પાછળ રહી એટલે થયો."

"કયો...? કેવો...? જલદી કહે ને...?" મરિયમ જે પ્રભુનાં મા હતાં તેમણે ખૂબ જ ઇંતેજારી દર્શાવી.

"અરે! તમે હવે વચ્ચે બોલશો નહીં. સાંભળો...હા...હવે હું વાડીમાં જ હતી. પણ...મેં વિચાર્યું કે એ કબરમાં તો ગઈ નહીં. બહારથી જ પાછી વળી તેથી મને મારી જાત ઉપર અફસોસ થયો. પસ્તાવો થયો. ખરેખર મારે કબરમાં જઈ પ્રભુની લાશ અંગે ખાત્રી કરવી જોઈએ! હું મન મજબૂત કરી ફરી પાછી વળી....થાકેલી, હાંફેલી, બીધેલી, ધીરે ધીરે પણ કબર પાસે ગઈ...એકલી...તમને કોઈને મેં ત્યાં જોયાં નહીં." એક શ્વાસે મરિયમ મગદલ્લાએ લાંબી વાર્તા વાત શરૂ કરી.

"પછી...શું થયું...?" ફરી પ્રભુની માએ ઇંતેજારી દર્શાવી.

"પછી હું તો ગભરાતી ગભરાતી કબરમાં ડોકિયાં કરતી તથા વાડીમાં આમ તેમ ડાફેરો મારવા લાગી. હાવરીબાવરી બની ગઈ. અંદર જઉં કે નહીં? તેની મૂંઝવણમાં ધ્રૂજતી ઊભી રહી. અને સ્ત્રી સ્વભાવ તો ખરો ને..? ભય અને પ્રભુની ઓછપની લાગણીથી રડવા લાગી."

"તું કેમ રડે છે...?" મને રડતી જોઈ દૂતે પૂછ્યું.

"તેઓએ મારા પ્રભુને ક્યાં મૂક્યો છે..? ને હવે તેને ક્યાં લઈ ગયા છે...? તેથી હું રડું છું! મેં દૂતને રડમસ્ અવાજે પ્રત્યુત્તર આપ્યો. ને હું તેને શોધું છું. એમ કહી શોધતી તેના કોઈ જવાબની રાહ જોયા વગર તરત જ પાછી વળી."

"ને તને પ્રભુ મળ્યા...?" યોહાન્નાએ પૂછ્યું.

"ત્યાં પ્રભુ ઈસુને તેં જોયા...?" યાકૂબની માએ પણ પૂછ્યું.

"ના.., એમ સીધી રીતે તો મેં એકદમ પ્રભુને તરત તો જોયા નહીં. પરંતુ કોઈક મારી પાછળ આવે છે તે મેં અછડતે જોયું. જે પુરુષ જેવા લાગ્યાં. એટલે મેં વિચાર્યું કે તે આ વાડીનો માળી હશે. તેથી હૃદયના ધબકારા ઓછા થયાં. હિંમત આવી. અને પાછળ જોયા વગર જ મેં પ્રશ્ન કર્યો કે : "સાહેબ, જો તેં તેને અહીંથી ઊઠાવી લીધો હોય તો તેને તેં ક્યાં મૂક્યો છે તે મને કહે એટલે હું તેને લઈ જઈશ." કહી પ્રત્યુત્તરની રાહ જોવા લાગી. મરિયમ મગદલ્લાએ પોતાની વાતમાં વધુ રસ પેદા કરી અટકી.

"તો એ માળીએ તને શું કહ્યું...?" શાલોમીએ પૂછ્યું.

"અરે...! એ માળી જણાતા પુરુષે તો મને મરિયમ કહી મને સામે બોલાવી. હું વિચારમાં પડી ગઈ. અને પાછળ ફરી તેની સામે અનિમેષ

નજરે જોઈ જ રહી. અજાયબ રીતે હું જોઈ જ રહી. એ તો પ્રભુ પોતે જ હતા. સ્પષ્ટ ઓળખી શકી! તે માળી ન હતા. એની પૂરી ખાત્રી થતાં હું તો હર્ષાવેશમાં તેમને પ્રભુને ભેટવા ગઈ. ગુરુજી રાબ્બોની કહીને 'સ્તો...પણ...?"

"પણ...શું...? તે અલોપ...?" પ્રભુની માએ આશ્ચર્યમાં પડી પૂછયું.

"ના...પ્રભુ એ વખતે તો અલોપ ન થયા. પણ મને સ્પર્શ કરવા ન દીધો. તેમ કરતાં મને અટકાવી. અને તેમની દિવ્યવાણીમાં મને કહ્યું. મરિયમ હજુ હું બાપની પાસે ચઢી ગયો નથી. માટે મને સ્પર્શ ન કર. પણ જા, શહેરમાં ભાઈઓને અને બહેનોને કહે કે જે મારો બાપ તથા તમારો બાપ અને મારો તથા તમારો દેવ તેની પાસે હું ચઢી જાઉં...તે જઈને તું તેઓને કહે." મરિયમ મગદલ્લાએ આખી વાત પૂરી કરી પ્રભુ મળ્યાનો હર્ષ જાહેર કર્યો.

"હેં...? તેં નજરોનજર જોયા..?"

"તેં...પોતે વાત કરી...?

"તેં...તેમની વાત સાંભળી..!"

બહેનોએ આશ્ચર્યસહ પ્રશ્નો પૂછી આનંદ કર્યો.

"હા...પ્રભુ મને મળ્યા છે. મેં તેમની સાથે વાત કરી છે. પ્રભુએ મારી સાથે વાત કરી છે. તે સત્ય છે."

"પણ અમે તો કેવળ ખાલી કબર, દૂતો, કપડાં વગેરે જોયું તે વાતો અહીં આવીને કરતાં હતાં..."

"હા...હું પણ પછી તો દોડતી આવી પહોંચી પણ તમો જે વાત

કરતાં હતાં તે શાંતિથી સાંભળતી હતી, કે તમોને પણ મારા જેવો અનુભવ થયો કે કેમ...?"

"ના...અમે પ્રભુને જોયો ન હતો...પણ દૂતે કહ્યું હતું તેટલું જ કહેતાં હતાં..!"

"માટે જ....તમે મને જેવી યાદ કરી તેવી જ હું તમારી પાસે આવી. અને આપણી વાતચીતમાં જે સત્ય હતું જે મેં જાણ્યું, જોયું અને અનુભવ્યું. તે સ્પષ્ટ કહ્યું છે. હા..ખરેખર! પ્રભુ ઊઠ્યા છે. તેમનું વચન તેમણે પાળ્યું છે." મરિયમ મગદલ્લાએ વાતનું પૂર્ણવિરામ મૂકી આગળ બીજાઓને કહેવા સૌને સંકેત કર્યો.

"હા...ખરેખર! પ્રભુએ કહ્યું જ હતું કે : હું ત્રીજે દિવસે કબરમાંથી ઊઠીશ. ને એમ જ આજે ત્રીજો દિવસ થયો માટે પ્રભુએ પોતાની કહેલી વાત સાબિત કરી. પ્રભુ સત્ય છે. તે જીવતા છે. તે નિર્વિવાદ છે." પિતરે પણ સૌની વચ્ચે પ્રભુ ઈસુના વચનની સાર્થકતા જાહેર કરી આનંદ કર્યો.

"હા...પ્રભુ ઊઠ્યા છે. તેની હું સાક્ષી છું."

"અરે! આ તો નવાઈ કહેવાય! તે પોતે અગાઉ બોલ્યા અને પૂર્ણ પણ થયું!"

"કોઈ માણસ મૃત્યુ પામે પણ જીવતો ઊઠે ખરો...?"

"તે પણ પોતાની મેળે...?"

"ઈસુ પણ માણસ તો હતા જ...!"

"છતાં તે જીવતા ઊઠ્યા છે. મરણ પામ્યા હતા પણ તેને જીતી સદેહે ઊઠ્યા છે તે હકીકત છે."

"તો એ માણસ હતો કે પછી..?"

"અરે...! તે માણસ તો હતો જ..! તેને ભૂખ, તરસ, દુ:ખ, આનંદ, શોક, વગેરે લાગણીઓનો અનુભવ થતો હતો."

"હા, ખરેખર માણસ હતો!"

"તો એ માણસ હતો. કે તે મૃત્યુ પામ્યો છતાં તેના કહ્યા પ્રમાણે ત્રીજે દિવસે ઊઠ્યો ને જીવતો થયો!"

વાચક મિત્રો, દ્વિધામાં ન રહો. તે માણસ હતો છતાં તેણે મરણ ઉપર વિજય મેળવી ઉત્થાન થઈ જીવંત છે. તે બીજા માનવીઓની જેમ હવે કબરમાં નથી. હવે તે ગાલીલ, યરુશાલેમ, પેલેસ્ટાઇન એકલા વિસ્તારમાં જ નથી. પણ સમગ્ર વિસ્તાર અમેરિકા, ભારત વગેરે સ્થળોએ હાજર છે. તે સૌને પાપના મૃત્યુમાંથી ઉત્થાન કરે છે. અને અનંતજીવન આપે છે. તે તરેહ તરેહનો માણસ છતાં ખરેખર દેવ-દેવપુત્ર છે. તે પુનરુત્થાન પામેલ છે.

(માથ્થી : માર્ક : લૂક : યોહાનના છેલ્લા અધ્યાયો)

# ૧૭

# "એ તો પ્રભુ છે!"

વહેલી સવાર હતી. પોહ ફાટ્યો હતો. સૂર્યોદય થવાની થોડીવાર હતી. પંખીઓ કલરવ કરતાં હતાં. દૂર દૂર સીમાડાનાં પ્રાણીઓનો અવાજ બંધ થઈ ગયો હતો. રાત્રિના અંધારાના ઓળા દૂર થયાં. સમુદ્ર પણ શાંત હતો. પાણીનાં મોજાંનો અવાજ આવતો હતો.

થાક્યાં, પાક્યાં હોડીવાળાઓ પોતપોતાની હોડીમાં હવે આરામ લઈ રહ્યા હતાં. કોઇ ઘસઘસાટ ઊંઘતા હતાં. કોઈ થાકને કારણે પથારી ઉપર અર્ધનિંદ્રામાં પડ્યાં હતાં. તો કોઈ હોડીની દેખભાળ કરતાં કરતાં ક્યાંક ક્યાંક ઊંઘના ઝોકાં ખાઈ લેતું.

સૌ નિરાશ, હતાશ અને ચિંતાગ્રસ્ત! આખી રાત મહેનત કરી, સમુદ્ર ખૂંદી વળ્યા, જાળો નાખી માછલાં પકડવા ભારે મથામણ કરી પણ કંઈ જ હાથ લાગ્યું ન હતું.

ફોગટ હવાતિયાં, નકામી મથામણ ને નિરાશા...!

રાતનો ઉજાગરો, મહેનત અને કામનો થાક...!

ઊંડી આશામાં ભારે નિરાશા....!

બેચેન અને નિસ્તેજ...!

અફસોસ અને દિલગીર...!

નિર્ગત અને અસ્વસ્થ...!

અકળામણ, કળતર અને અશક્તિ...!

બસ...! સવાર થાય અને હવે ઘેર પાછા જઈ થાક, ઊંઘ, ઉજાગરા, અને અસ્વસ્થતાને પૂરો આરામ આપી, ખાઈ પીને પૂરા સ્વસ્થ તથા પ્રફૂલ્લિત થવાના મનોબળમાં રાચતા શિષ્યોએ સમુદ્ર કિનારે અચાનક એક વ્યક્તિને જોઈએ.

"એ કોણ હશે...?" કોઈ જાણી ઓળખી શક્યા નહીં.

"પણ...?" પ્રશ્ન થતાં જ એ અજાણી વ્યક્તિએ જ "છોકરાંઓ તમારી પાસે કાંઈ ખાવાનું છે?" પ્રશ્ન કર્યો.

"ના...નથી...!" એક શિષ્યએ ટૂંકોટચ ઉત્તર આપી દીધો. અને ખાસ કંઈ લક્ષ કોઈએ ન આપ્યું.

"આપણે શું...?" જેવી બેદરકારી વહેલી સવારમાં જ હોય એ સ્વાભાવિક છે. ને પાછા બધા બેધ્યાન થઈ નજર સુધ્ધાં પણ ન કરતાં ફરી ન કરી.

ત્યાં તો ફરીથી પેલી અજાણી વ્યક્તિએ સત્તાવાહી અવાજમાં : "તમારી જાળો લો. અને હોડીની જમણી ગમ નાખો!" હોડીવાળાઓને અનુરોધ કર્યો.

"અરે! આખી રાત સમુદ્ર ફેંદી વળ્યા. ડહોળી નાખ્યો. જાળો નાખી નાખી બાવડાં પણ થાક્યાં. હવે એ અજાણી વ્યક્તિ કહે તેમ કેવળ જમણી બાજુ જ જાળો નાખવાનો શો અર્થ?"

શિષ્યો વિચારમાં પડી ગયા. શંકાકુશંકાઓને દૂર કરી. અને પેલી અણઓળખી વ્યક્તિના કથન પ્રમાણે કર્યું.

અને...?

અધધ...ધ..ધ...! અ..હા..હા..હા...!

કેટલી બધી માછલી...?

જાળો ફાટી જાય એટલી બધી..!

ખેંચી ન શકાય એટલી બધી!

"અલ્યા, ભાઈઓ...બીજા મિત્રોને બોલાવો...! મદદ કરાવે...!"

"આ તો ખરું કહેવાય...!"

"પણ..., એ આપણે ઓળખી ન શક્યાં એ કોણ છે? તેના કહેવાથી અને તેની આજ્ઞા માનવાથી આપણને આટલી બધી માછલી મળી. જાળ ભરાઈને...!"

"અલ્યા, જુઓ તો ખરા...! આ નાની અને મોટી માછલી કેટલી હશે...? ગણી તો જુઓ...?"

"અરે...! આ બધી માછલી ગણી ૧૫૩ થઇ...!"

"તો એ વ્યક્તિ કોણ છે? જરા જુઓ તો ખરા...! બસ! આપણે તો તેની સામેય જોવાની કે ઓળખવાનીય દરકાર પણ કરી નથી. હજુ એ દૂર સમુદ્રને કિનારે છે કે નહિ?" ઉતાવળીયા પિતરે તે વ્યક્તિને જોવા ઇંતેજારી બતાવી.

"હા...છે લ્યા...? તે વ્યક્તિ હજુ પણ ઊભી જ છે. અને મેં તો ધારી ધારીને જોયું તો તે આપણી પરિચિત વ્યક્તિ લાગે છે. આપણી જાણીતી હોય એમ લાગે છે. જુઓ તો ખરા જરા ધારી ધારી...!" યોહાને ખાત્રી કરવા જણાવ્યું.

"એ...કોણ..છે..?"

"અલ્યા.., પિતર ડગલો પહેર...ડગલો..! તું ઉઘાડો છે.

"પણ છે કોણ...? અહીં શું વાંધો...?"

"અરે...! ભાઈ પિતર...એ વ્યક્તિ નાની સૂની નથી. એ જેવી તેવી નથી જણાતી. એ મોટી અને આદરણિય છે."

"હે..?..મોટી વ્યક્તિ છે..?"

"હા...હા...જરા જોતો ખરો...એ....!"

"ભાઈ, મને તો આંખમાં ઉજાગરો હોઈ બરાબર દૂર દૂર જોઈ શકાતું નથી."

"હું પણ ઊંઘમાં જ છું. બગાસા આવે છે. માટે મને તો સ્પષ્ટ દેખાતું નથી. માટે તું જ કહે તે કોણ છે?"

"પિતર અને ભાઈઓ.., બરાબર ધારીને જુઓ... એ...તો...આપણો પ્રભુ છે.. ગુરુ છે." આંગળી ચીંધી યોહાને સ્પષ્ટતા કરી.

"હે..?" પિતર ઝબક્યો.

"હા..લ્યા.., ભાઈઓ, એ જ લાગે છે." એક સૂર પૂર્યો.

"એ..જ છે..! એ જ પ્રભુ છે...!"

"અલ્યા મારો ડગલો ક્યાં...? હું ઉઘાડો છું. મારા પ્રભુ આગળ ઉઘાડા ન જવાય, ન ફરાય." પિતર ડગલો શોધી કાઢી પહેરે છે. અને પ્રભુને મળવા જવા સમુદ્રમાં કૂદી પડી લાગલો તરતો જાય છે.

"હા...એ...તો...પ્રભુ છે!"

"અલ્યા, ગજબનું કહેવાય..! જમણી તરફ જ જાળો નાખો.

ભરપૂર માછલીઓ...! માછલીઓથી જાળો પણ ફાટી જાય."

"ભાઈઓ, ચાલો કિનારે, હજુ આપણે બસો હાથ પાણીમાં હોડી હંકારી જવાનું છે. અને પિતર તો સમુદ્રમાં જ તરતો વહેલો વહેલો જતો રહ્યો. કેટલી બધી લગની....! તાલાવેલી..! મળવા 'સ્તો..! બહુ ઉતાવળિયો અને અધીરિયો..."

"મારા ભાઈઓ, ચાલો હંકારો હોડી.."

"હૈસા...હૈસા...!"

"મારા પ્રભુ અને મારા ગુરુજી!" રટતો પિતર છેક પ્રભુની પાસે પહોંચી પણ ગયો.

બીજા અન્ય શિષ્યો પણ માછલીઓથી ભરેલી જાળ લઈને ખેંચતા ખેંચતા હોડીમાં સમેટી ચાલ્યા આવે છે.

કિનારે કોયલાનો દેવતા સળગાવી તેના ઉપર માછલી અને રોટલી જોઈને સૌ આશ્ચર્યમાં પડી ગયા.

પેલી અજાણી વ્યક્તિ.....એ તો પ્રભુ ઈસુ પોતે જ હતાં. જે ત્યાં હાજર છે. બધા તેમને જોઈ હર્ષાવેશમાં આવી આનંદથી નાચે છે. આનંદવિભોર છે.

બે પ્રકારનો આનંદ છે.

અરે...! ત્રણ પ્રકારનો આનંદ છે.

ચાર પ્રકારનો કહો તોય ખોટું નથી.

સૌ પ્રથમ : જમણી બાજુએથી જ માછલાઓ મળી. પુષ્કળ, નાની મોટી મળી ૧૫૩ માછલીઓ. બીજો આનંદ : તે વ્યક્તિ પ્રભુ ઈસુ

જ છે તે જોઈને. ત્રીજો આનંદ અને કિનારે કોયલા સળગાવી તેની ઉપર માછલી અને રોટલી શેકેલાં તૈયાર ખોરાક જોઈને ખુશખુશાલ..

વળી પ્રભુએ નવી પકડેલી માછલીમાંથી એક માછલી માગી. તેને તથા રોટલીને પ્રભુએ આપ્યાં. બધાએ ખાધાં. તૃપ્ત થયા ને આખી રાતનો થાક તથા મહેનતનું મળેલું ફળ જોઈને સૌ સંતુષ્ટ થયાં. સૌનો થાક, ઉજાગરો ક્યાંય દૂર...!

નવું મન, નવું બળ, નવું જોમ, નવી શક્તિ, પ્રભુ સાક્ષાત તથા ચક્ષુસમક્ષ દર્શનનો અનહદ આનંદ!

"અલ્યા, પ્રભુ તો મૃત્યુ પામેલા છે."

"તે તો કબરમાં છે."

"તેમને યહૂદીઓએ મારી નાખ્યાં છે."

"તેમને ગેથસેમાની વાડીમાં મૂક્યાં છે."

"અરે! ત્યારબાદ મરિયમ મગદલ્લાએ તથા બીજાઓએ જોયાં છે. આપણે પણ...!"

"હા..હા..એ તો સાક્ષાત્કાર દેખાયેલ છે."

"ને...? આજે ફરીથી આપણી આંખોથી, સાક્ષાત્કાર નજરોનજર જોઇએ છીએ."

"હા...આ...પ્રભુ છે. તે નિર્વિવાદ છે!" પિતર આનંદવિભોર થતાં કૂદતો બોલી ઊઠે છે.

"ના...ના..એ હવે સામાન્ય વ્યક્તિ નથી. તે હકીકત છે. આપણને આ ત્રીજી વખત દર્શન દે છે."

"હા...તે દેવપુત્ર..જીવંત પ્રભુ છે. તે ચોક્કસ છે."

આમ, પ્રભુ ઈસુના આ દર્શનથી શિષ્યો ખુશ થતાં તેઓ તેના વિષે ફરી એક વાર પોતાના હૃદય ઉદ્દ્ગારો કાઢે છે.

"અલ્યા મિત્રો, આ જ આપણા ગુરુનો બીજો એક પ્રસંગ તમને યાદ આવે છે." યોહાને વાતમાં વધારો કર્યો.

"કયો...?" એક શિષ્યે પ્રશ્ન કર્યો.

"કેમ...?આપણે સૌ સાથે હતા, આપણા આ ગુરુ ઉપદેશ આપતા હતાં. ત્યારે એક દિવસે પ્રભુ પોતે આપણી હોડીમાં હતા. ત્યારે તેમણે આજ પ્રમાણે કહ્યું હતું. ઊંડા પાણીમાં તમારી જાળો નાખો." ને આપણે તેમની આજ્ઞા માની જાળ નાખી. અને પુષ્કળ માછલીઓ, જાળ ફાટી જાય એટલી બધી પકડી શક્યા. અને એ માટે બીજા મિત્રોની મદદ લેવી પડી તે શું યાદ નથી...?" સીમોન પિતરે પ્રસંગ વાગોળ્યો.

"હા..ખરેખર...! આજની જેમ જ બન્યું હતું. તે યાદ આવ્યું. થાક્યાં, ભૂખ્યાં હતાં છતાં પ્રભુએ આજ રીતે આપણને આનંદમાં અને ફળ-માછલી પ્રાપ્ત કરેલા કર્યા હતાં."

"ને..આજે..? માછલીઓ ઉપરાંત સમુદ્રના કાંઠે કોયલાનો દેવતા કરી તેની ઉપર માછલી રોટલી શેકી આપણી દૈહિક ભૂખ પણ મટાડી. મૃત્યુ પછી ત્રીજું દર્શન દઈ સત્યતાની સાબિતી પુરવાર કરી. કેમ ખરુંને...?" યોહાને સંતોષ વ્યક્ત કર્યો.

"અને...? ભાઈ યોહાન તને યાદ છે! આજ સમુદ્રને કાંઠે આપણે જાળો ધોતાં હતાં.... ને આજનો આપણો પ્રભુ ત્યારે નવો સવો આવ્યો, મારી હોડીમાં બેઠો. થોડે દૂર સુધી હંકાર્યા પછી તેણે ઉપદેશ આપ્યો. અને

આપ્યો. અને પછીથી જ આપણને ઊંડા પાણીમાં જાળો નાખવાનું કહ્યું. અને આખી રાત મહેનત કર્યા છતાં કાંઈ જ પામ્યા ન હતાં. તે વખતે ખૂબ માછલી મળી મેં તને મદદમાં બોલાવ્યો. કેમ યાદ છે કે નહિ..?" પિતરે ભૂતકાળ ઉવેખ્યો.

"હા...કેમ નહીં. આપણે તો આમેય માછીમારો સમુદ્રના ખૂંદનારા ત્યારે પણ આજ સમુદ્ર જે ગાલીલનો સમુદ્ર, અથવા ગેન્નેસારેત કે તીબેરીઅસ નામે જાણીએ છીએ માટે હા...આ જ જગ્યાએ પ્રભુના ઉપદેશની શરૂઆત, માછલાંની પકડ, ફરી આજે એ જ પ્રસંગ, પુનરુત્થાન પછીનું ત્રીજું દર્શન, તથા દૈહિક ખોરાક. કેવું ગજબનું ? શરૂઆત પણ આજ સ્થળે, અને પ્રસંગ, દર્શન પણ આજ સ્થળે અને પ્રસંગ...!" યોહાને ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે જોગાનુંજોગ સાબિત કર્યો.

ભૂતકાળની સાબિતીઓ અને સત્યતાઓનો યોગ બેસાડનાર પણ ઈશ્વર જ હોય. જ્યારે આપણો પ્રભુ ઈસુ એ એક માણસ હતો. ત્યારે શરૂઆતમાં અને આજે પણ અદ્‌ભુત કાર્ય કરે છે. એ આપણા જેવો માણસ હતો. અને આજે પણ છે. તો એ શી તરેહનો માણસ છે? તે સમજાતું નથી.

મિત્રો, હા..એ તરેહ તરેહનો માણસ છે. ને પ્રભુ પણ છે. શું આપણે નિર્ગત છીએ..? નિરાશ, હતાશ, ભૂખ્યાં, ઊંઘ-ઉજાગરાવાળા અશક્ત છીએ? થાક્યા અને કંઈ પામ્યાં વગરના છીએ...? દૂર દૂર કોઈ વ્યક્તિ છે. તેને ઓળખવામાં આ જગતની કોઈ બાબતો આડે આવે છે...?

તેની આજ્ઞાઓ પાળી તેની ઉપર પૂર્ણ વિશ્વાસ છે? તેને ઓળખી

તેનું કહ્યું કરવા તૈયાર છો..?

હા...જરૂર તેને જે અંતઃકરણપૂર્વક ઓળખી, સંગત મેળવી આજ્ઞા પાળે છે. તેને જરૂર દર્શન દઈ પુષ્કળતા આપે છે. તમામ અરજગરજ ભરપૂર કરે છે.

હા...એ તો પ્રભુ છે, એ આપણો-સૌનો પ્રભુ છે. માટે એ જીવંત પ્રભુને ઓળખો. અને અનુભવ કરો કે એ માણસ પ્રભુ છે...? હા..તે દુઃખ દર્દ, ભૂખ તરસ, ચિંતા, ઉદ્વેગ, થાક, ઊંઘ, ઉજાગરો, નિરાશા, મુશ્કેલી, અશક્તિ, દૂર કરી વિશ્વાસનાં ફળ જરૂર આપે છે.

આવો, આજે જ તે જીવન સમુદ્રના કાંઠે ઊભો છે તેને જુઓ. અનુભવ કરો તે તૃપ્ત કરશે.

(યોહાન : ૨૧ : ૪ થી ૧૪, લૂક : ૫ : ૧ થી ૧૦)

# ૧૮

# એ શી તરેહનું માણસ છે?

"જબરું કહેવાય...?

"નવાઈની વાત કહેવાય...!"

"ખરેખર...! આ તો અદ્ભુત કહેવાય...!"

"ન મનાય એવી વાત પુરવાર થઈ..!"

"અરે...! આશ્ચર્યજનક તો ખરું જ...!"

"ખરેખર..! તેણે આખરે સાબિત તો કર્યું જ..!"

"હાલ્યા, એ યૂસફનો પુત્ર, મરિયમનો લાડીલો, અને તેનાં ભાઈબહેનોનો પ્યારો, તથા આપણ સૌની સાથે હરતો, ફરતો, ખાતો, દુઃખની લાગણી તે અનુભવતો, જગતિક માણસ તો ખરો જ...!"

"અરે...! સૌ પ્રથમ લગ્ન જમણમાં ગયેલ, ત્યારબાદ મેળામાં, ઘૂમતો, પર્વમાં મંદિરમાં અને બજારમાં જતો તથા જાહેરમાં ગામ કે શહેરમાં ઉપદેશ આપતો. દુઃખ દર્દ મટાડતો, રોગથી મુક્ત કરતો. લંગડાને ચાલતા કરતો, મૂએલાંને સજીવન કરતો, અશુદ્ધ આત્માઓને વશ કરતો નસાડતો, ઉપરાંત નિયમશાસ્ત્રનો જાણકાર શેતાન સાથે મહાયુદ્ધ કરી અજાયબ રીતે જીતનાર જબરો એ તો...!" એક જાણકારે લાંબી સાક્ષી આપી.

"હા...ભાઈ..હા..ભઈલા..! એણે તો સમુદ્રને શાંત કરી માછલીઓ પકડાવનાર!"

"અરે! પેલા જ્ઞાનીઓ-શાસ્ત્રીઓનાં મોં બંધ કરનાર!"

"ને..પેલા ફરોશીઓને જબરી ચીમકી આપનાર!"

"વધસ્તંભનાં દુ:ખો મૂંગે મોંએ સહનાર..!"

"છતાં, સૌને માફી બક્ષનાર...!"

"ને...પછી જાણો છો...? મૃત્યુ પામી ત્રીજે દિવસે સજીવન પામી આજ સુધી ઘણાંને દર્શન દેનાર...!"

"એ તો ગજબનો માણસ છે હોં..!"

આજે જૈતુન પહાડ ઉપર ઈસુ સાથે, શિષ્યોની સાથે હજારો લોકોના ટોળામાંથી આ વાસ્તાવિક અને સત્ય બનાવોની યાદ તાજી કરતા ગુરુ પ્રભુ ઈસુ વિષે નક્કર હકીકતપૂર્ણ સાક્ષીરૂપ ઉદ્ગારો કાઢ્યા. ત્યાં કોઈકે તેના રાજ્ય વિષે પૂછ્યું.

તો...?

"જે કાળ તથા સમય બાપે પોતાના અખત્યારમાં રાખેલ છે. તે જાણવાનું કામ તમારું નથી." કહી પ્રભુ ઈસુએ સ્વર્ગીય બાબત વિષે ધ્યાન દોરી પવિત્ર આત્માના આગમન વિષે રાહ જોવા તથા જગતના સર્વ લોકોને સાક્ષી પ્રગટ કરવા અનુરોધ કરતાં સૌની મધ્યેથી એકદમ...!!...!

"અલ્યા, જુઓ. આપણે શું જોઈ રહ્યા છીએ. ઊંચે આપણને દેખતાં જ સદેહે ઊંચકાયો અને અધ્ધર થયો. ને ધીરે ધીરે ઊંચે ચઢતો જ ગયો છે."

"હા...હા..યાર, નથી દોરડું કે કોઈ તેને ઉપર ખેંચતું હોય..!"

"ને નથી કોઈ જાદુગર કે કોઈ બનાવટ..!"

"સાવ સત્ય હકીકત, નજરોનજર આપણે જોયું."

"તેના બન્ને પહોળા હાથ સફેદ વસ્ત્રધારી...ઝભ્ભાધારી... આત્મિક ઓજસમાં સૌને આશીર્વાદ આપતો, પ્રેમની વૃષ્ટિ કરતો, છેક આકાશમાં ઉપર ચડ્યો. તે છેક વાદળથી ઢંકાએલ સુધી આપણે જોયા જ કર્યું."

"આ તે કૌતુક છે કે સ્વપ્ન...!"

સૌ આશ્ચર્યસહ એકબીજાની સામે જોઈ જ રહ્યાં.

"જાણે...અદૃશ્ય..! કે અલોપ...!?.."

"ને આપણે સૌ વિસ્મય..!"

ત્યાં...?

"આ વળી બીજું શું કૌતુક...: બે ધોળા બગલાની પાંખ જેવા પાંખોવાળા દૂતો...!"

"અલ્યા, તેઓ શું કહે છે..? સાંભળો તો ખરા!"

"હે ગાલીલના માણસો, તમે શું જોઈ રહ્યા છો?"

"તમે જે જોઈ રહ્યા છો તે સત્ય છે. તે ઈસુ જે તમારી સાથે હતો, તેને આજે આકાશમાં સદેહે લઈ લેવામાં આવ્યો છે."

"હા...તમે અત્યારે તેને જેમ જતાં જોયો તેમ જ એક દિવસ પાછો પણ આવશે. આખી પૃથ્વીના લોકો તેને આવતો જોશે. ને તે સર્વનો ન્યાય કરશે."

બન્ને દૂતોએ વારાફરતી પ્રભુ ઈસુના ગમન અને પુનરાગમન વિષે સત્યતા પ્રગટ કરી.

"હે...?"

"તે ગયો છે એવો ને એવો જ માણસ જેવો માણસ સદેહે ફરીથી પાછો આવશે?"

"આ તો ઈસુ ખરો કહેવાય...?"

"અરે! આ માણસ તો ખરો કહેવાય..!"

"હા...ભાઈઓ..હા.., ખરો તો ખરો જ ને...?"

એમ ત્યાં ઊભેલા ગાલીલવાસીઓ પણ એક યા બીજી રીતે આ પ્રભુ ઈસુ વિષે વાસ્તવિકતા કબૂલ્યા વગર તો ન જ રહ્યા. અને એકબીજાના મુખેથી સાક્ષીરૂપ કહી જાહેર કરી જ...! જે તદ્દન હકીકતપૂર્ણ હતી જ.

"ખરેખર...! તે આપણા જેવો માણસ હતો, નહી..?"

"હા...એ આપણા જેવો માણસ હતો છતાં તે તરેહ તરેહનો માણસ છે, એ ચોક્કસ છે."

"હાસ્તો, આજે પણ એ તરેહ તરેહના માણસ તરીકે, દેવપુત્રની ખાત્રીરૂપે, દેવત્વના પૂરા હકદાવાના પ્રતિઘોષરૂપે તરેહ તરેહનો દૃશ્ય થઈ હવે એ સ્વર્ગે સદેહે સ્વર્ગારોહણ કરી ગયો જ છે."

એક ધાર્મિક યાજકે પૂરી ખાત્રી ઉચ્ચારી. "હા...એ જીવતો જાગતો, યહોવા દેવની સાન્નિધ્યમાં જવા આકાશમાં ચડી ગયો છે. ને તે બાપના જમણા હાથે બિરાજવા ગયો છે. તે સત્ય ઘટના આપણે નજરોનજર થઈ છે. તે કહ્યા વગર કેમ રહેવાય...?"

બીજા એક આગળ પડતા ધર્મના આગેવાને નિયમશાસ્ત્રની પૂરવાસ્તા થયેલી પ્રગટ કરી.

"અલ્યા...પેલા દૂતો પણ અલોપ...!"

"ખરેખર! આ સત્ય, વાસ્તવિકતા અને જોયેલી જાણેલી ખાત્રીને જરૂર લોકો સમક્ષ પ્રગટ કરવી જ જોઈએ. શા માટે ચૂપ રહીએ...!"

"અને એ સગી આંખોએ જોયેલું ભૂલાય...?"

"ના ભાઈ..ના, એ કેમ ભૂલાય...? તેણે પોતે પણ તેના શિષ્યોને અનુરોધ કર્યો જ છે. તે પણ સાંભળ્યું છે. તો શું આપણે પણ એ જાત અનુભવ બીજાને કેમ ન કહીએ..?"

આમ ત્યાં ઊભેલા લોકોને પણ આ સત્ય બાબતો અન્યને કહેવા ભાવના ઉદ્‌ભવી તો...

વાચક મિત્રો,

હા...તે તરેહ તરેહનો માણસ ૩૩ વર્ષ આ જગતમાં રહ્યો. જુદી જુદી ઘણી બધી કામગીરી કરી. અને દૈવત્વ પુરવાર કર્યું. અને એમ એ તરેહ તરેહના માણસ તરીકે પણ જીવ્યો. અને લોકોમાં પ્રગટ થયો. તે દેવ, દેવબાપનો પુત્ર, ન્યાય કરનાર ન્યાયાધીશ તરીકે ફરી પાછો આવશે એ પણ એટલું જ ખાત્રીયુક્ત છે.

તેનો અદ્‌ભુત જન્મ થયો અને અનોખું મૃત્યુ પણ થયું. અને બાળપણથી સ્વર્ગારોહણ સુધી અલૌકિક તરીકે જીવન પણ વ્યતિત કર્યું છે. અને તે હવે સદેહ સાક્ષાત્કાર રીતે ફરીથી આ જગનો ન્યાય કરવા આવશે એ પણ નિર્વિવાદ છે.

આમ આખી વાતની ફલશ્રૃતિરૂપ પૂર્ણાહૂતિ કરતાં એક અનોખા માણસ તરીકે જરૂર સ્વીકારી શકીએ છીએ. અને તમામ પ્રસંગો, વાર્તાલાપો, ચર્ચા વિચારો, તથા પ્રભુ ઈસુના ખુદના ઉદ્‌ગારો અંત:કરણથી

ધ્યાનમાં લઈએ અને વિશ્વાસના આવરણને પૂરી રીતે વિકસવા દઈએ. અને એ માણસ છે પ્રશ્નને પ્રત્યુત્તરમાં મૂકી સર્વ બાબતોમાં સ્વયં પ્રભુ ઈસુ જ છે. અને પ્રગટ થઈ મહિમાવંત થઈ આશીર્વાદ આપે જ છે. એ બાબતનો જાત અનુભવ સમગ્ર કુટુંબ મિત્ર મંડળ સહિત કરી તો જુઓ...!

એ શી તરેહનો માણસ છે...? એ પ્રશ્ન હવે પૂછશો નહિ. પણ તમો સૌ જાતે જ અનુભવ કરી જુઓ, અને આ પુસ્તકના અનુસંધાનમાં આગળ એક પ્રત્યુત્તર બની નવા પ્રસંગનો ઉમેરો કરી તમારા જીવનમાં કોઈને કોઈ શાંતિ પ્રાપ્ત કરો..!

હા...એ જ પ્રભુ ઈસુ આપણા સૌને માટે આજે, કાલે અને સદાકાળ એવો ને એવો જ છે.

ઈશ્વર તેની વિવિધ તરેહતામાં આપણને સહાય કરો.

આમેન.

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | .માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨ | .અયૂબ | ૬૦-૦૦ |
| ૩ | .ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૪ | .જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૬૫-૦૦ |
| ૫ | .પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬ | .પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫-૦૦ |
| ૭ | .બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૮ | .પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯ | .ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦ | .ધી રોબ | ૨૦-૦૦ |
| ૧૧ | .પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨ | .અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩ | .સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪ | .અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૧૫ | .યાત્રાકરી | ૨૦-૦૦ |
| ૧૬ | .વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭ | .કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮ | .બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | .કલશોર | ૨૦-૦૦ |
| ૨૦ | .પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૧ | .ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨ | .ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩ | .ટેટસ | ૩૫-૦૦ |
| ૨૪ | .શબ ગુફાનો શહીદ અને ઓરિસ્સાની પ્રજ્વલિત શહાદત | ૧૫-૦૦ |

SCREEN DOT PRINTERS
PH : 079 - 5623781